MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૧-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 લોકડાઉન હળવુ કરવુ ઘાતક બન્યુઃ 3 દિવસમાં ૨૫૦૦૦ કેસો નોંધાયા

6 અશ્વેત વ્યક્તિના મોત બાદ અમેરિકામાં હિંસા, ૨૫ શહેરોમાં કર્ફ્યૂ

9 ગુજરાત પર હિકા વાવાઝોડાનું સંકટ, જખૌ મત્સ્ય બંદરે લેવાયા તકેદારીના પગલાં

12 સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્ ગામ વિરોધ બાબતે હાઈ એલર્ટ : સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયો

કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧.૮૦ લાખને પાર,ત્રણ દિવસમાં ૨૫ હજાર કેસ નોંધાયા

દેશમાં 'કોરોના ઘાત' : એક જ દિવસમાં ૮,૦૦૦થી વધુ કેસથી ફફડાટ

વધુ ૨૦૦ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૫ હજારને પાર,૮૬૯૮૪ લોકો કોરોનાથી મુક્ત થયા,ગુજરાત,મહારાષ્ટ્ર,તમિલનાડુમાં સ્થિતિ ગંભીર

ન્યુ દિલ્હી

ભારતમાં શનિવારે કોરોના વાયરસના કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧.૮૨ લાખને પાર થઈ ગયો, ૧.૫ લાખ કેસ થયાના ત્રણ દિવસ બાદ કુલ આંકડો ૧.૭૫ લાખ પર પહોંચ્યો છે. શનિવારે સૌથી વધુ એક દિવસમાં નોંધાયેલા કેસનો આંકડો ૮૦૦૦ને પાર થઈ ગયો છે. પાછલા ૧૦ દિવસમાં ૭મી વખત સૌથી વધુ નવા કેસ નોંધાયા છે.

દેશમાં કોરોના વાયરસના કારણે મોતને ભેટેલા લોકોનો આંકડો ૫૦૦૦ને પાર થઈ ગયો છે, જેમાં શુક્રવારે ૨૭૦ લોકોના મોત બાદ શનિવારે વધુ ૨૦૦ લોકોના નોંધાયા છે. ભારતમાં કોરોના કેસનો આંકડો ૧,૮૨,૧૪૩ થઈ ગયો છે, જેમાં સરકારી આંકડા મુજબ શનિવારે વધુ ૮,૦૨૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં બીજા નંબરના સૌથી વધુ ૨,૯૪૦ કેસ નોંધાયા છે. ચાર રાજ્યોમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. જે આ પ્રમાણે છે – દિલ્હીમાં ૧,૧૬૩, તામિલનાડુમાં ૯૩૮, ઓડિશામાં ૧૨૦ અને ઝારખંડમાં ૭૧ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં વધુ ૪૧૨ નવા કેસ નોંધાયા છે, પશ્ચિમ બંગાળમાં ૩૧૭, ઉત્તરપ્રદેશમાં ૨૬૨, મધ્યપ્રદેશમાં ૨૪૬, બિહારમાં ૨૦૮, હરિયાણામાં ૨૦૨, કર્ણાટકામાં ૧૪૧, આસામમાં ૧૨૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે, ૪૩૦૦ કરતા વધારે કોરોનાના દર્દીઓને સાજા થયા બાદ હોસ્પિટલમાંથી રજા મળી છે, દેશમાં કુલ ૮૬,૬૬૦ લોકો કોરોના વાયરસને હરાવીને સ્વસ્થ થઈ ગયા છે.

મુંબઈ કોરોના વાયરસનું સૌથી મોટું હોટસ્પોટ બન્યું છે, જ્યાં એક દિવસમાં ૫૪ લોકોના મોત નોંધાયા. શહેરમાં કુલ ૧,૨૨૭ લોકોના મોત થઈ ગયા છે.

શનિવારે ૨,૯૪૦ કેસ નોંધાયા બાદ મહારાષ્ટ્રમાં કોરોના વાયરસનો આંકડો ૬૫,૧૬૮ થયો છે, ૨૨મી મેએ નોંધાયેલા એક દિવસના સોથી વધુ કેસ જેટલો આંકડો શનિવારે વધ્યો છે. જ્યારે ૨૪મી મેના રોજ એક દિવસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૩,૦૪૧ કેસ નોંધાયા હતા.

વધુ ૨૭ મોત સાથે ગુજરાત દેશમાં બીજા નંબરે આવતું રાજ્ય બન્યું છે જ્યાં ૧૦૦૦ કરતા વધારે લોકોના કોરોના વાયરસના કારણે મોત થઈ ગયા છે. ગુજરાતમાં કોરોના વાયરસના કારણે થતા મોતની ટકાવારી ૬.૨% છે.

ગુજરાત ચોથા નંબરનું રાજ્ય બન્યું છે જ્યાં કુલ કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૧૬,૦૦૦ને પાર થઈ ગયો છે. રાજ્યમાં ત્રણ દિવસમાં ૧૦૦૦ કેસ નોંધાયા છે, જ્યારે ચાર દિવસમાં ૧૦૦નાં મોત નોંધાયા છે. ગુજરાતમાં ૨૩મી માર્ચે પહેલું મૃત્યુ નોંધાયા બાદ સરેરાશ લગભગ રોજના ૧૫ લોકોના મોત થઈ રહ્યા છે. પાછલા ૨૪ કલાકનો આંકડો જોઈએ તો અમદાવાદમાં સરેરાશ દર એક કલાકે એક મોત નોંધાયું છે.

આજથી રેલ્વે નવી ૨૦૦ ટ્રેન ચલાવશે: નવા નિયમોનું કરવું પડશે પાલન

ન્યુ દિલ્હી

ભારતીય રેલવે ૧ જૂન એટલે કે સોમવારથી ૨૦૦ નવી ટ્રેન ચલાવી રહ્યું છે. આ ટ્રેનો વર્તમાનમાં ચાલી રહેલી ૧૬ જોડી શ્રમિક સ્પેશિયલ ટ્રેન અને એસી સ્પેશિયલ ટ્રેનોથી અલગ હશે. મહત્વનું છે કે આ ટ્રેનોમાં યાત્રા માટે ૨૧ મેથી જ ટિકિટ બુકિંગ શરૂ થઈ ગયું છે. આ ટ્રેનો માટે યાત્રી હવે ૧૨૦ દિવસ એટલે કે ૪ મહિના પહેલા પણ રિઝર્વેશન કરાવી શકે છે.

પરંતુ ૧ જૂનથી ચાલનારી આ ટ્રેનોમાં સફરને લઈને રેલવેએ યાત્રિકો માટે કેટલિક ગાઈડલાઈન અને નિયમ નક્કી કર્યા છે, જેનું પાલન કરવું ફરજીયાત છે. રેલવે તરફથી જારી નિયમ અને દિશા-નિર્દેશ પહેલાથી ચાલી રહેલી ૧૫ જોડી એટલે કે ૩૦ એસી સ્પેશિયલ ટ્રેનોમાં પણ લાગૂ રહેશે.

ટ્રેનમાં સફર પહેલા રાખો આ વાતોનું ધ્યાન

- બધા યાત્રીકોએ પ્રવેશ દરમિયાન અને પ્રવાસ દરમિયાન ફેસ કવર/માસ્ક પહેરવું ફરજીયાત છે. પોતાના ગંતવ્ય સ્ટેશન પર પહોંચ્યા બાદ યાત્રીકોએ સ્વાસ્થ્ય પ્રોટોકોલનું પાલન કરવું પડશે જે ત્યાંના રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા બનાવવામાં આવ્યા છે.

અનુસંધાન પાના નં. ૬

સૌપ્રથમ વખત ખાનગી રોકેટ બે અમેરિકનને લઈને ઓર્બિટમાં પહોંચ્યું

અમેરિકાએ રચ્યો ઈતિહાસ: નાસાનું હ્યુમન સ્પેસ મિશન SpaceX લોન્ચ

મિશનની સફળતા બાદ અમેરિકાએ પોતાના એસ્ટ્રોનોટ્સને અંતરીક્ષમાં મોકલવા રશિયા અને યુરોપિયન દેશોની મદદ નહીં લેવી પડે



વોશિંગ્ટન

એલન મસ્કની કંપની સ્પેસ એક્સનું ખાનગી રોકેટ ફાલ્કન-૯ શનિવારે સ્થાનિક સમય મુજબ બપોરે ૩.૨૨ મિનિટે બે અમેરિકન અવકાશ યાત્રીઓને લઈને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર જવા રવાના થયું હતું. આ સાથે જે ખાનગી અવકાશ યાત્રા ક્ષેત્રે એક ઈતિહાસ રચાયો છે. કાઉન્ટડાઉન પૂર્ણ થતા જ નાસાના રોબર્ટ બેનકેન અને ડગલસ હર્લે નામના બે અવકાશ યાત્રીઓને લઈને ક્રૂ ડ્રેગન કેપ્સ્યૂલ સાથે ફાલ્કન-૯ પોતાની યાત્રા પર રવાના થયું હતું.

આ રોકેટે ગણતરીની પળોમાં જ અવકાશ યાત્રીઓને સુરક્ષિત ભ્રમણ કક્ષામાં પહોંચાડી દીધા હતા. સ્પેસ એજન્સી નાસા આ ઓપરેશન પર બારીક નજર રાખી રહી હતી. આ મિશન પૂર્વે ડગલસ હર્લેએ જણાવ્યું હતું કે 'આવો અહીં દીવો પ્રગટાવીએ'પઆ જ વાક્ય

અનુસંધાન પાના નં. ૬

આ આંકડો અન્ય દેશોના દરથી ખૂબ જ ઓછો

ભારતમાં કોરોનાથી પ્રતિ ૧૦ લાખે ૩૩.૨ લોકો સંક્રમિત થયા: ICMR

અમેરિકામાં આ દર ૦.૨૫૨૩ ટકા, ફ્રાંસમાં ૦.૩૩૬૪ ટકા, બ્રિટનમાં ૦.૧૯૬૨ ટકા અને કેનેડામાં ૦.૦૮૯૯ ટકા છે

ન્યુ દિલ્હી

ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) દ્વારા લેબોરેટરી મોનિટરીંગ ડેટાના વિશ્લેષણ પ્રમાણે ભારતમાં કોરોના વાયરસના હુમલાનો દર ૦.૦૦૩૩૨ ટકા છે. મતલબ કે, ભારતમાં પ્રતિ મિલિયન (૧૦ લાખ) લોકોએ ૩૩.૨ લોકો સંક્રમિત છે. આ આંકડો અન્ય દેશોમાં હુમલાના દરથી ખૂબ જ ઓછો છે.

યુએસ નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનના અહેવાલ પ્રમાણે અમેરિકામાં આ દર ૦.૨૫૨૩ ટકા, ફ્રાંસમાં ૦.૩૩૬૪ ટકા, બ્રિટનમાં ૦.૧૯૬૨ ટકા અને કેનેડામાં ૦.૦૮૯૯ ટકા છે. આઈસીએમઆર-નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપિડેમિયોલોજીના વૈજ્ઞાનિક ડોક્ટર તરૂણ ભટનાગરે જણાવ્યું કે, આ વિશ્લેષણ વિભિન્ન આઈસીએમઆર પ્રયોગશાળાઓના આંકડાઓ

અનુસંધાન પાના નં. ૬

ટ્રમ્પે જી-૭માં ભારત સહિત અન્ય દેશોને સામેલ કરવાની માગ કરી

ટ્રમ્પે જૂનમાં યોજાનારી જી-૭ સમિટને સપ્ટેમ્બર સુધી મોકૂફ રાખી

જર્મનીના ચાન્સેલરે પણ જ્યાં સુધી કોરોનાનો અંત નહીં આવે ત્યાં સુધી સંમેલનમાં સામેલ નહીં થાય તેમ કહેલું

વોશિંગ્ટન

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે જી-૭ સંમેલનને હાલ પૂરતું સપ્ટેમ્બર મહીના સુધી ટાળી રહ્યા છે તેવી જાહેરાત કરી હતી. તેના પહેલા તેઓ ભારત, ઓસ્ટ્રેલિયા, રૂસ અને દક્ષિણ કોરિયાને બેઠક માટે આમંત્રિત કરવા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે, ૪૬મું જી-૭ શિખર સંમેલન વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૧૦મી જૂનથી ૧૨મી જૂન સુધી આયોજિત કરવાનો પ્રસ્તાવ હતો.

અમેરિકી રાષ્ટ્રપતિએ પોતે જી-૭ને આગામી સપ્ટેમ્બર મહીના સુધી ટાળી રહ્યા છે તેમ જણાવીને સાથે જ 'મને નથી લાગતું કે જી-૭ યોગ્ય રીતે વિશ્વમાં શું ચાલી રહ્યું છે તે દર્શાવે છે. તે દેશોનો એક બહું જૂનો સમૂહ છે.' તેવો મત દર્શાવ્યો હતો. વ્હાઈટ હાઉસના વ્યૂહાત્મક સંદેશાવ્યવહારના નિયામક એલિસા એલેક્જેંડ્રા ફરાહે જણાવ્યું કે, તે અમારા પારંપરિક સહયોગિઓને એક સાથે લાવી રહ્યું છે જેથી ચીનના ભવિષ્યને લઈ વાત કરી શકાય.

જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલના કાર્યાલયે જ્યાં સુધી કોરોના વાયરસના પ્રસારનો અંત નહીં આવે ત્યાં સુધી પોતે શિખર સંમેલનમાં સામેલ નહીં થાય તેમ કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જી-૭ વિશ્વના સૌથી મોટી અને સંપન્ન અર્થવ્યવસ્થા ધરાવતા સાત દેશોનો સમૂહ છે જેમાં ફ્રાંસ, જર્મની, ઈટાલી, જાપાન, અમેરિકા, બ્રિટેન અને કેનેડા આટલા દેશોનો

અનુસંધાન પાના નં. ૬

પ્રધાનમંત્રીએ 'મન કી બાત ૨.૦'ના ૧૨ એપિસોડમાં સંબોધન કર્યું

આત્મનિર્ભરતાથી શ્રમિકોની હાડમારી ટાળી શકાત : મોદી

કમ્યુનિટી, ઈમ્યુનિટી અને યુનિટી માટે યોગ ઉત્તમ છેઃ લોકોએ પૂરવાર કરી બતાવ્યું છે કે, સેવા-બલિદાનના વિચારો આપણા આદર્શ નથી : પ્રધાનમંત્રી

નવીદિલ્હી

'મન કી બાત ૨.૦'ના ૧૨મા એપિસોડમાં દેશવાસીઓને સંબોધન કરતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, કોરોના સામેની લડાઈ દેશમાં તમામ લોકોના સહિયારા પ્રયાસોથી આક્રમકતાપૂર્વક લડવામાં આવી રહી છે. તેમણે લોકોને વિનંતી કરી હતી કે, હવે અર્થતંત્રમાં મોટાભાગના વિભાગો ખુલ્લા કરવામાં આવ્યા હોવાથી કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખીને સૌએ વધુ સતર્ક અને સાવચેત રહેવાનું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, શ્રમિક વિશેષ ટ્રેનો અને અન્ય વિશેષ ટ્રેનો સાથે પૂરતા પ્રમાણમાં સાવચેતીના પગલાંઓનું પાલન કરીને ટ્રેનોની સેવાઓ ફરી શરૂ થઈ ગઈ છે. તેમણે ઉમેર્યું હતું કે, હવાઈ સેવાઓ પણ ફરી શરૂ થઈ ગઈ છે અને ઉદ્યોગો પણ ફરી સામાન્ય સ્થિતિમાં આવી રહ્યા છે. તેમણે આગળ વાત વધારતા કહ્યું હતું કે, કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવી જોઈએ અને દરેક લોકોને સૂચન આપ્યું હતું કે તેઓ 'દો ગજ કી દૂરી' (બે ગજનું અંતર જાળવે), ચહેરા પર માસ્ક પહેરવું અને શક્ય હોય ત્યાં સુધી ઘરે જ રહેવું વગેરે માપદંડોનું પાલન કરે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, ઘણી બધી મુશ્કેલીઓ વેઠ્યા પછી, પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટેના દેશના કૌશલ્યપૂર્ણ પ્રયાસો એળે ન જવા જોઈએ. પ્રધાનમંત્રીએ આપણા દેશવાસીઓ સેવાનો જે જુસ્સો બતાવ્યો તેની પ્રશંસા કરતા કહ્યું હતું કે, આ જ આપણી સૌથી મોટી તાકાત છે. તેમણે કહ્યું કે, આપણે-સેવા પરમો ધર્મ ઉક્તિથી પરિચિત છીએ; સેવાથી આનંદ મળે છે... સેવા જ સંતોષ છે. સમગ્ર દેશમાં તબીબી સેવાઓમાં જોડાયેલા કર્મચારીઓ પ્રત્યે ઘેરા આદરની લાગણી વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં કાર્યરત ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ, સફાઈ કામદારો, પોલીસ જવાનો અને મીડિયા કર્મચારીઓની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી. તેમણે કટોકટીના આ સમયમાં સ્વ-સહાય સમૂહોની મહિલાઓ દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર કામની પણ પ્રશંસા કરી હતી. તેમણે તામિલનાડુના કે.સી. મોહન, અગરતલાના ગૌતમ દાસ,

અનુસંધાન પાના નં. ૬



આસામના નાગાંવ શહેરથી આશરે ૨૦ કિમી દૂર કાઠિયાટોલી ખાતે સલામત સ્થળે પહોંચવા માટે એક વૃદ્ધ વ્યક્તિ, જે માથા પર વાસણ લઈ રહ્યો છે, પૂરના પાણીથી પસાર થાય છે.

મન કી બાત કાર્યક્રમમાં મોદીની મહત્વના ૭ મુદ્દા આ રહ્યાં...

૧) દેશવાસીઓની સેવા જ અમારી સૌથી મોટી શક્તિ

વડાપ્રધાને કહ્યું અમારી સૌથી મોટી શક્તિ દેશવાસીઓની સેવા છે. આપણે ત્યાં સેવા પરમો ધર્મ કહેવામાં આવે છે. અન્ય લોકોની સેવામાં લાગેલી વ્યક્તિમાં કોઈ ડિપ્રેશન દેખાતુ નથી. તેમના જીવનમાં જીવંતતા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ડોક્ટર, મીડિયા, નર્સિંગ સ્ટાફ, પોલીસ કે જેઓ સેવા કરી રહ્યા છે તેમના વિશે ઘણી વખત હું વાત કરી ચુક્યો છું. તેમની સંખ્યા અગણિત છે. દેશના અનેક વિસ્તારોમાંથી સેવાભાવી લોકોની માહિતી મળી રહી છે. આપણી માતા-બહેનો લાખોની સંખ્યામાં માસ્ક તૈયાર કરી રહી છે. કેટલાક લોકોએ નમો એપ પર તેમના પ્રયાસો અંગે માહિતી આપી છે. હું સમયના અભાવને લીધે આ લોકોના નામ લઈ શકતો નથી પણ તેમને હૃદયપૂર્વક અભિનંદન કરું છું.

૨) લોકોનું નાવિન્યકરણ ખરેખર હૃદયસ્પર્શી છે

તેમણે કહ્યું કે એક વાત કે જે હૃદયસ્પર્શી છે તે લોકોનું ઈનોવેશન છે. નાસિકના એક ગામના ખેડૂતે ટ્રેક્ટર જોડી સેનિટાઈઝેશન મશીન તૈયાર કર્યું છે. અનેક દુકાનદારોએ સોશિયલ ડિસ્ટન્સિંગ માટે એક પાઈપ લગાવી છે. તેની ઉપર સામાન નાંખે છે, જે અન્ય ગ્રાહકોને મળી જાય છે. આ મહામારી પર જીત માટે આ ઈનોવેશનન જ મોટો આધાર છે.

૩) વિશ્વના લોકોમાં યોગ અને આયુર્વેદ પ્રત્યે આકર્ષણ વધ્યું

મોદીએ કહ્યું કે તેઓ વિદેશથી થતી આયાત ઓછામાં ઓછી થાય તેવું જોવા ઈચ્છે છે. પછી તે પેટ્રોલિયમ, ખાદ્ય ચીજવસ્તુ કે ઈલેક્ટ્રોનિક સામાન પણ હોઈ શકે છે. મને વિશ્વાસ છે કે આત્મનિર્ભર અભિયાન ભારતને નવી ઉંચાઈ પર લઈ જશે. જ્યારે વિશ્વના નેતાઓ સાથે વાત થાય છે ત્યારે તેઓ તેમને યોગ તથા આયુર્વેદમાં વિશેષ રસ હોય છે.

કોરોનાના સમયમાં એવું જોવામાં આવી રહ્યું છે કે હરિદ્વારથી હોલિવૂડ સુધી લોકો યોગ અપનાવી રહ્યા છે. અનેક લોકો આયુર્વેદ તરફ પરત ફરી રહ્યા છે. યોગ કોમ્યુનિટી, ઈમ્યુનિટી અને યુનિટી માટે વધારે સારા સાબિત થઈ રહ્યા છે. જીવનમાં યોગને વિશેષ સ્થાન આપવા માટે આયુષ મંત્રાલયે સ્પર્ધા શરૂ કરી છે. વિશ્વભરમાંથી લોકો તેમા ભાગ લઈ શકે છે. તમારે યોગ કરતા વીડિયો પોસ્ટ કરવાના છે અને યોગથી શું પરિવર્તન આવ્યું તે અંગે કહેવાનું છે.

૪) આયુષ્માન ભારત યોજનાના ૮૦ ટકા લાભાર્થી ગ્રામીણ ક્ષેત્રમાંથી

મણિપુરમાં ૬ વર્ષના બાળકને આયુષ્માન ભારત યોજનાથી નવું જીવન મળ્યું છે. તેને માથાને લગતી બિમારીથી મુક્તિ મળી છે. તેના પિતા શ્રમિક હતા. ક્યારેક એવી વ્યક્તિ સાથે ચોક્કસપણે વાત કરો કે જેમને આયુષ્માન યોજના હેઠળ ઈલાજ કરાવ્યો છે. આયુષ્માન ભારત યોજનાના ૮૦ ટકા લાભાર્થી ગ્રામીણ ક્ષેત્રમાંથી છે. તેમની સંખ્યા એક કરોડથી વધારે છે.

૫) આપણે સૌ સાથે રહેશું તો ઘણુબધુ બચાવી શકશું

મોદીએ કહ્યું કે એક બાજુ પૂર્વ ભારત વાવાઝોડુ અમ્ફાનથી નુકસાનનો સામનો કરી રહ્યું છે ત્યારે અનેક હિસ્સામાં ખેતી પર તીડના હુમલા થયા છે. આપણે સૌ સાથે રહેશું તો ઘણુ બચાવી શકીએ છીએ.

૬) વરસાદની એક-એક બૂંદ બચાવવાની છે

તેમણે ચોમાસાનો ઉલ્લેખ કરીને કહ્યું કે જૈવ વિવિધતા દિવસ આવવાનો છે. લોકડાઉનમાં જીવનની ઝડપ ધીમી છે, પણ અનેક પશુ-પક્ષીઓ આ સમયે રાહતનો શ્વાસ લઈ રહ્યા છે. લગભગ લુપ્ત થવાના આરે પહોંચેલા અનેક પક્ષીઓનો અવાજ સાંભળવા મળી રહ્યો છે. હવા સ્વચ્છ થઈ છે તો ઘરોથી પર્વતમાળા દેખાય છે. આપણે જાણી છીએ કે જળ છે તો આવતીકાલ છે. વરસાદની એક-એક બૂંદ બચાવવાની છે. આ માટે આપણી પાસે પરંપરાગત ઉપાય છે. આ જ જળ આપણી શક્તિ બની જાય.

૭) દેશ ખૂબ જ મુશ્કેલીથી પાટા પર આવ્યો છે

તમારે સૌએ ધ્યાન રાખવાનું છે કે કેટલી તપસ્યા બાદ દેશ પાટા પર પરત ફર્યો છે. તમને, તમારા પરિવાર પર કોરોનાનું એટલું જ જોખમ છે. બે ગજ અંતર, માસ્ક, હાથ ધોવા જેવી પ્રાથમિક બાબતની કાળજી રાખવાની છે. આશા છે કે તમારા, તમારા પરિવાર અને દેશ માટે આ સાવધાની રાખશો.

સેનાને મોટી સફળતા: લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકી ઝડપાયા

બારામૂલ્લા

જમ્મુ-કાશ્મીરના બારામૂલ્લા જિલ્લામાં સુરક્ષાદળોએ લશ્કર-એ-તૈયબાના આતંકીઓ સાથે જોડાયેલા ત્રણ લોકો પકડાયા છે અને તેમની પાસેથી મોટા પ્રમાણમાં દારુગોળો સહિત સમાન જપ્ત કરવામાં આવ્યો છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યુ કે, સુરક્ષાદળોએ ઉત્તરી કાશ્મીર જિલ્લાના સોપોર વિસ્તારમાં સોપોર-કુપવાડા રોડ પરથી શેંગરગુંડમાં ત્રણ લોકોને પકડ્યા, તેમને જણાવ્યુ કે, ત્રણેયની ઓળખ મુશ્તાક અહેમદ મીર ઉર્ફ લશ્કિરી, મુદસ્સિર અહેમદ મીર અને અતહર શમાસ તરીકે થઈ છે. ત્રણેય સોપોરના બ્રાથ કલા વિસ્તારના રહેવાસી છે. તેમના કબજામાંથી મોટા પ્રમાણમાં હથિયારો અને દારુગોળો જપ્ત કરવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યુ કે આ સંબંધમાં એક કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલુ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા ત્રણેય શખ્સો લશ્કર-એ-તૈયબાના આતંકીઓ પાસેથી પોલીસને મહત્વની માહિતી મળવાની આશા છે. પોલીસ એ જાણવાની કોશિશ કરી રહી છે કે શું આ કોઈ કાવતરાને અંજામ આપવાના હતા, કે કોઈ મોટા હુમલાની ફિરાકમાં હતા. અગાઉ પોલીસ અને સુરક્ષાદળોએ પુલવામાં ફરી એકવાર મોટા હુમલાની આતંકીઓની યોજનાને નિષ્ફળ કરી દીધી હતી.

યુએઈના ઉદ્યોગપતિઓને ૧૬ લાખ ડોલરનો ચૂનો લગાવી ભારતીય નાગરિક દેશ પરત ફર્યો

આબુધાબી

સંયુક્ત અરબ અમીરાતમાં લગભગ ૫૦ ઉદ્યોગપતિઓને ૧૬ લાખ ડોલરનો કથિત રીતે ચૂનો લગાવીને એક ભારતીય નાગરિક હૈદરાબાદ આવી રહેલા વિમાનથી ભારત પરત આવી ગયો છે. ગલ્ફ ન્યૂઝમાં શનિવારે છપાયેલા એક સમાચાર મુજબ, મુખ્ય આરોપી યોગેશ અશોક યારિઆવા વન્દે ભારત મિશન અંતર્ગત ૧૧મેના રોજ ૧૭૦ અન્ય ભારતીય સાથે અબૂ ધાબીથી હૈદરાબાદ આવી ગયો હતો. રિપોર્ટ મુજબ, રોયલ લક ફૂડસ્ટફ ટ્રેડિંગના ૩૬ વર્ષીય માલિક યોગેશે વેપારીઓને આગળની તારીખનો ચેક આપીને ૬૦ લાખ દિરહમ (૧૬ લાખ ડોલર)ની ખરીદી કરી હતી અને ભારત ભાગી આવ્યો હતો. ખરીદી કરાયેલી વસ્તુઓમાં માસ્ક, સેનિટાઈઝર, મડિકલ ઈક્વિપમેન્ટ, ચોખા, ટૂના, પિસ્તા અને કેસર જેવી વસ્તુઓ સામેલ છે. વેપારીઓએ યોગેશની વિરુદ્ધ દુબઈના એક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે.

મ.પ્રદેશ,પંજાબ અગાઉથી લોકડાઉન વધારી ચૂક્યા છે

કોરોના સંકટ વચ્ચે તમિલનાડુએ ૩૦ જૂન સુધી લૉકડાઉન વધાર્યુ

ચેન્નાઈ

કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે તમિલનાડુ સરકારે પણ લૉકડાઉન વધારી દીધુ છે. રાજ્ય સરકારે રવિવારે જાહેરાત કરી છે કે, લૉકડાઉન ૩૦ જૂન સુધી વધારવામાં આવી રહ્યું છે. અગાઉ મધ્ય પ્રદેશ અને પંજાબ જેવા રાજ્યો પણ પોતાના ત્યાં લૉકડાઉન વધારી ચૂક્યાં છે.

જો કે તમિલનાડુમાં લૉકડાઉન દરમિયાન પબ્લિક ટ્રાન્સપોર્ટને આંશિક છૂટ સહિત કેટલીક રાહતો મળશે. મુખ્યમંત્રી કે પલાનીસ્વામીએ જણાવ્યું કે, ધાર્મિક સ્થળે, આંતર રાજ્ય બસ ટ્રાન્સપોર્ટ, મેટ્રો અને રેલવે વગેરે પર પ્રતિબંધ યથાવત રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ૧ જૂનથી ઓછી સેવાઓ સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટ ફરીથી શરૂ થશે, પરંતુ રાજ્યમાં કોરોના સંક્રમિતોમાં સૌથી વધુ સંખ્યા ધરાવતા ચેન્નઈ, કાંચીપુરમ, તિરૂવલ્લૂર અને ચેંગલપેટ જિલ્લામાં બસોની સેવા શરૂ નહીં કરવામાં આવે. મુખ્યમંત્રીએ આગળ જણાવ્યું કે, કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે કરફ્યૂને ૩૦-જૂન સુધી વધારવામાં આવ્યું છે.

તમિલનાડુ એવા રાજ્યોમાંથી એક છે, જે કોરોના સંક્રમિતથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. શનિવારે રાજ્યમાં ૯૩૮ નવા કેસો સામે આવ્યા હતા. આમ અત્યાર સુધી રાજ્યમાં ૨૧,૧૮૪ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યા છે.

ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારે એક જ અઠવાડિયામાં કરી બીજી મુલાકાત

મુંબઈ

મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની વચ્ચે કોઈ મુદ્દે સંમતિ બની રહી નથી. શનિવારે બંને જ નેતાઓ વચ્ચે વધુ એક બેઠક થઈ છે. રાજ્યના બંને વરિષ્ઠ નેતાઓની આ બેઠક મુખ્યપ્રધાન આધિકારિક નિવાસમાં થઈ છે.

ગઈ વખતે જ્યારે આ બંને નેતાઓની મુલાકાત થઈ હતી ત્યારે રાજ્યમાં મુખ્ય વિપક્ષી દળ બીજેપીએ ઉદ્ધવ સરકાર પર સંકટની વાત કહી હતી પરંતુ એનસીપી ચીફ શરદ પવારે કહ્યું હતું કે અમે તમામ દળ ઉદ્ધવ સરકારની સાથે છીએ. મારી મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય કોરોના વિરૂદ્ધ લડતને લઈને કેટલાક સૂચનો આપવાનો હતો. ઉદ્ધવ સરકારની ઉપર કોઈ સંકટ નથી.

ગુજરાત-મહારાષ્ટ્રની સ્થિતિ ભયજનક

લોકડાઉન હળવુ કરવુ ઘાતક બન્યુ: ૩ દિવસમાં ૨૫૦૦૦ કેસો નોંધાયા

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસની ગતિ ડરાવી રહી છે. મે મહિનાનાં છેલ્લા ૧૦ દિવસમાં નવા કેસોમાં જે રીતે વધારો થયો છે તેના કારણે ચિંતા બમણી થઈ છે. કોવિડ-૧૯ સાથેની પરિસ્થિતિ કેટલી ખરાબ છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે છેલ્લા ત્રણ દિવસમાં ૨૫ હજારથી વધુ કેસ નોંધાયા છે. રવિવાર અને શનિવારે ભારતમાં પહેલી વખત એક જ દિવસમાં કોરોનાના ૮,૦૦૦થી વધુ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૧૦ દિવસમાંથી ૭ દિવસ નવા કેસની સંખ્યાએ રેકોર્ડ તોડ્યો છે. ભારતમાં ૫,૦૦૦થી વધુ કોરોના વાયરસ દર્દીઓનાં મોત નીપજ્યાં છે.

લોકડાઉનમાં ઢીલની વચ્ચે ભારતમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાના સંક્રમિતોનો કુલ આંક ૧.૮૨ લાખ પર પહોંચી ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયની તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા રવિવાર સુધીમાં એટલે કે આજ સુધીમાં ૧૮૨૧૪૩ થઈ ગઈઈ અને આ વાયરસથી અત્યાર સુધીમાં ૫૧૬૪ લોકોના મોત થયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૩૮૦ નવા કેસ સામે આવ્યા અને ૧૯૩ લોકોના મોત થયા છે. જ્યારે રાહતના સમાચાર એ છે કે ૮૬૯૮૪ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ થયા છે.

મુંબઈ દેશનું સૌથી ખતરનાક હોટસ્પોટ બની ચૂકયું છે. અહીં શનિવારે ૫૪ લોકોનાં મોત થયાં હતા જે એક દિવસનો રેકોર્ડ છે. કોરોનાથી આ મહાનગરમાં અત્યાર સુધીમાં ૧,૨૨૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. શનિવારની રાત સુધીમાં મહારાષ્ટ્રમાંથી ૬૫,૧૬૮ કેસ નોંધાયા હતા. રાજ્યમાં ૩૪ હજારથી વધુ એક્ટિવ કેસ છે. તે જ રીત ગુજરાતમાં શનિવારે ૪૧૨ નવા કેસ નોંધાયા હતા અને ૨૭ દર્દીઓનાં મોત નીપજયાં હતાં. મહારાષ્ટ્ર પછી તે દેશનું બીજું રાજ્ય બન્યું છે જયાં કોરોનાથી મૃત્યુઆંક એક હજારને વટાવી ગયો છે. ગુજરાતનો મૃત્યુદર (૬.૨%) ખૂબ જ ટેન્શન આપી કરાવી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં દર કલાકે એક દર્દીનું મોત નીપજયું હતું. ગુજરાત ૧૬,૦૦૦ કેસનો આંકડો પાર કરનાર દેસનું ચોથું રાજ્ય છે.

દિલ્હીમાં દોઢ મહિનામાં ૧૦ ભૂકંપના આંચકા અનુભવાયા

ભવિષ્યમાં દિલ્હીમાં વિનાશકારી ભૂકંપ આવશે: ભૂસ્તરશાસ્ત્રીઓની ચેતવણી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની મહામારી વચ્ચે છેલ્લા દોઢ મહિનાથી દિલ્હી અને એનસીઆરમા મધ્યમ તીવ્રતાવાળા ૧૦ ભૂકંપના આંચકા આવી ચૂક્યા છે. આ એ બાબતનો સંકેત છે કે, ભવિષ્યમા દિલ્હીમા વિનાશકારી ભૂકંપ આવી શકે છે. તેવી ચેતવણી દેશના ભૂસ્તરશાસ્ત્રીઓએ આપી છે.

કેન્દ્રીય વિજ્ઞાન અને ઔદ્યોગિક મંત્રાલય અંગર્તગ આવનારી સંસ્થાના પ્રમુખે કહ્યુ કે, અમે ભૂકંપ બાબતે ચોક્કસ સમય, સ્થળ અને સચોટ રીતે અનુમાન લગાવી શકતા નથી પરંતુ અમે એવુ માનીએ છીએ કે એનસીઆરના વિસ્તારમા સતત ભૂકંપ આવી રહ્યો છે જે દિલ્હીમા એક મોટા ભૂકંપનુ કારણ બની શકે છે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હી ઉચ્ચ જોખમી ભૂકંપના વિસ્તારોમા આવેલુ છે અને તેના સીમાવર્તી શહેરોમા ખાનગી બિલ્ડીંગનુ નિર્માણ કરાયુ છે. જેમાથી ખૂબ ઓછા લોકોએ ભૂકંપ વિરોધી નિર્માણ માટે નક્કી કરેલ બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના નિયમોનુ પાલન કર્યુ છે.

ભૂકંપ એન્જિનિયરના નિષ્ણાંતએ કહ્યુ કે, ૨૯ મેના રોજ શુક્રવારે દિલ્હીમા ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. જેની તીવ્રતા ૪.૫ની છે. રિક્ટર સેલ મુજબદિલ્હીમા ભૂકંપનો પ્રભાવ વિનાશકારી હશે તેમજ બિલ્ડીંગ પણ પડી ભાંગશે.

૪ જૂનના રોજ બંને નેતાઓ વચ્ચે વાર્તાલાપ થશે

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને જાતે સમોસા બનાવ્યા: મોદી સાથે શેર કરવાની ઈચ્છા દર્શાવી

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસને રવિવારે સમોસા સાથેની તસવીર શેર કરી હતી અને પોતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેને શેર કરવા ઈચ્છે છે તેમ લખ્યું હતું. હકીકતે ઓસ્ટ્રેલિયન વડાપ્રધાને ટ્વિટર પર કેરીની ચટણી સાથે 'સ્કોમોસા'નો ફોટો શેર કર્યો હતો અને તેમાં વડાપ્રધાન મોદીને ટેગ કર્યા હતા. તેમણે સમોસાની પોતાની રીતે 'સ્કોમોસા' એવું નામ આપ્યું હતું.

તેમણે કેરીની ચટણી સહિત બધું જાતે તૈયાર કર્યું હોવાનું જણાવ્યું હતું અને અને વડાપ્રધાન મોદીને ટેગ કરીને તેમની આગામી બેઠક વીડિયોલિંક દ્વારા હશે તેનું દુખ વ્યક્ત કર્યું હતું. તેમણે 'સ્કોમોસા' શાકાહારી છે અને પોતે તેને પીએમ મોદી સાથે શેર કરવાનું પસંદ કરશે તેમ લખ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સ્કોટ મોરિસન આગામી ચોથી જૂનના રોજ વીડિયોલિંકના માધ્યમથી દ્વિપક્ષીય શિખર સંમેલન યોજશે. વિદેશ મંત્રાલયના અહેવાલ પ્રમાણે બંને નેતાઓ વચ્ચે ભારત-ઓસ્ટ્રેલિયા શિખર સંમેલનમાં પરસ્પર હિતના મુદ્દે ચર્ચા થશે. આ સાથે જ બંને નેતાઓ લશ્કરી લોજિસ્ટિક્સ, વિજ્ઞાન અને તકનીક સહિતની અનેક દ્વિપક્ષીય સમજૂતી પર હસ્તાક્ષર કરશે.

ભારતના કાલાપાની,લિપુલેખ,લિમ્પિયાધુરાને સામેલ કર્યા

નેપાળની સંસદમાં સંશોધન બિલ રજુ, નવા નકશામાં ભારતના ત્રણ ક્ષેત્રનો સમાવેશ

કાઠમાંડૂ

ભારત અને નેપાળ વચ્ચે વિવાદ થોભે તેવું લાગી રહ્યું નથી. નેપળ સરકારે નવા રાજકીય નકશાના સંબંધમાં સંશોધન બિલ પોતાની સંસદમાં રજૂ કર્યું છે. નેપાળના કાયદા મંત્રી શિવમાયા તુંબાહંફેએ નવા નકશાના સંબંધમં બિલ રજૂ કર્યું છે. નેપાળે આ નકશામાં ભારતના કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરાને પણ સામેલ કર્યા છે.

છેલ્લા કેટલાક દિવસથી નેપાળની સાથે ભારતના સંબંધમાં તણાવ વધ્યો છે. પરંતુ નેપાળ ભારતનું જૂનુ મિત્ર રહ્યું છે. નેપાળી કોંગ્રેસ નેપાળના નકશાને અપડેટ કરવા માટે બંધારણ સંશોધનનું સમર્થન કરી રહી છે. લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીના વિવાદિત ક્ષેત્રને પોતાના ક્ષેત્રમાં સામેલ કરવા ઈચ્છે છે. આ પગલું નેપાળના નકશાને બદલવા માટે ભરવામાં આવ્યું છે.

જયારે નેપાળે પોતાના નવા રાજકીય નકશામાં ભારતીય ક્ષેત્રને પોતાનો ભાગ દર્શાવ્યો હતો ત્યારે ભારત તરફથી પ્રતિક્રિયા સામે આવી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, નેપાળે ભારતની સંપ્રભુતાનું સન્માન કરવું જોઈએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યુ હતુ કે, અમે નેપાળ સરકારને અપીલ કરીએ છીએ કે તે આવા બનાવટી કાર્ટોગ્રાફિક પ્રકાશિત કરવાથી બચે. સાથે ભારતની સંપ્રભુતા અને શ્રેત્રીય અખંડતાનું સન્માન કરે.

ઉ.પ્રદેશ કોરોના હોસ્પિટલમાં ૧ લાખ બેડ બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યુ

લખનૌ

દેશમા કોરોના વાઈરસના વધી રહેલા કેસો વચ્ચે સુવિધાઓનો અભાવ પડી રહ્યો છે. જેથી ઉત્તરપ્રદેશ કોરોના હોસ્પિટલમા ૧ લાખ કોરોના બેડ બનાવનાર પ્રથમ રાજ્ય બન્યુ છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એલ-૧, એલ-૨ અને એલ-૩ હોસ્પિટલમા મે મહિનાના આખરમા કુલ ૧ લાખ સુધીના બેડ બનાવવાના આદેશ આપ્યા હતા.

રાજ્યમા દર ૭૫ જિલ્લામા લેવલ-૧ અને લેવલ-૨ હોસ્પિટલ સંપૂર્ણ રીતે તૈયાર છે. જો કે રાજ્યમા લેવલ-૩ની પણ ૨૫ હોસ્પિટલ બનાવવામા આવી છે. કોરોનાના સામાન્ય દર્દીઓ માટે લેવલ-૧ અને લેવલ-૨ હોસ્પિટલમા રાખવામા આવશે અને કોરોનાના અતિ ગંભીર દર્દીઓ માટે લેવલ-૩ની હોસ્પિટલમા દાખલ કરવામા આવશે. લેવલ-૧ અને ૨મા સામાન્ય બેડ સિવાય ઓક્સિજન અને કેટલાકમા વેન્ટીલેટરની સુવિધા હશે. જો કે લેવલ-૩ની હોસ્પિટલમા વેન્ટીલેટર, આઈસીયુ અને ડાયલિસિસની વ્યવસ્થાઓ સાથે ગંભીર દર્દીઓ માટે બધા જ પ્રકારની સુવિધાઓ મળશે.

ટીમ-૧૧ની બેઠકમા સીએમ યોગી અન્ય રાજ્યોમાંથી આવેલા કારીગરો અને મજૂરોના સ્વાસ્થ્યની દરરોજ સમીક્ષા કરે છે. કોરોનાનો જડમૂળથી નાશ કરવા સ્વાસ્થ્ય સેવાઓ માટે બધા જ પ્રયાસો કરવાનો આદેશ આપ્યો છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સાવધાની અતિ જરૂરી

ભારતમાં કોરોના વાયરસના કારણે ૧.૮૨ લાખથી વધારે કેસો નોંધાઈ ચુક્યા અને ૫૦૦૦ મોત થઈ ચુક્યા છે. કેસોની સંખ્યા હજુ પણ ખતરનાક રીતે વધી રહી છે. હવે સ્થિતી ધીમી ધીમી હળવી કરવામાં આવી રહી છે પરંતુ આ ખતરાને લઈને કોઈ પણ લાપરવાહી અમારા માટે ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. હાલમાં ભારતમાં જે રીતે કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધી છે તે દર્શાવે છે કે શરૂઆતમાં કોરોના વાયરસને લઈને ભારતમાં જુદા જુદા રાજ્યો દ્વારા પુરતા પગલા લેવામાં આવ્યા ન હતા. સાથે સાથે પુરતી લાપરવાહી પણ આમાં દેખાઈ આવી છે. કોરોનાને રોકવા માટે ભારતમાં જુદા જુદા રાજ્યો દ્વારા પગલા તો પુરતા પ્રમાણમાં લેવામાં આવી રહ્યા છે પરંતુ આ પગલા પુરતા છે કે કેમ તે પ્રશ્ન તમામને સતાવી રહ્યો છે. દેશમાં મોતનો સિલસિલો શરૂ થયા બાદ રેકોર્ડ ગતિથી વધી રહ્યો છે. હવે મોતનો આંકડો ૫ હજારથી વધારે સુધી પહોંચી ગયો છે. હજુ મોતનો સિલસિલો જારી રહ્યો છે. સાથે સાથે લાપરવાહીને દુર કરવાની પણ જરૂર છે. દુનિયામાં રોકેટગતિથી ફેલાઈ રહેલા અને દુનિયાના ૨૧૩થી વધારે દેશોમાં હજુ સુધી ફેલાઈ ચુકેલા કોરોના વાયરસને રોકવા માટેનો સર્વશ્રેષ્ઠ રસ્તો તો સાવધાની અને સતર્કતા છે. આ બાબત જાણવી જરૂરી છે કે જે પગલા ભારત સરકાર દ્વારા લેવામાં આવ્યા છે તે પુરતા છે કે કેમ. સરકારે જાગરૂકતા માટે તમામ પ્રયાસો ચોક્કસપણે કર્યા છે. જેમાં બચાવના તરીકા, પ્રચાર અને પ્રસાર માધ્યમથી તેના ફેલાવાને રોકવા માટેના પગલા, દેશના વિમાનીમથકો પર યાત્રીઓનુ નિરીક્ષણ, જાહેર કાર્યક્રમોથી દુર રહેવાની સલાહ જેવા પગલા સામેલ રહ્યા છે. આ ઉપરાંત વાયરસની ચકાસણી માટે ૫૨ લેબ સ્થાપિત કરવામાં આવી ચુકી છે. ઈન્ફેક્શનની ખાતરી થયા બાદ સારવારની વ્યવસ્થા પણ કરવામાં આવી ચુકી છે. પરંતુ જે રીતે દર્દીઓની સંખ્યા વધી રહી છે કે તે દર્શાવે છે કે ચોક્કસપણે કોઈને કોઈ ખામી રહેલી છે. આ સમય ચીનની પાસેથી શિખવા જેવો છે. કોરોના વાયરસની શરૂઆત ચીનમાંથી થઈ હતી. પહેલા એમ માનવામાં આવી રહ્યુ હતુ કે ચીની અધિકારીઓ આ વાયરસને ગંભીરતાથી લઈ રહ્યા નથી. જો કે હવે તેમની ગંભીરતા દેખાઈ રહી છે. હવે ચીનના અધિકારીઓની પ્રશંસા માત્ર તેમના લોકોને બચાવી લેવા માટે જ થઈ રહી નથી બલ્કે દુનિયાના દેશોના લોકોને બચાવી લેવા માટે તેમના પ્રયાસોની પ્રશંસા થઈ રહી છે. મોટા પાયે જાહેર સ્થળો પરથી વાયરસને દુર કરવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રેલવે સ્ટેશનો, બસ સ્ટેશનો અને અન્ય જાહેર સ્થળો પર નિરીક્ષણના પુરતા પગલા લેવામાં આવ્યા છે. ચીનમાં હવે સ્વસ્થ થઈ રહેલા લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. સાથે સાથે સ્થિતી પણ કાબુમાં આવી રહી છે. આની સામે ભારતે પણ તરત જ પગલા લેવાની શરૂઆત કરી હતી. જો કે શરૂઆતમાં કેટલાક પગલા લાપરવાહી સાથે લેવામાં આવ્યા હતા. જેમાં કાર્યક્રમો પર બ્રેકની બાબત પણ સામેલ છે. તબલીગી કાર્યક્રમને લઈને પહેલાથીજ વ્યાપક ચર્ચા જોવા મળી ચુકી છે. આ કાર્યક્રમના કારણે સંખ્યા વધી હતી.

જે રીતે અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી છે તે દર્શાવે છે કે શરૂમાં લાપરવાહી થઈ

તબીબીની મદદ વગર પણ સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે....

કોરોના કે પછી સામાન્ય શરદી છે

કોરોના વાયરસનો આતંક જારી રહ્યો છે ત્યારે લોકોમાં વ્યાપક દહેશત પણ રહેલી છે. કોરોના વાયરસના લક્ષણ છે કે પછી સામાન્ય શરદી ગરમીની અસર છે તે બાબતને સરળતાથી સમજી શકાય છે. ઘરમાં બેઠા બેઠા જ આ બાબતને સમજી શકાય છે અને સાવધાની રાખી શકાય છે. સામાન્ય રીતે તો તાવ, શરીરમાં દુખાવો, શરદી સહિતની તકલીફ તેમજ કોરોના વાયરસના લક્ષણ એક સમાન છે. હવે મોટા ભાગના લોકોના મનમાં શંકા એવી થાય છે કે સામાન્ય શરદી છે કે પછી કોરોના વાયરસની અસર છે તે અંગે માહિતી કઈ રીતે મળી શકે છે. આ બાબતને સમજી લેવા માટે આ તમામના લક્ષણને સમજી લેવાની જરૂર છે. તમે ઘરે બેઠા પણ આ બિમારીના લક્ષણને સમજી શકો છો. કોરોના વાયરસ અથવા તો કોવિડ-૧૯ બિમારી સમગ્ર વિશ્વમાં ઝડપથી ફેલાઈ રહી છે. તેના લક્ષણ ખુબ સામાન્ય હોય છે. તેમાં રોગીને સામાન્ય શરદી હોય છે. જો કે કોવિડ૧૯માં લોકો ખુબ બિમાર પણ થઈ શકે છે. દાખલા તરીકે ડાયાબિટીસ, હાર્ટની તકલીફ અને ફેંફસાની બિમારી ધરાવતા લોકોને વધારે ખતરો રહેલો છે. કોવિડ-૧૯ માટે હાલમાં કોઈ દવા બની નથી. કોવિડ-૧૯ના લક્ષણને સમજી લેવા માટે કેટલીક બાબતો પર ધ્યાન જરૂરી છે. કોવિડના લક્ષણ એ છે કે તાવ અથવા તો ઠંડી લાગીને તાવ આવે છે. ડ્રાઈ બલગમ રહે છે. શ્વાસ લેવામાં તકલીફ થવા લાગે છે. થાકનો અનુભવ થાય છે. શરીરમાં દુખાવો રહે છે. ગળામાં ખરાશ રહે છે. નાકમાં પાણી આવે છે. સાઈનસ કન્જેક્શન અને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. જો તમને ખુબ ઓછા અને માઈલ્ડ લક્ષણ છે તો સૌથી પહેલા ઘરમાં જ



તાવ, શરદી ગરમી, શરીરમા દુખાવા અને કોરોના વાયરસના લક્ષણ એક સમાન છે : કેટલીક સાવધાની સાથે માહિતી મેળવી શકાય છે

પોતાને ક્વાન્ટીન કરવાની જરૂર હોય છે. સાથે સાથે સરકારની માર્ગદર્શિકાને પાળવામાં આવે તે જરૂરી છે. શરદી અથવા તો સામાન્ય ફ્લુની સ્થિતીમાં શરીર તુટે છે. ખુબ ખરાબ અસર થાય છે. તેના લક્ષણ માઈલ્ડથી લઈને ખુબ ખરાબ થઈ શકે છે. ફ્લુ અથવા તો એલર્જી હોવાની સ્થિતીમાં શરદીના લક્ષણની તુલનામાં આ સમસ્યા ગંભીર બની શકે છે. આ લક્ષણ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. સામાન્ય કોલ્ડ અથવા તો ફ્લુ સાતથી ૧૦ દિવસમાં ખતમ થઈ જાય છે. તેમાંથી મોટા ભાગના લક્ષણ બિમારી અથવા તો ફ્લુના કારણે નહી બલ્કે અમારી રોગપ્રતિકારક ક્ષમતાના કારણે થાય છે. અમારી રોગપ્રતિકારક ક્ષમતા જ્યારે બિમારીની સામે લડે છે ત્યારે આ લક્ષણ ઉભરીને સપાટી પર આવે છે. સામાન્ય શરદી ગરમીને ખતમ કરવા માટે ઈમ્યુન સિસ્ટમ જ સક્ષમ રહે છે. કોરોના વાયરસના કારણે હાલમાં દેશમાં અને વિદેશમાં હાહાકારની સ્થિતી રહેલી છે. કોરોના વાયરસના કારણે વિશ્વમાં કેસોની સંખ્યા અને મોતનો આંકડો સતત વધી રહ્યો છે. ભારતમાં પણ કેસોની સંખ્યા બે લાખ સુધી પહોંચી ગઇ છે.કોરોના વાયરસનો કાળો કેર જારી રહ્યો છે. કુલ કેસોની સંખ્યા વધીને ૬૦૩૩૮૭૫ સુધી પહોંચી ગઈ છે. જ્યારે મોતનો આંકડો વધીને ૩૬૬૮૯૪ સુધી પહોંચી ગયો છે. આવી જ રીતે રિક્વર થયેલા લોકોની સંખ્યા ૨૬૬૧૨૧૨ સુધી પહોંચી ગઈ છે. દુનિયાના દેશોમાં એક્ટિવ કેસોની સંખ્યા હવે ૩૦૦૫૭૬૯ સુધી પહોંચી ગઈ છે. જ્યારે ક્લોજ કરવામાં આવેલા કેસોની સંખ્યા ૩૦૨૮૧૦૬ સુધી પહોંચી ગઈ છે. દુનિયાના ૨૧૩ દેશોમાં કોરોનાનો હાહાકાર જારી રહ્યો છે. અમેરિકામાં કેસોની સંખ્યા ૧૭૯૩૫૩૦ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો ૧૦૪૫૪૨ સુધી પહોંચી ગયો છે.રશિયાની સાથે સ્પેન, બ્રાઝિલ, ફ્રાન્સ, જર્મની પણ સૌથી વધારે પ્રભાવિત દેશોની યાદીમાં સામેલ છે. કોરોના વાયરસના કારણે વિશ્વના દેશોમાં લોકો પરેશાન છે ત્યારે સામાન્ય તાવ છે કે પછી કોરોના વાયરસની અસર થયેલી છે તે અંગે લક્ષણ રહેલા છે. જેથી તબીબોની વગર લક્ષણને જાણી શકાય છે.

કેટલી માત્રામાં પાણી શરીર માટે ઉપયોગી સાબિત થાય છે....

વધુ પાણી પણ કિડનીને ડેમેજ કરી શકે

વધારે પ્રમાણમાં પાણી પણ કિડની ડેમેજ કરી શકે છે. કેટલા પ્રમાણમાં પાણી ઉપયોગી હોય છે તેને લઈને સવાલ સામાન્ય લોકો કરતા રહે છે. જો કે આરોગ્ય સાથે જોડાયેલા લોકો નક્કરપણે માને છે કે પુરતા પ્રમાણમાં પાણી પીવાની જરૂર હોય છે. કેટલીક ચીજો એવી હોય છે જે કિડનીને નુકસાન પહોંચાડી શકે છે. દરરોજના ખાવામાં કેટલીક એવી ચીજો હોય છે જે કિડની પર માઠી અસર કરે છે. સામાન્ય રીતે આ ચીજોની ખરાબ અસર કિડની પર કઈ રીતે થઈ રહી છે તે બાબત વહેલી તકે દેખાતી નથી. પ્રતિકુળ અસર લાંબા ગાળે દેખાય છે. પહેલા તો એમ લાગે છે કે કોઈ નુકસાન થઈ રહ્યુ નથી. જો કે તમે ખાઈ રહ્યા છો તેની આરોગ્ય પર લાંબા ગાળે અસર થાય છે. જેથી ડાયટ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. વધુને વધુ હેલ્થી ભોજન કરવામાં આવે તે જરૂરી છે. જો તમે પોતાની કિડની પર ધ્યાન આપવા માટે ઈચ્છો છો તો કેટલીક બાબતો પર ધ્યાન આપી શકાય છે. કેટલીક ચીજો ખાવાથી કિડની પર અસર કરે છે. મીઠુ વધારે પ્રમાણમાં ખાવાથી બ્લડ પ્રેશર વધી શકે છે. જેના કારણે કિડની ખરાબ થવાની ગતિ વધી શકે છે. આના કારણે કિડની સ્ટોન થવાનો ખતરો વધારે રહે છે. પ્રોટીન હેલ્થી ડાઈટ માટે ખુબ શાનદાર હોય છે. પરંતુ આપની કિડની જો યોગ્ય રીતે કામ કરી રહી નથી તો વધારે પ્રમાણમાં પ્રોટીન આપના માટે હાનિકારક સાબિત થઈ શકે છે. આના માટે તમે તબીબોની સલાહ લઈ શકો છો. કિડની સાથે સંબંધિત સમસ્યા હોવાની સ્થિતીમાં નાના પ્રમાણમાં પ્રોટીન લેવાની જરૂર હોય છે. ઈંડા, માછળી, નટ્સ જેવી ચીજોમાં પ્રોટીનનુ પ્રમાણ વધારે હોય છે. કેમ્પા સોડા પણ નુકસાનકારક સાબિત થાય છે. જો તમેએક દિનમાં બે અથવા તો તેના કરતા વધારે સોડા થવા તો



તમે શુ ભોજનમાં લઈ રહ્યા છો તેની આરોગ્ય પર લાંબા ગાળે પ્રતિકુળ અસર થાય છે : ડાઈટ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે

કેમ્પાના ગ્લાસ પી રહ્યા છો તો આના કારણે કિડની સાથે જોડાયેલી બિમારીનો ખતરો વધી જાય છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ડાઈટ સોડાનો ઉપયોગ કરનાર મહિલાની કિડની ૨૦ વર્ષ બાદ સામાન્ય મહિલાની કિડની કરતા ૩૦ ટકા ઓછા પ્રમાણમાં કામ કરે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે શરીર મોટા ભાગે પાણીથી બનેલ છે. જેથી અમારા શરીરમાં પુરતા પ્રમાણમાં પાણી રહે તે જરૂરી છે. જો તમે દરરોજ પુરતા પ્રમાણમાં પાણી પીતા નથી તો કિડની ડેમેજ થવાની શક્યતા વધી જાય છે. જો તમારા યુરિનમાં કલર હલવા પીળા રંગમાં છે તો કહી શકાય છે કે યોગ્ય પ્રમાણમાં પાણી પી રહ્યા છો. વધારે પ્રમાણમાં વર્કઆઉટ પણ પરેશાની ઉભી કરી શકે છે. યુરિન પરથી પણ કેટલીક તકલીફના સંકેત મળી જાય છે. જમતી વેળા વધુ પ્રમાણમાં પાણી પીનાર લોકો માટે કેટલીક નવી ચેતવણી જારી કરવામાં આવી છે. આધુનિક સમયમાં મોટાભાગના બાળકો અને મોટી વયના લોકો પણ જમતી વેળા પુરતા પ્રમાણમાં પાણી પીવે છે. પરંતુ નવા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જમતી વેળા અથવા તો ભોજન વચ્ચે પાણીનો ઉપયોગ કરવો જોઈએ નહીં. આનાથી પાચન શક્તિને માઠી અસર થાય છે. ભોજન દરમિયાન પાણી પીવાથી પેટની પાચન શક્તિમાં ઘટાડો થાય છે. સાથે સાથે ઈન્સ્યુલીનના પ્રમાણમાં પણ ફેરફાર કરે છે. માઈક્રોબાયોટિક અભ્યાસમાં આ મુજબની ચેતવણી આપવામાં આવી છે. શરીરમાં વધુ પાણી ખૂબ જ જરૂરી છે. પરંતુ જમતી વેળા વધુ પાણીનો ઉપયોગ યોગ્ય નથી. જમવાની સાથે પાણીના પ્રમાણને ઘટાડવામાં આવે તે જરૂરી છે. આનાથી એક બાજુ તરસ છુપાઈ જાય છે પરંતુ પાચન શક્તિને માઠી અસર થાય છે. મોટાભાગના બાળકો અને મોટી વયના લોકો હાલના સમયમાં જમતી વેળા એક બે ગ્લાસ પાણી પી જાય છે. મોટાભાગના ભારતીયો પણ તેમના ભોજન માટે પાણી પીવે છે. સામાન્ય થીયોરી એ છે કે જમતી વેળા ફુડને સાફ કરી દેવામાં આવે છે. આ પ્રથા ખૂબ જ ખોટી છે. તે વાતથી સામાન્ય લોકો વાકેફ નથી. આનાથી પાચન શક્તિ ઉપર ખૂબ જ અસર થાય છે. પાચન શક્તિની સમસ્યાથી પીડાઈ રહેલા લોકો માટે ઘણા નવા ઉપાય સુચવવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવાયું કે પેટમાં એ પ્રકારની વ્યવસ્થા છે જે મુજબ જમતી વેળા પાચનની શરૂઆત થઈ જાય છે.

વિમ્બલ્ડન ચેમ્પિયન ક્વિટોવાનો સ્પષ્ટ મત...

ચાહકો વગર મેચ અયોગ્ય

બે વખતની વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયન પેત્રા ક્વિટોવાએ કોરોના વાયરસના કારણે મોટી ટેનિસ સ્પર્ધાને મોકુફ કરવામાં આવ્યા બાદ તે સંતુષ્ટ છે. તેનુ કહેવુ છે કે મહામારીના કારણે તે ખાલી મેદાનમાં મેચ રમાય તેમ ઈચ્છતી નથી. તેનુ કહેવુ છે કે ખાલી મેદાનમાં ટેનિસની મેચો રમાડવાના બદલે તે સ્પર્ધાને મોકુફ રાખવામાં આવે તેમ ઈચ્છે છે. તે ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધાને રદ કરવાને પ્રાથમિકતા આપવા માટે ઈચ્છુક છે. ચેક ગણરાજ્યની સ્પર્ધાની પૂર્વ સંધ્યામાં આ ૩૦ વર્ષીય ખેલાડીએ રોજર ફેડરરની એવી બાબત સાથે સહમતી દર્શાવી હતી કે તે ફ્રેન્ચ ઓપન ટેનિસ અને યુએસ ઓપન ટેનિસ સ્પર્ધા ખાલી મેદાનમાં યોજાય તેમ ઈચ્છતો નથી. અન્ય કેટલાક મહાન ખેલાડી પણ કોઈ પણ રમતની મેચોને ખાલી મેદાનમાં યોજવાની ઈચ્છનો વિરોધ કરી રહ્યા છે. ક્વિટોવાઓએ કહ્યુ છે કે હાલમાં તેની વય છે અને તે ચોક્કસપણે હજુ વધુ ગ્રાન્ડ સ્લેમ રમવા માટે ઈચ્છુક છે. ગ્રાન્ડ સ્લેમમાં રમવાની બાબત ખુબ મોટી બાબત છે. પંરતુ જે ખેલાડી અમારા માટે ઉર્જાના સોર્સ તરીકે છે. તેમના વગર રમવાની બાબત યોગ્ય નથી. કમ સે કમ ગ્રાન્ડસ્લેમમાં તો આ પ્રકારની બાબત યોગ્ય નથી. તમામ લોકો સારી રીતે જાણે છે કે કોરોનાના કારણે આ વર્ષે યોજાનાર ફ્રેન્ચ ઓપનને સપ્ટેમ્બર સુધી ટાળી દેવામાં આવી છે. વિમ્બલ્ડનને તો રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ડબલ્યુટીએ સ્પર્ધા ૨૦મી જુલાઈ પહેલા યોજાય તેવી શક્યતા ઓછી છે. પ્રાગમાં આ આ સપ્તાહમાં સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં આઠ પુરૂષો અને આઠ મહિલા ખેલાડી ભાગ લેનાર છે. આ મેચો દરમિયાન ચાહકો રહેશે નહીં. ખેલાડી પારસ્પરિક રીતે હાથ મિલવનાર નથી. ચેક ગણરાજ્યમાં માર્ચના મધ્યથી જ રમતોને રોકી દેવામાં આવી હતી. અહીં હજુ સુધી ૯૦૦૦ લોકો કોરોનાગ્રસ્ત થયા છે. ૩૦૦ લોકોના મોત થયા છે.

કોરોના કહેર છતાં યોગ્ય સમય પર આયોજન કરવાની તૈયારી

યુએસ ઓપન માટેની તૈયારી થઈ

ખતરનાક કોરોના વાયરસ છતાં યુએસ ઓપનને સમયસર યોજવા માટે આયોજકો કેટલીક ખાસ યોજના પર કામ કરી રહ્યા છે. જેમાં યુરોપ, દક્ષિણ અમેરિકા તેમજ મધ્ય પૂર્વથી ખેલાડીઓને ચાર્ટર્ડ વિમાનમાં ન્યુયોર્ક લાવવા માટેની બાબત સામેલ રહેલી છે. આની સાથે સાથે યાત્રાથી પહેલા કોવિડ-૧૯ ટેસ્ટ કરવાની બાબત પણ સામેલ રહેલી છે. આ ઉપરાંત દરેક દિવસે તાપમાન માપવા, કેન્દ્રિકૃત આવાસ, ચાહકો વગર મેચનુ આયોજન અને કોર્ટ પર ઓછામાં ઓછા અધિકારીઓ તેમજ અભ્યાસના દિવસોમાં લોકર રૂમ બંધ રાખવા જેવા પાસા પર હાલમાં વિચારણા ચાલી રહી છે. અમેરિકી ટેનિસ એસોસિએશનમાં પ્રોફેશનલ ટેનિસના મુખ્ય કારોબારી સ્ટ્રેસી એલેસ્ટર દ્વારા કહેવામાં આવ્યુ છે કે આના પર ખાસ વિચારણા ચાલી રહી છે. હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય તો કરવામાં આવ્યા નથી. જો કે કેટલાક ખેલાડી ચાહકો વર રમવા માટે ઈચ્છુક નથી. એલેસ્ટરે કહ્યુ છે કે યુએસટીએ બોર્ડ દ્વારા જો મંજુરી આપવામાં આવશે તો નિયમિત સમય મુજબ જ આયોજન કરવામાં આવનાર છે. તમામ બાબતો નિયમિત સ્થળ અને પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ આયોજન કરવામાં આવનાર છે. યુએસ ઓપન માટે મુખ્ય ડ્રો ૩૧મી ઓગષ્ટથી શરૂ થનાર છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે અમે હજુ પણ નક્કી કરવામાં આવેલી તારીખમાં ન્યુયોર્કના બિલી જીન કિંગ નેશનલ ટેનિસ સેન્ટરમાં સુરક્ષિત વાતાવરણમાં આ સ્પર્ધા યોજવા વિચારણા કરી રહ્યા

ખેલાડીઓને ચાર્ટર્ડ વિમાનથી ન્યુયોર્ક લાવવા અને યાત્રા પહેલા કોવિડ-૧૯ ટેસ્ટ પણ સામેલ છે : શ્રેણીબદ્ધ તૈયારી સાથે આયોજકો સુસજ્જ


છીએ. વૈકલ્પિક તારીખ અને સ્થાનને લઈને હાલમાં કોઈ ચર્ચા ચાલી રહી નથી. આ સંબંધમાં નિર્ણય જુનના મધ્યમાં લેવામાં આવે તેવી શક્યતા છે. કોરોના વાયરસના કારણે માર્ચ મહિનાથી એટીપી, ડબલ્યુટીએ તેમજ આંતરરાષ્ટ્રીય ટેનિસ મહાસંઘના તમામ ટુર્નામેન્ટ રદ કરવામાં આવેલા છે. ફ્રેન્ચ ઓપન સ્પર્ધાને મેના બદલે સપ્ટેમ્બર સુધી સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે વિમ્બલ્ડન ટેનિસ સ્પર્ધા પ્રથમ વખત ૧૯૪૫ બાદ રદ કરવામાં આવી છે. કોરોના વાયરસના કારણે દુનિયાની તમામ રમત સ્પર્ધા મોકુફ કરવામાં આવી ચુકી છે. જેમાં ઓલિમ્પક સ્પર્ધાન સમાવેશ થાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયશીપ ટેનિસમાં સૌથી જુની સ્પર્ધા પૈકીની એક છે. વર્ષ ૧૮૮૧માં તેની શરૂઆત થયા બાદથી દર વર્ષે આ ચેમ્પિયનશીપ યોજાય છે. વિશ્વમાં ચાર ગ્રાન્ડ સ્લેમ દર વર્ષે રમાય છે જે પૈકી યુએસ ઓપન પણ એક છે. આ ચેમ્પિયનશીપ મુખ્યરીતે હાર્ડકોર્ટ પર રમાય છે. વર્ષ ૧૯૮૭ બાદથી યુએસ ઓપને સત્તાવાર રીતે ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ તરીકે જાહેર કરવામાં આવી હતી. અન્ય ત્રણ ગ્રાન્ડ સ્લેમમાં વિમ્બલ્ડન, ઓસ્ટ્રેલિયન ઓપન અનેફ્રેન્ચ ઓપનનો સમાવેશ થાય છે. યુએસ ઓપન સામાન્ય રીતે દર વર્ષે ઓગષ્ટના અંતિમ સપ્તાહમાં યોજાય છે. કેટલીક વખત સપ્ટેમ્બરના પ્રથમ બે સપ્તાહમાં પણ આનુ આયોજન કરવામાં આવે છે. આનો ઈતિહાસ ખુબ રોચક છે. સૌથી વધુ ટાઈટલ જીતવાનો રેકોર્ડ રોજર ફેડરર, જીમી કોનર્સ, પેટ સામ્પ્રસના નામ ઉપર છે. આ ત્રણેય ખેલાડીઓએ પુરુષ વર્ગમાં સિંગલ્સ સ્પર્ધા પાંચ-પાંચ વખત જીતી છે. જ્યારે મહિલા વર્ગમાં સેરેના વિલિયમ્સ અને ક્રિસ એવર્ટ છ-છ વખત સિંગલ્સ સ્પર્ધાનો તાજ જીતી શકી છે. આ વખતે પ્રથમ વખત ગ્રાન્ડસ્લેમમાં ઓનકોર્ટ ક્લોક પણ રહેશે. ઉપરાંત ઈલેક્ટ્રોનિક લાઈન કોલ રિવ્યુની શરૂઆત કરવામાં આવી છે. વર્ષની અંતિમ ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલા સિંગલ્સનો તાજ મોટા અપસેટ સર્જીને ગયા વર્ષે ટીનેજર ખેલાડી બિયાંકા એન્ડ્રીસ્કુએ જીતી લીધી હતી. ફાઈનલ મેચમાં બિયાંકાએ સેરેના વિલિયમ્સ ઉપર જોરદાર જીત મેળવી હતી. ૩૭ વર્ષીય વિલિયમ્સ પાસે ૧૯ વર્ષીય ખેલાડીના શોર્ટના કોઈ જવાબ મળ્યા ન હતા. કેનેડાની ૧૫મી ક્રમાંકિત ખેલાડીએ પ્રથમ વખત મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવીને ધરખમ દેખાવ કર્યો હતો. બિયાંકા ગ્લેમરની દુનિયામાં પણ મોટુ નામ ધરાવે છે. યુએસ ઓપનને લઈને પહેલાથી જ ઉત્સુકતા જોવા મળી રહી છે.

સફાઈ ન થતા સડો વધવાથી દાંત ખરાબ થવા લાગી જાય છે

બિમારી ટાળવા દાંતની સફાઈ જરૂરી

દાંતના ઈન્ફેક્શનના કારણે મોટી ભાગના લોકો પરેશાન રહે છે : દાંતની બિમારીને લઈને લાપરવાહી ન રાખવા માટે નિષ્ણાંતોની સ્પષ્ટ સલાહ

આધુનિક સમયમાં યોગ્ય રીતે અને નિયમિતપણે સફાઈ ન થવાની સ્થિતીમાં દાંતની અનેક બિમારીને આમંત્રણ મળે છે. સફાઈ સમયસર અને યોગ્યરીતે ન થવાની સ્થિતીમાં દાંતમાં સડો વધે છે અને દાંત ધીમે ધીમે ખરાબ થાય છે. દાંતને લઈને લાપરવાહી ઘાતક સાબિત થઈ શકે છે. કોઈ પણ લાપરવાહ બાળકોથી લઈને દરેક વર્ગના લોકોને હેરાન કરે છે. દાંતની જુદી જુદી બિમારીને આમંત્રણ આપે છે. આમાંથી એક છે દાંતના ઈન્ફેક્શનની તકલીફ. દાંતના ઈન્ફેક્શનથીહાલના સમયમાં મોટા ભાગના લોકો ગ્રસ્ત રહે છે. ભોજન અથવા તો તેના નાના નાના કણો દાંતની ઉપરની સપાટી પર પ્લેકના રૂપમાં સતત જામે છે જે દાંતને ધીમે ધીમે ખરાબ કરે છે. તેમાં કેવિટી થવા લાગે છે. આ દાંતની સાથે સાથે ઈનમલ, ડેન્ટીન અને પલ્પ સુધીની સપાટી પર અસર કરે છે. જેથી તેને નુકસાન કરવાની શરૂઆત કરે છે. આવી સ્થિતીમાં કેટલાક ભોજન ખાવાથી દાંત પર દબાણ આવે છે. જેથી અહીની સંવેદનશીલ નસો પર જોર પડે છે. જેના કારણે જોરદારપિડા રહે છે. તેમાં વધારે લાપરવાહી પીડાજનક બની શકે છે. જ્યાં સુધી કેવિટીની સમસ્યા દાંતની ઉપરની સપાટી પર રહે છે ત્યાં સુધી વ્યક્તિને કોઈ જાતની તકલીફ થતી નથી. પરંતુ લાંબા સમય સુધી દાંતની જો યોગ્યકરીતે સફાઈ કરવામાં ન આવે તો તે પલ્પ સુધી ફેલાઈ જાય છે. જેથી અસહનીય દુખાવો શરૂ થઈ જાય છે. જે કોઈ પણ પ્રકારના પેનિ કિલરથી દુર થશે નહી. આ પીડા ખાટી ચીજો, ઠંડી ચીજો અને ગરમ ચીજો ખાવાથી એકાએક વધી શકે છે. આ ઉપરાંત જો પલ્પની સાથે દાંતના અપેક્સ અથવા તો દાંતની જડ સુધી અસર થાય તો ડેન્ટલ એબ્સેસ રોગની શંકા રહે છે. જેથી ઈન્ફેક્શન વધી જવાથી લોહી નિકળવાની શરૂઆત થઈ જાય છે. કેટલીક વખત દાંતની ચારેબાજુના હાડકા ગળવાની શરૂઆત થઈ જાય છે. ભોજજન લીધા બાદ દરેક વખતે બ્રશ કરવામાં આવે છે. છતાં પણ દાંતની ચારેબાજુ સપાટી જામી જાય છે. સાથે સાથે પીડા રહે છે. નિષ્ણાંત તબીબોના કહેવા મુજબ જો વ્યક્તિ માત્ર સવારમાં અને સાંજે જ નિયમિતરીતે અને સારી રીતે બ્રશ કરે છે તો કોઈ તકલીફ થતી નથી. કેટલાક મામલામાં નિયમિત બ્રશ નહી કરવા, ગળી ચીજો વધારે પ્રમાણમાં ખાવા અને ભોજન લીધા બાદ સફાઈ ન કરવાની સ્થિતીમાં પરેશાની વધતી જાય છે. કેટલીક વખત અન્ય રોગ માટે લેવામાં આવી રહેલી દવા અને બિસ્કિટ ખાધા બાદ સફાઈ ન કરવાની સ્થિતીમાં ભવિષ્યમાં પરેશાન વધવાનો ખતરો રહે છે. જો કેવિટી માત્ર દાંતની ઈનમેલ સુધી હોય તો માત્ર ફિલિંગ કરી દેવામાં આવે છે. રૂટ કેનાલ ઈન્ફેક્શન થવાની સ્થિતીમાં કરવામાં આવે છે. આમાં મોટા ભાગે રોગની ગંભીરતા અને દર્દીની સ્થિતીને ધ્યાનમાં લીધા બાદ મલ્ટીપલ સિટિંગમાં ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. કેટલાક મામલામાં તો એક સિટિંગમાં પૅણ સારવાર કરવામાં આવે છે. જો સમસ્યા મોલ અને પ્રી મોલર દાંત સાથે જોડાયેલી છે તો આ સારવાર માટે કેપ લગાવવાની જરૂર પડે છે. જેથી કોઈ પણ ભોજન ખાવાની સ્થિતીમાં દાંતને નુકસાન ન થાય. હાલમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વમાં ૨૫ ટકા લોકો જ પુરતા પ્રમાણમાં દાંતની સફાઈ કરી શકે છે. વિશ્વમાં ૪૫ ટકા લોકો કોઈને કોઈ પ્રકારની દાંતની સમસ્યાથી ગ્રસ્ત રહેલા છે. દાંતમાં જુદી જુદી બિમારી ઘાતક સાબિત થઈ શકે છે. નિષ્ણાંત ડેન્ટલ કહે છે કે બ્રશ કરવાને લઈને નિયમિત અને સાવધાની રાખવી જોઈએ. પાંચ સ્ટેપમાં દાંતની સફાઈ કરવામાં આવે તે જરૂરી છે. દરેક દાંતની પાછળના હિસ્સામાં સફાઈ થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. દાંતની ઉપર અને નીચેના હિસ્સાને યોગ્ય રીતે સાફ કરવા માટે પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. હાલમાં દાંતના તબીબોને ત્યાં બાળકોને પણ જોઈ શકાય છે. યોગ્ય બ્રશ નહી કરવાની સ્થિતીમાં ધીમે ધીમે દાંતમાં તકલીફ થવાની શરૂઆત થઈ જાય છે. બ્રશ કરવાની સાથે જીભને સાફ કરવામાં આવે તે જરૂરી છે.



ચાર સ્ટેપમાં સારવાર કરવામાં આવે છે

દાંતની સારવારના તબક્કા

કેવિટી માત્ર દાંતની ઈનમેલ સુધી હોય તો માત્ર ફિલિંગ કરી દેવામાં આવે છે. રૂટ કેનાલ ઈન્ફેક્શન થવાની સ્થિતીમાં કરવામાં આવે છે. આમાં મોટા ભાગે રોગની ગંભીરતા અને દર્દીની સ્થિતીને ધ્યાનમાં લીધા બાદ મલ્ટીપલ સિટિંગમાં ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. કેટલાક મામલામાં તો એક સિટિંગમાં પૅણ સારવાર કરવામાં આવે છે. જો સમસ્યા મોલ અને પ્રી મોલર દાંત સાથે જોડાયેલી છે તો આ સારવાર માટે કેપ લગાવવાની જરૂર પડે છે.રૂટ કેનાલ ટ્રિટમેન્ટ ચાર સ્ટેપમાં થાય છે. જે નીચે મુજબ છે

સ્ટેપ-૧

દાંત અથવા તો આસપાસના અસરગ્રસ્ત વિસ્તારમાં લોકલ અનેસ્થીસિયા આપીને દાંતના ક્રાઉનમાં ડ્રીલથી હોલ કરવામાં આવે છે. અથવા તો પહેલા રહેલા હોલને વધારીને પલ્સ સુધીના હિસ્સા સુધી રસ્તો બનાવી દેવામાં આવે છે.

સ્ટેપ-૨


સ્પેશિયલ એન્ડોડાનટિક ફાઈલ મારફતે ઈન્ફેક્શનગ્રસ્ત પલ્સને બહાર કાઢી દેવામાં આવે છે. ત્યારબાદ દાંતને અંદરના ભાગનથી સાફ કરવામાં આવે છે. જેથી ફિલિંગ કરવા માટેનો માર્ગ મોકળો કરવામાં આવે છે.

સ્ટેપ-૩

દાંતની પલ્સવાળી જગ્યા અને ઉપરની ખાલી જગ્યામાં ફિલિંગ કરવામાં આવે છે. આના કારણે દાંતોમાં ઈન્ફેક્શન અને ભોજનના કણો જમા થઈ જવાનો ખતરો ઘટી જાય છે.

સ્ટેપ-૪

છેલ્લે આ દાંત પર ક્રાઉન કેપ લગાવી દેવામાં આવે છે. જે દાંત અથવા તો અન્ય મૈટલના રંગના હોઈ શકે છે. તેને ફિલિંગ મેટિરિયલ સાથે જોડી દેવામાં આવે છે.



ટાઈફોઈડ જેવા રોગોના કારણે પણ માથામાં લોહી જમા થવાથી આ રોગ થઈ શકે છે : માથામાં સતત જોરદાર દુખાવો રહે છે

મુખ્ય કારણ : માથામાં ઈજા થવાથી બ્રેઈન હેમરેજ થઈ શકે

બ્રેઈન હેમરેજ : હોમિયોપેથી સારવાર

હોમિયોપેથીથી પણ બ્રેઈન હેમરેજની સારવાર શક્ય રહેલી છે. આના માટે લાંબી સારવારની રીત રહેલી છે. જે અસરકારક સાબિત થઈ શકે છે. બ્રેઈન હેમરેજ એટલે કે દિમાંગમાં કોઈ પ્રકારે રક્તસ્ત્રાવ થવાની બાબત. માથામાં ઈજા થવા, પડી જવા અને અકસ્માતમાં વાગી જવાના કારણે આ તકલીફ થાય છે. આ તકલીફ થવાની સ્થિતીમાં વ્યક્તિને માથામાં જોરદાર દુખાવો રહે છે. ચક્કર આવવા લાગી જાય છે. જોવામાં તકલીફ પણ પડે છે. ટાયફોઈડ અને અન્ય કેટલાક રોગ થવાના કારણે પણ માથામાં લોહી જમા થઈ જાય છે, જેથી પણ આ રોગ થઈ જાય છે. બ્રેઈન હેમરેજ થવાની સ્થિતીમાં કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે. બ્રેઈન બેમરેજ થવાની સ્થિતીમાં રોગીને સીધી રીતે સુવડાવીને તેના માથામાં આઈસ બેગ અથવા તો ઠંડા પાણીની પટ્ટી મુકવામાં આવે તે જરૂરી છે. કોઈ પણ પ્રકારની દિમાગી ઈજા થવાની સ્થિતીમાં જો દર્દીને ચક્કર આવવા લાગે, માથામાં દુખાવો થાય, ઉલ્ટી થવા લાગે તો તેને જમીન પર સુવડાવીને માથાના હિસ્સાને ઉપર રાખવામાં આવે તે જરૂરી છે. રૂમમાં કોઈ પણ પ્રકારનો પવન ન આવે તે બાબતની કાળજી જરૂરી છે. આવી સ્થિતીમાં દર્દીને દુધ, કાચા નારિયળનુ પાણી, ગ્લુકોઝ અને ઠંડુ પાણી જેવા પ્રવાહી ચીજવસ્તુઓ આપવામાં આવે તે જરૂરી છે. આટલુ કર્યા બાદ પણ જો દર્દીના ચહેરા પર ગંભીર સોજા આવવાની શરૂઆત થાય અને તેને માથામાં કોઈ હલચલ જેવી બાબત અનુભવ થાય તો તરત તબીબનો સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. હોસ્પિટલમાં લઈ જતી વેળા દર્દીને સુવડાવી રાખવામાં આવે તે જરૂરી છે.તેના માથા પર ઠંડા પાણીની પટ્ટી સતત મુકવામાં આવે તે જરૂરી છે. આનાથી રક્ત સ્ત્રાવ અટકી જાય તે જરૂરી છે. મોટા ભાગે બ્રેઈન હેમરેજ થવાની સ્થિતીમાં એલોપેથિક સારવાર માટે લઈ જવામાં આવે છે. ત્યારબાદ હોમિયોપેથી સારવાર આપવામાં આવે છે. લક્ષણોની વાત કરવામાં આવે તો વધારે રક્તસ્ત્રાવ થવાની સ્થિતીમાં દર્દીની યાદશક્તિ જતી રહે છે. તેને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. દર્દીના નાક અને મોથી લોહી નિકળવા લાગે છે. કેટલીક વખત મોમાં લોહી ભરાઈ જાય છે. તબીબો ગંભીર સ્થિતીમાં તરત રક્તસ્ત્રાવ રોકવા માટે મિલીફોલિયમ અને ફેરમફાસ નામની દવા આપે છે. હાઈપરટેન્શન અથવા તો હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સિગારેટ ધુમ્રપાન અને વધારે પ્રમાણમાં શરાબ પીવાની સ્થિતીમાં પણ આની તકલીફ થવાની સંભાવના રહે છે. આની સારવાર આઈસીએચના પ્રકાર પર આધારિત રહે છે. રેપિડ સીટી સ્કેન અને અન્ય સારવારના પગલાનો પણ આમાં ઉપયોગ કરવામાં આવે છે. યોગ્ય સારવાર મળે તે માટે હોમિયોપેથી પણ એક સારવાર છે. સર્જરી પણ કેટલાક કેસમાં કરવામાં આવે છે. એન્ટીહાઈપરટેન્શન થેરાપી મુશ્કેલ તબક્કામાં બ્લડ પ્રેશરમાં ઘટાડો કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે.બ્રેઈન હેમરેજ થવાની સ્થિતીમાં કેટલીક કાળજી રાખવામાં આવે અને તરત જ તબીબોનો સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. કોઈ પણ પ્રકારની લાપરવાહી વધારે સમસ્યા ઉભી કરી શકે છે. સાથે સાથે જીવલેણ પણ સાબિત થઈ શકે છે. માથાના ભાગમાં ઈજા થવાની સ્થિતીમાં બ્રેઈન હેમરેજ થવાનો ખતરો વધારે રહે છે. મોટા ભાગે માર્ગ અકસ્માતના કેસમાં આ પ્રકારની તકલીફ વધારે થાય છે. જેથી માગ અકસ્માતને ટાળવા માટે ટુ વ્હીલર્સ ચાલકોએ હમેંશા હેલમેટનો ઉપયોગ કરવો જોઈએ આના કારણે માથાના ભાગે થતી ઈજાથી બચી શકાય છે. સાથે સાથે પોતાની સુરક્ષા પણ થાય છ. બીજી બાજુ ગાડી ચલાવનાર અથવા તો ફોર વીલનો ઉપયોગ કરનાર લોકોએ સીટ બેલ્ટનો ઉપયોગ હમેંશા કરવો જોઈએ. આના કારણે અકસ્માતના ખતરાને ટાળી શકાય છે. હાલના સમયમાં બેદરકારી પૂર્વક ડ્રાઈવિંગના બનાવો વધુ બની રહ્યા છે. આમાં બ્રેઈન હેમરજેના કેસમાં વધારો થઈ રહ્યો છે. થોડીક તકેદારી રાખીને આ ઘાતક બિમારીના શિકાર થવાથી બચી શકાય છે.

ટિપ્સ : લક્ષણ દેખાયા બાદ વહેલીતકે સારવાર અતિ જરૂરી છે

કિડનીના દર્દીઓ સતત વધી રહ્યા છે

કિડનીની સારવારમાં વિલંબ કરવાની સ્થિતીમાં બિમારી જીવલેણ સાબિત થઈ જાય છે : સાવધાની અતિ જરૂરી બની ગઈ છે

છેલ્લા કેટલાક વર્ષોમા શહેરી વિસ્તારોમાં રહેતા લોકોમાં કિડનીના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. આ બાબત ચિંતાજનક હોવાની સાથે સાથે ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની પણ જરૂર દેખાઈ રહી છે. કારણ કે એક વખતે બિમારી વધી ગયા બાદ સારવાર કરવાની બાબત પડકારૂપ હોય છે. જેથી વહેલી તકે સારવાર કરવાની ટેવ હમેંશા ફાયદો કરાવે છે. અન્ય તકલીફની જેમ કિડનીના રોગની સારવાર પણ શરૂઆતના તબક્કામાં કરાવીને જીવનને લંબાવી શકાય છે. કિડની શરીર માટે ખુબ સંવેદનશીલ છે. આધુનિક લાઈફસ્ટાઈલ અને અન્ય જુદી જુદી ટેવના કારણે શહેરી વિસ્તારમા હાલના વર્ષોમાં કિડનીના રોગના દર્દીઓ વધ્યા છે. કિડનીની સારવાર કરાવવામાં વિલંબ ખતરનાક સાબિત થઈ જાય છે. આવી સ્થિતીમાં કોઈ પણ તકલીફ દેખાય તો સારવાર તરફ તરત ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. થોડાક સમય પહેલા કરવામાં આવેલા અભ્યાસનાતારણ તમામ માટે ચોંકાવનારા છે. આમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૭ ટકા શહેરી ભારતીયો કિડનીના રોગથી ગ્રસ્ત છે. ડાયાબિટીસ અને હાઈપર ટેન્શનના કેસો શહેરી ભારતમાં વધી રહ્યા છે. ૧૨ શહેરોને આવરી લઈને કરાયેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે દરેક ૧૦૦ લોકો પૈકી ૧૭ લોકો કિડનીના રોગથી ગ્રસ્ત થયેલા છે જે પૈકી છ ટકા લોકો તબક્કા ત્રણ કિડની રોગમાં પહોંચે છે જેમાં તબીબી સારવાર અતિ જરૂરી બની જાય છે. કેટલાક કેસોમાં ખૂબ જ ખર્ચાળ સારવાર જેમ કે ડાયાલિસીસ અથવા ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. અભ્યાસમાં ૧૩ હોસ્પિટલ પાસેથી આંકડા લેવામાં આવ્યા છે જેમાં ખાનગી અને સરકારી હોસ્પિટલનો સમાવેશ થાય છે. દેશમાં કિડનીના રોગ અંગે સૌથી મોટા અભ્યાસના ભાગરૂપે આ અંગેનો દાવો કરવામાં આવ્યો છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે મોટાભાગના વ્યક્તિગતો ક્લોનીક કિડની ડિસીઝ (સીકેડી)ના જુદા જુદા તબક્કામાં સારવાર માટે પહોંચે છે. તે પહેલા કોઈપણ કિડની કામગીરીની સારવાર કરાવતા નથી. ભારતમાં યુવા લોકો પણ અટકાયતી ચેકઅપમાં વિશ્વાસ રાખતા નથી જે ખૂબ જ ખરાબ બાબત છે. વિલંબથી સારવારના પરિણામ સ્વરૂપે પણ જટિલ સ્થિતિ ઉભી થાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સીકેડીથી પિડાતા ૬૪.૫ ટકા દર્દીઓ હાઈપરટેન્શનથી પણ ગ્રસ્ત છે જ્યારે ૪.૭ ટકા લોક એનેનીયાથી ગ્રસ્ત છે. ૩૧.૬ ટકા લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત છે. નવી દિલ્હીમાં રામમનોહર લોહીયા હોસ્પિટલમાં નેફ્રોલોજી વિભાગના વડા ડૉ. શામસુંદરનું કહેવું છે કે સીકેડીથી ગ્રસ્ત મોટાભાગના દર્દીઓ એવા સમયે હોસ્પિટલ પહોંચે છે જ્યારે તેમની કિડનીની કામગીરી તેની ક્ષમતાની અડધીમાં આવી જાય છે. જો આ રોગને તબક્કા એક અને તબક્કા બેમાં સારવાર માટે હાથ ધરવામાં આવે તો તેની ખતરનાક અસર ઘટી જાય છે અને દવાથી તેની અસર ઘટી જાય છે. કિડની ફેલિયરના પારિવારિક ઈતિહાસ ધરાવતા લોકોમાં આ અસર પહેલા દેખાય છે. વારણસી, કાનપુર, દિલ્હી, લુધિયાણા, ભોપાલ, નડિયાદ (ગુજરાત), મુંબઈ, મૈસુર, બેંગ્લોર, કોચીન અને વિશાખાપટ્ટનમને આવરી લઈને કરાયેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરાયો છે. સીકેડીના સૌથી વધુ કેસ વિશાખાપટ્ટનમમાં ૪૬.૮ ટકા નોંધાયા છે. એક વખત કિડની ફેલિયરથી ગ્રસ્ત થયા બાદ દર્દી પાસે વધારે વિકલ્પ રહેતા નથી. માત્ર સારવારના વિકલ્પ લાંબાગાળે ડાયાલિસીસ અથવા ટ્રાન્સપ્લાન્ટ રહે છે. આ બંને સારવાર ખૂબ જ ખર્ચાળ સાબિત થઈ શકે છે. ભારતમાં માત્ર ૧૦૦૦ કિડની સ્પેશિયાલિસ્ટ અથવા નેફ્રોલોજીસ્ટ તબીબો છે. આનો મતલબ એ થયો કે અટકાયતી પગલા વહેલી તકે લેવાની જરૂર છે. આના લીધે ઘણી કટોકટી ઊભી થઈ શકે છે.



કિડની સ્પેશિયાલિસ્ટોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવે તે જરૂરી છે. નિષ્ણાંતોનું કહેવું છે કે સીકેડીના સીધા સંબંધ મેટાબોલીક જુદી જુદી ખામીઓ અને હાડકાની બિમારીઓ સાથે સંબંધિત છે. હાર્ડ એટેકનો ખતરો પણ રહેલો છે

અમારી પાસે ખતરનાક કૂતરા અને ઘાતક હથિયાર છેઃ ટ્રમ્પની ચેતવણી

અશ્વેત વ્યક્તિના મોત બાદ અમેરિકામાં હિંસા, ૨૫ શહેરોમાં કર્ફ્યૂ

વોશિંગ્ટન

અમેરિકામાં અશ્વેત વ્યક્તિ જોર્જ ફ્લોયડના મોત અને પોલીસ દ્વારા અન્ય અશ્વેત લોકોની હત્યાના વિરોધમાં દેશના અનેક ભાગોમાં પ્રદર્શન થઈ રહ્યા છે. શનિવારે રાત્રે અનેક શહેરોમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. હવે લોસ એન્જિલસ, ફિલેડેલ્ફિયા અને એટલાન્ટા સહિત ૧૬ રાજ્યોના ૨૫ શહેરોમાં કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે. ત્યાંજ ટ્રમ્પે પ્રદર્શનકારીઓને ચેતવણી આપતા જણાવ્યું છે કે, અમારી પાસે ખનરનાક કૂતરા અને ઘાતક હથિયાર છે.

પોલીસે જણાવ્યું કે, અત્યાર સુધી અમેરિકામાં અત્યાર સુધી ૧૪૦૦ પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી છે. મિનેસોટમાં ગુરુવાર બપોરથી શનિવારે બપોર સુધી તોફાન, ચોરી અને સંપત્તિને નુકસાન પહોંચાડવાના આરોપમાં ૫૧ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

શુક્રવારે પ્રદર્શનકારીઓ વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસની બહાર પર વિરોધ પ્રદર્શન કર્યા હતા ત્યારબાદ વ્હાઈટ હાઉસને બંધ કરવામાં આવ્યો હતો. શનિવારે સુરક્ષા અધિકારીઓ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ સર્જાઈ હતી.

ટ્રમ્પે આ અંગે જણાવ્યું હતું કે, હું અંદર હતો અને પ્રત્યેક ઘટનાને જોઈ રહ્યો હતો. હું સુરક્ષિત અનુભવી રહ્યો હતો. લોકો ભેગા થયા હતા પરંતુ કોઈ પણ ફેન્સ તોડવા માટે નજીક આવ્યો નહતો. જો તેઓ અંદર આવતા તો તેમનો સ્વાગત ખતરનાક કૂતરા અને ઘાતક હથિયારોથી કરવામાં આવતો.

મિનિપોલીસની પોલીસે અગાઉ જણાવ્યું હતું કે, છેતરપિંડીના એક કેસમાં તપાસ દરમિયાન આરોપીને કારમાંથી બહાર કાઢવાના આદેશ આપવામાં આવ્યા હતા. બહાર કાઢ્યા બાદ જોર્જ ફ્લોયર્ડે પોલીસ અધિકારી સાથે ધક્કામુક્કી કરી હતી જેના જવાબમમાં અધિકારીઓએ તેને હથકડી લગાવીને જમીન પર પાડી દેવામાં આવ્યો હતો. પોલીસે તેના ગળા પર પગ મૂકી દીધો હતો જેને કારણે તેનું મોત થઈ ગયું હતું.

કોરોના મહામારી વચ્ચે

દિલ્હી સરકારને પગાર કરવાના ફાંફાઃ કેન્દ્ર પાસે ૫૦૦૦ કરોડ માંગ્યા

ન્યુ દિલ્હી

કોરોનાના સંકટ વચ્ચે દિલ્હીની કેજરીવાલ સરકારના ખિસ્સા ખાલી થઈ ગયા છે. દિલ્હી સરકારે કેન્દ્ર પાસે ૫૦૦૦ કરોડ રુપિયાની મદદ માંગીને કહ્યુ છે કે, અમારી પાસે સ્ટાફની સેલેરી કરવાનો પણ પગાર નથી એટલે આ પૈસા વહેલી તકે આપવામાં આવે.

દિલ્હી સરકારના મંત્રી મનિષ સિસોદીયાએ કહ્યુ હતુ કે, કોરોનાના કારણે લાગુ થયેલા લોકડાઉન વચ્ચે દિલ્હી સરકારના ટેક્સ કલેક્શન પર મોટી અસર પડી છે અને કેન્દ્ર દ્વારા બીજા રાજ્યોની જેમ દિલ્હીને કોઈ કરવામાં આવી નથી.

તેમણે કહ્યુ હતુ કે, દિલ્હી સરકારને સેલેરી તેમજ બીજા ખર્ચા માટે ૩૫૦૦ કરોડની જરૂર છે. અત્યાર સુધીમાં દિલ્હીને ૧૭૩૫ કરોડ રુપિયા મળ્યા છે. જ્યારે ૭૦૦૦૦ કરોડ રુપિયાની આવકનો અંદાજ હતો.કેન્દ્ર સરકાર દિલ્હીને તાત્કાલિક ૫૦૦૦ કરોડની સહાય કરે. આ માટે નાણા મંત્રીને પત્ર પણ લખ્યો છે.

કપિલ સિબ્બલે મોદી પર આકરા પ્રહારો કર્યા

બાહુબલી વડાપ્રધાન પણ કોરોના વાઈરસના રોગચાળાને અટકાવવા અસક્ષમ

ન્યુ દિલ્હી

તાજેતરમાં મોદી સરકારે બીજા કાર્યકાળનું પ્રથમ વર્ષ પૂર્ણ કર્યું છે. દેશ અને સમગ્ર વિશ્વ જ્યારે કોરોના વાઈસર સામે ઝઝૂમી રહ્યું છે. કોરોના વાઈરસના પોઝિટિવ કેસો ભારતમાં સતત વધી રહ્યા છે. આ બાબતે કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કામગીરી પર કટાક્ષ કરતા જણાવ્યું કે, બાહુબલી વડાપ્રધાન પણ કોરોના વાઈરસને રોકી શક્યા નહી અને તેમને દેશને વધુ ગંભીર પરિસ્થિતિમાં ધકેલી દીધો છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પીએમ કેર્સમાંથી કેટલા રૂપિયા મજૂરો માટે વાપર્યા તેના આંકડા જાહેર કરે. સરકાર પાસે મજૂરોના આંકડા પણ નથી. સરકાર પાસે માત્ર એટલી જ માહિતી છે કે, ૨૮ લાખ લોકોને મદદ કરવામાં આવી છે. સિબ્બલે મોદી સરકાર પર વાક પ્રહારો કરતા કહ્યું કે, ૨૪ માર્ચ પહેલા સરકાર પહેલા ભેદભાવના રાજકારણમાં રચ્યું પચ્યું હતું. બાદમાં કોરોના વાઈરસના કારણે બધું બદલાઈ ગયું. હવે સરકારને સમજાતું નથી કે, દેશ કઈ રીતે ચલાવવો.

વુહાનના સી-ફૂડ માર્કેટમાંથી કોરોના ફેલાયો નથીઃ ચીન

બેઇજિંગ

ચીને માન્યું છે કે, કોરોના વાયરસ વુહાનના જંગલી પ્રાણીઓના માર્કેટથી ફેલાયો નથી. ગ્લોબલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, ચીનના સેન્ટર ફોર ડિઝીઝ કન્ટ્રોલ અને પ્રિવેન્શનના ડિરેક્ટર ગાઓ ફૂએ જણાવ્યું છે કે, શરૂઆતમાં અમે માન્યું કે સી-ફૂડ માર્કેટથી વાયરસ ફેલાયો હતો પરંતુ હવે લાગે છે કે માર્કેટ વિક્ટમ બની ગયું. નોવેલ કોરોના વાયરસ ઘણા સમય પહેલાથી જ હાજર હતો. ગાઓ ફૂએ જણાવ્યું કે, તેઓ જાન્યુઆરીની શરૂઆતમાં વુહાન ગયા હતા. પરંતુ કોઈપણ જીવના સેમ્પલમાં વાયરસના લક્ષણ મળ્યા નહતા. વાયરસના ક્યાંથી ફેલાયો તે જાણવા માટે ચીનના વૈજ્ઞાનિકો ખૂબ જ મહેનત કરી રહ્યા છે.

વાયરસના કેસ સામે આવ્યા બાદથી ચીન જણાવી રહ્યું છે કે આ વાયરસ જંગલી પ્રાણીઓના માર્કેટથી ફેલાયો છે પરંતુ અમેરિકા સહિત અનેક દેશો આક્ષેપ કરી રહ્યા છે કે કોરોના વાયરસ વુહાનના માર્કેટ પાસે સ્થિતિ વાયરોલોજી ઈન્સ્ટીટ્યૂટની લેબમાંથી લીક થયો છે.

મુંબઈમાં કોરોના કટોકટી માટે 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ જવાબદારઃ સંજય રાઉત

મુંબઈ

શિવસેના રાજ્યસભાના સદસ્ય અને વરિષ્ઠ નેતા સંજય રાઉતે પાર્ટીના મુખપત્ર સામના અખબારમાં એમની સામાહિક કોલમમાં એક વિચિત્ર દાવો કર્યો છે. એમણે કહ્યું છે કે ગયા ફેબ્રુઆરી મહિનામાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આવકારવા માટે અમદાવાદમાં યોજાઈ ગયેલો 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ ગુજરાત, મુંબઈ અને દિલ્હીમાં કોરોના વાઈરસ બીમારીના ફેલાવા માટે જવાબદાર છે.

ઉલ્લેખનીય છે કે ભારત આવેલા પ્રમુખ ટ્રમ્પના પ્રતિનિધિમંડળના કેટલાક સભ્યોએ અમદાવાદ, મુંબઈ અને દિલ્હી શહેરોની મુલાકાત લીધી હતી.

કોઈ પ્રકારના આયોજન વગર દેશમાં કોરોના વાઈરસ લોકડાઉન લાગુ કરવા બદલ અને હવે તે ઉઠાવી લેવાની જવાબદારી રાજ્યો પર નાખવા બદલ રાઉતે કેન્દ્ર સરકારની ઝાટકણી પણ કાઢી છે. રાઉતે લખ્યું છે કે, એ વાતને નકારી શકાય એમ નથી કે યુએસ પ્રમુખ ટ્રમ્પને આવકારવા માટે યોજાઈ ગયેલા વિશાળ જાહેર કાર્યક્રમને કારણે જ ગુજરાતમાં કોરોના વાઈરસનો ફેલાવો થયો છે. ટ્રમ્પની સાથે આવેલા કેટલાક પ્રતિનિધિઓએ મુંબઈ અને દિલ્હીની પણ મુલાકાત લીધી હતી અને એને કારણે જ વાયરસ ફેલાયો છે.

આજથી રેલવે પહેલા પાનાથી ચાલુ

- સ્ટેશન પર થર્મલ સ્કીનિંગની સુવિધા માટે યાત્રીકોએ ઓછામાં ઓછી ૯૦ મિનિટ પહેલા સ્ટેશન પર પહોંચવું પડશે.

- બીમાર લોકોને યાત્રા કરવાની મંજૂરી નથી. યાત્રી સ્ટેશન અને ટ્રેનો બંન્ને પર સોશિયલ ડિસ્ટેન્સિંગ જાળવી રાખવું પડશે.

-માત્ર કન્ફર્મ ટિકિટ વાળા યાત્રીકોને રેલવે સ્ટેશનમાં પ્રવેશ કરવાની મંજૂરી હશે.

-ટ્રેનની અંદર કોઈ ધાબળો કે ચાદર આપવામાં આવશે નહીં.

અમેરિકાએ રચ્યો પહેલા પાનાથી ચાલુ

૧૯૬૧માં એળન શેફર્ડે પણ પ્રથમ માનવ સ્પેસ મિશન વખતે ઉચ્ચાર્યું હતું.

અમેરિકાએ સૌપ્રથમ વખત ખાનગી કંપનીના રોકેટ દ્વારા ક્રૂ ડ્રેગન કેપ્સ્યૂલમાં અવકાશ યાત્રીઓ સાથે ઉડાન ભરી છે. આ પ્રક્ષેપણ સાથે જે કમર્શિયલ સ્પેસ ટ્રાવેલના એક નવા યુગનો પ્રારંભ થયો છે. અમેરિકા અગાઉ સૌપ્રથમ રશિયા અને ચીન આ પ્રકારના મિશન હાથ ધરી ચુક્યા છે. અવકાશમાં જતી વખતે યાત્રીઓને ત્યાં હવાની ગતિ નિયંત્રણના દાયરામાં રહેવાની જરૂર પડશે. ઓર્બિટમાં સફળતાપૂર્વક પહોંચ્યા બાદ ૧૯ કલાક પછી આ અવકાશ યાત્રીઓ તેમના ગંતવ્ય સ્થળ આંતરાષ્ટ્રીય અવકાશ મથકે પહોંચશે.

આ ખાસ પ્રસંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કેનેડી સ્પેસ સેન્ટર ખાતે હાજર રહ્યા હતા. આ ઉપરાંત વાઈસ પ્રેસિડેન્ટ માઈક પેન્સ પણ તેમની પત્ની સાથે હાજર રહ્યા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ સફળતા બદલ નાસાને શુભેચ્છા પાઠવી હતી તેમજ જણાવ્યું હતું કે અમેરિકનોની એકતાથી એવું કોઈ કામ નથી જે પુરું ના થઈ શકે.

૨૧ જુલાઈ ૨૦૧૧ બાદ સૌપ્રથમ વખત અમેરિકાની ધરતી ઉપરથી કોઈ સમાનવ મિશનને અવકાશમાં મોકલાયું છે. આ લોન્ચિંગ તે જ લોન્ચપેડ પરથી થઈ જ્યાંથી ૫૦ વર્ષ પૂર્વે સૌપ્રથમ એપોલો અંતરિક્ષ યાત્રીઓને ચંદ્ર પર મોકલવામાં આવ્યા હતા. ખાનગી રોકેટથી અવકાશમાં મોકલાયેલા બન્ને અમેરિકના અવકાશ યાત્રીઓ ચાર મહિના સ્પેસ સ્ટેશન પર રહેશે અને ત્યારબાદ ધરતી પર પરત ફરશે.

ISSમાં અંતરીક્ષયાત્રીઓ શું કરશે?

બંને અવકાશયાત્રી અંતરીક્ષમાં ૧૧૦ દિવસ સુધી રહેશે. સ્પેસએક્સ ડ્રેગન કેપ્સ્યુલ એકસાથે ૨૧૦ દિવસ અંતરીક્ષમાં રહી શકે છે અને બાદમાં રિપેરિંગ માટે તેણે ધરતી પર આવવું પડશે. તે સમયે બંને અંતરીક્ષયાત્રીઓ પાછા આવશે અથવા સ્પેસ સ્ટેશનમાં રહેલા અન્ય બે અંતરીક્ષયાત્રીને તેમના બદલે ધરતી પર પરત મોકલશે.

ભારતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

પર આધારીત અને વ્યાપક છે.

પ્રી-પ્રિન્ટ અભ્યાસમાં ભારતે ૨૨મી જાન્યુઆરીથી ૩૦મી એપ્રિલ દરમિયાન ૧.૦૨ મિલિયન થી વધુ લોકોનું પરીક્ષણ કર્યું તેમ જણાવાયું છે.

અભ્યાસ પ્રમાણે કોરોનાના હુમલાનો દર ૫૦થી ૬૯ વર્ષની ઉંમર ધરાવતા લોકોમાં સૌથી વધુ ૬૩.૩ (પ્રતિ ૧૦ લાખ) અને ૧૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવનારાઓમાં સૌથી ઓછો ૬.૧ (પ્રતિ ૧૦ લાખ) છે.

મહિલાઓ (૨૪.૩ પ્રતિ ૧૦ લાખ)ની તુલનાએ પુરૂષો (૪૧.૬ પ્રતિ ૧૦ લાખ) માં હુમલાનો દર વધુ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે ૨૬મી મે સુધી ભારતમાં પ્રતિ એક લાખ લોકોએ ૧૦.૭ કેસ નોંધાયા જ્યારે અમેરિકામાં ૪૮૬, બ્રિટનમાં ૫૦૪, બેલ્જિયમમાં ૪૯૯ અને મેક્સિકોમાં ૫૨.૨ કેસ નોંધાયા. ભારતના ૭૩૬ જિલ્લાઓમાંથી ૫૨૩ જિલ્લાઓમાં કોરોનાના કેસ નોંધાયા છે.

આત્મનિર્ભરતાથી પહેલા પાનાથી ચાલુ

પઢાણકોટના દિવ્યાંગ રાજુના દૃશ્ટાંતોનો ઉલ્લેખ કર્યો હતો જેમણે મર્યાદિત માધ્યમો વચ્ચે પણ આગળ આવીને કટોકટીના આ સમયમાં બીજા લોકોને મદદ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર દેશમાં ખૂણે ખૂણામાંથી સ્વ સહાય સમૂહોની મહિલાઓના ખંતની સંખ્યાબંધ ગાથાઓ અહીં રજૂ થઈ શકે તેમ છે. મહામારીના આ સમયનો સામનો કરવા માટે સક્રિયતાપૂર્વક કામ કરનારી દરેક વ્યક્તિના પ્રયાસોને પ્રધાનમંત્રીએ બિરદાવ્યા હતા. તેમણે નાસિકના રાજેન્દ્ર યાદવનું ઉદાહરણ આપ્યું હતું જેમણે પોતાના ટ્રેક્ટર સાથે લગાવેલું સેનિટાઈઝેશન મશીન તૈયાર કર્યું હતું. સંખ્યાબંધ દુકાનદારોએ 'દો ગજ કી દૂરી'નું પાલન કરવા માટે તેમની દુકાનો આગળ મોટી પાઈપલાઈનો લગાવીને આડશ ઉભી કરી છે. મહામારીના સમયના કારણે લોકોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો અને તેમણે પીડાવું પડ્યું તે બદલ ખૂબ જ દુઃખ વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસના કારણે સમાજના તમામ વર્ગોને અસર પડી છે પરંતુ વંચિત શ્રમિકો અને કામદાર વર્ગોને સૌથી વધુ ભોગવવું પડ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારો, દરેકે દરેક વિભાગો અને સંસ્થાઓ તેમને રાહત આપવા માટે એકબીજા સાથે હાથ મિલાવીને સંપૂર્ણ ઝડપ સાથે કામ કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશ સમજે છે અને તેને લાગે છે કે, તેઓ કેવી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે અને કેન્દ્ર, રાજ્યો તેમજ સ્થાનિક વહીવટીતંત્રની સંસ્થાઓમાંથી તમામ લોકો અવિરત કામ કરી રહ્યા છે. તેમણે એવા તમામ લોકોની પ્રશંસા કરી હતી જેઓ ટ્રેનો, બસો દ્વારા લાખો મુસાફરોને સલામતીપૂર્વક તેમના વતન રાજ્યોમાં પહોંડવા માટે, તેમને ભોજન આપવા માટે અને દરેક જિલ્લામાં તેમના ક્વૉરેન્ટાઈન્ટ માટે સુવિધા ઉભી કરવા માટે અથાક પરિશ્રમ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, પરિસ્થિતિ માટે નવા ઉકેલની કલ્પના કરવીએ વર્તમાન સમયની માંગ છે. તેમણે કહ્યું કે, સરકારે આ દિશામાં કેટલાક પગલાં લીધા છે. તેમણે ઉમેર્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લેવામાં આવેલા કેટલાક નિર્ણયોથી ગ્રામ્ય રોજગારી, સ્વરોજગારી અને નાના કદના ઉદ્યોગો માટે ખૂબ જ મોટાપાયે સંભાવનાઓના દ્વાર ખુલ્યા છે. તેણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આત્મનિર્ભર ભારતથી આ દાયકામાં દેશ નવી ઊંચાઈઓએ પહોંચવા માટે સમર્થ બનશે. પ્રધાનમંત્રીએ વારંવાર ભારપૂર્વક કહ્યું હતું કે, વર્તમાન કોરોના મહામારીના સમય દરમિયાન, દરેક જગ્યાએ લોકો 'યોગ' અને 'આયુર્વેદ' વિશે અને તેને જીવનની રીત તરીકે અપનાવવા વિશે વધુને વધુ જાણવા માટે ઈચ્છુક છે. તેમણે "કમ્યુનિટી, ઈમ્યુનિટી અને યુનિટી" (સમુદાય, પ્રતિકારકતા અને એકતા) માટે યોગની હિમાયત કરી હતી. તેમણે કહ્યું હતું કે, વર્તમાન કોરોના મહામારીના સમય દરમિયાન, યોગનું મહત્વ વધી ગયું છે કારણ કે, આ વાયરસ શ્વસનતંત્રને અસર કરે છે. યોગમાં એવા સંખ્યાબંધ પ્રકારના પ્રાણાયામ છે જે શ્વસનતંત્રને મજબૂત કરે છે અને તેમની લાભદાયી અસરો લાંબા સમય સુધી ટકી રહે છે. વધુમાં, પ્રધાનમંત્રીએ તમામ લોકોને અપીલ કરી હતી કે તેઓ આંતરરાષ્ટ્રીય વીડિયો બ્લોગ સંપર્ધા 'માય લાઈફ, માય યોગ' માટે વીડિયો શેર કરે. આ સ્પર્ધાનું આયોજન આયુષ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ દરેક લોકોને વિનંતી કરી હતી કે, તેઓ આ સ્પર્ધામાં ભાગ લે અને આગામી આતંરરાષ્ટ્રીય યોગ દિવસમાં પણ ભાગ લે. પ્રધાનમંત્રી શ્રી મોદીએ મહામારીને ખતમ કરવાના સરકારના પ્રયાસોને પણ બિરદાવ્યા હતા અને 'આયુષમાન ભારત' યોજના અંતર્ગત એક કરોડથી વધુ લોકોને લાભા મળ્યો છે તે બાબત જણાવતા ગૌરવ અનુભવ્યું હતું. તેમણે 'આયુષમાન ભારત'ના લાભર્થીઓને તેમજ આ મહામારીના સમયમાં દર્દીઓની સારવાર કરનારા તમામ ડૉક્ટરો, નર્સો અને તમામ તબીબી સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આપણે અત્યારે કોરોના વાયરસ સામે લડી રહ્યા છીએ ત્યારે સાથે સાથે અમ્ફાન ચક્રાવાત જેવી મોટી કુદરતી આપત્તીનો પણ સામનો કરી રહ્યા છીએ. તેમણે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના લોકોની હિંમત અને સાહસને બિરદાવ્યા હતા તેમણે મુશ્કેલીના આ સમયમાં અમ્ફાન ચક્રાવાતની સ્થિતિ સામે પણ લડત આપી હતી. તેમણે આ રાજ્યોમાં અગ્નિપરીક્ષાના આ સમયમાં મુશ્કેલીઓ વેઠનારા ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી અને જેઓ જે પ્રકારે હિંમત અને દૃઢતાપૂર્વક પરિસ્થિતિ સામે લડ્યા તે પ્રશંસનીય હોવાનું પણ તેમણે કહ્યું હતું. શ્રી મોદીએ કહ્યું હતું કે, ચક્રાવાતી આપત્તી ઉપરાંત દેશના ઘણા ભાગો તીડના આક્રમણથી પણ અસરગ્રસ્ત છે. તેમણે એ બાબતે પ્રકાશ પાડ્યો હતો કે, કટોકટીના આ સમયમાં સરકાર અવિરત કામ કરી રહી છે જેથી સામગ્ર દેશમાં સામાન્ય નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓની અછતનો સામનો ના કરવો પડે.

ટ્રમ્પે જુનમાં પહેલા પાનાથી ચાલુ

સમાવેશ થાય છે. આ દેશોના પ્રમુખો આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર અને મુદ્રા મુદ્દે વાત કરવા દર વર્ષે બેઠક યોજે છે.

આ વર્ષે જી-૭ની અધ્યક્ષતા અમેરિકા પાસે છે. શિખર સંમેલન દરમિયાન જી-૭ અધ્યક્ષ સામાન્ય રીતે કોઈ એક અથવા બે દેશના પ્રમુખને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરે છે. ગત વર્ષે ફ્રાંસના રાષ્ટ્રપતિ મૈક્રોંએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જી-૭ શિખર સંમેલન માટે આમંત્રિત કર્યા હતા.

લદ્દાખમાં ચીન સાથે તણાવ વધ્યોઃ ભારતે જમ્મુ-કાશ્મીરથી સૈનિકો રવાના કર્યા

ન્યુ દિલ્હી

ભારત અને ચીન વચ્ચે લદ્દાખ મોરચે તનાવ યથાવત છે. બંને દેશોએ હાલના સરહદ વિવાદને શાંતિથી ઉકેલવા માટે ભલે નિવેદન આપ્યા હોય પણ જમીન પરની વાસ્તવકિતા અલગ જ છે.

ખંધા ચીનનો ભારત ભરોસો કરી શકે તેમ નથી. હાલમાં જે સ્થિતિ છે તેના કારણે ભારતીય સેના અને ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસના બીજા પણ સેંકડો જવાનોને લદ્દાખમાં લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ તરફ રવાના કરવામાં આવ્યા છે. જ્યાં ભારત અને ચીનની સેના પહેલેથી જ આમને સામને છે.

એવા અહેવાલો મળી રહ્યા છે કે, ચીન તરફથી જવાનોની એક આખી બ્રિગેડ તૈનાત કરવામાં આવી છે. ઉપરાંત ઘણો સરંજામ પણ આ જગ્યાએ ઉતારવામાં આવી રહ્યો છે. શરુઆતમાં ભારતે રિઝર્વ સૈનિકોને લદ્દાખ સીમા પર મોકલ્યા હતા હવે જમ્મુ કાશ્મીરમાં તૈનાત સૈનિકોને પણ લદ્દાખ રવાના કરાઈ રહ્યા છે.

આ એ જવાનો છે કે જે જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ હટ્યા બાદ ત્યાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તૈનાત કરાયા હતા.હવે તેમને તેમના મૂળ યુનિટમાં પાછા બોલાવાઈ રહ્યા છે. ચીન સાથેની ૩૪૦૦ કિલોમીટર લાંબી બોર્ડર પર સેનાની સાથે ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ સંયુક્ત રીતે નજર રાખે છે. ભારતીય સેના બોર્ડર પર રસ્તા બનાવી રહ્યા છે અને ચીન તેનો વિરોધ કરી રહ્યુ છે. લદ્દાખના પેગોંગ વિસ્તારમાં ૫ મેના રોજ બંને સેના આમને સામને આવી ગયા બાદ હવે આ વિસ્તારમાં બંને દેશો સૈનિકોનો ખડકલો કરી રહ્યા છે.

મારા કેપ્ટન બન્યા પાછળનું સૌથી મોટુ કારણ ધોની, તેના માર્ગદર્શનથી હું ઘડાયોઃ કોહલી

નવી દિલ્હી

વિરાટ કોહલીએ જણાવ્યુ કે કેપ્ટન બન્યા પાછળનું સૌથી મોટુ કારણ મહેન્દ્ર સિંહ ધોની છે. ૬ વર્ષ સુધી ધોનીએ સતત માર્ગદર્શન આપી અને ઘડ્યો એટલે આજે તે આ રીતે ઘડાયો છે. આર અશ્વિન સાથે ઈન્સ્ટાગ્રામ ચેટમાં કોહલીએ કહ્યું કે જવાબદારી કેવી રીતે લેવી તે મને ધોનીએ શિખવ્યુ એટલે આજે હુ અહીયા છુ. કેપ્ટન બનવાનું મારૂ સપનુ આ એક ભાગ છે.

ટીમમાં કેપ્ટન બનવાની પ્રક્રિયા પુછવામાં આવેલ આ સવાલના જવાબમાં કહ્યુ કે મને લાગે છે કે આ તમામ પાછળનું મોટુ કારણ લાંબા સમય સુધી એમએસધોની સાથે રમવાનો મોકો મળ્યો. એવુ નથી કે પસંદગીકર્તાઓએ મને તાત્કાલીક કહ્યું કે આવી જા કેપ્ટન પદ સંભાળી લે પણ મને બરાબરનો કસ્યા પછી તેમના માપ દંડો પર ખરો ઉતર્યો પછી હું આ જવાબદારી લઈ શક્યો.

કોહલીએ કહ્યુ કે જે કેપ્ચન પદ સંભાળે તે જ સમજી શકે કે તેના પછીનો કેપ્ટન કોણ હોઈ શકે છે. ધીરે ધીરે જવાબદારી સોંપવામાં આવે છે. એક સાથે ભાર મુકવામાં આવતો નથી.

કોહલીએ કહ્યુ મને લાગે છે ધોનીની ભૂમિકા ખુબ મોટી રહી. છ-સાત વર્ષમાં વિશ્વાસ આવ્યો. આ રાતોરાત નથી થયુ. હું હંમેશા તેમની બાજુમાં ઉભો રહેતો અને તેઓ જે કરે તેને બારીકાઈથી જોયા કરતો. મારી તેની સાથે દરેક ટોપીક પર ચર્ચા થતી. ધીરે ધીરે તેમને લાગવા લાગ્યુ કે હું હવે જવાબદારી લઈ શકુ છુ.

કોહલીએ કહ્યુ મને જવાબદારી લેવાનું ગમે છે. મે સપનામાં પણ વિચાર્યુ ન હતુ કે ભારતનો કેપ્ટન બનીશ. એમે એક સાથે રમવાનું શરૂ કર્યુ. ત્યારબાદ સતત રમવુ અને શ્રેષ્ઠ રમવુ એ જ માત્ર ઉદ્દેશ્ય હતો.

ચીની પ્રોડક્ટસનો બહિષ્કારઃ અભિનેતા અરશદ વારસી અને મિલિંદ સોમનનો મળ્યો સાથ

મુંબઈ

ચીન સાથે લદ્દાખ બોર્ડર પર ભારતના ચાલી રહેલા તનાવની વચ્ચે ચીનના અક્કડ અને અભિમાની વલણ સામે ભારતના લોકોમાં રોષ વધી રહ્યો છે. જેના પગલે સોશ્યલ મીડિયા પર ચીનની પ્રોડક્ટસના બહિષ્કારની અપીલો પણ શરુ થઈ ગઈ છે.ટ્વિટર પર બોયકોટ ચાઈનિઝ પ્રોડકટ્સ હેશટેગ ટ્રેન્ડિંગ થઈ રહ્યુ છે.

તેમાં પણ બોલીવૂડના બે જાણીતા અભિનેતા અરશદ વારસી અને મિલિંદ સોમને ચાઈનીઝ પ્રોડક્ટસના બહિષ્કારની જાહેરાત કરતા સોશ્યલ મીડિયા પર તેની પ્રશંસા થઈ રહી છે.અરશદ વારસીએ કહ્યુ છે કે, હું ચીનમાં બનતી પ્રોડક્ટસ વાપરવાનુ બંધ કરવાનો છું. લોકોએ પ્રયત્ન કરવા જેવો છે.આપણને તેમાં ચોક્કસ થોડો સમય લાગશે પણ એક દિવસ હું ચાઈનીઝ ફ્રી થઈ જઈશ.

બીજી તરફ મિલિંદ સોમને પણ એલાન કર્યુ છે કે, હું હવે ટિક ટોકનો ઉપયોગ નહી કરું.ઉલ્લેખનીય છે કે, થ્રી ઈડિયટસ ફિલ્મ જેમના પરથી બની છે તે લદ્દાખના ઈનોવેટર સોનમ વાંગચુકે લોકોને ચીનની વસ્તુઓનો બહિષ્કાર કરવાની અપીલ કરતો એક વિડિયો રિલિઝ કર્યો હતો.બસ ત્યારથી સોશ્યલ મીડિયા પર આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

અર્જુન એવોર્ડ માટે ઈશાંત, શિખર અને દીપ્તિની ભલામણ

બીસીસીઆઈ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ માટે રોહિત શર્માનું નામ સૂચવ્યુ

નવી દિલ્હી

બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાએ રોહિત શર્માને પ્રતિષ્ઠિત રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ ૨૦૨૦ માટે નોમિનેટ કર્યો છે. જ્યારે ઈશાંત શર્મા, શિખર ધવન અને દીપ્તિ શર્મા અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કરાયા છે. ભારત સરકારના યુથ અફેર્સ અને રમત મંત્રાલયે ૧ જાન્યુઆરી, ૨૦૧૬થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાનના પ્રદર્શનના આધારે સંબંધિત એવોર્ડ માટે આમંત્રણો માંગ્યા હતા.

રોહિત શર્મા, વ્હાઈટ બોલ ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનો વાઈસ કેપ્ટન છે. તે વર્ષ ૨૦૧૯માં ICC વનડે ક્રિકેટર ઓફ ધ યર તરીકે પસંદ થયો હતો. તે ગયા વર્લ્ડ કપ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં એક જ એડિશનમાં ૫ સદી ફટકારનાર પ્રથમ પ્લેયર બન્યો હતો. તે T-20માં ચાર સદી ફટકારનાર અને ટેસ્ટમાં ઓપનર તરીકેની ડેબ્યુ મેચમાં બંને દાવમાં સદી મારનાર પણ એકમાત્ર બેટ્સમેન છે. શિખર ધવન ડેબ્યુ પર સૌથી ઝડપી ટેસ્ટ સદી બનાવવાનો રેકોર્ડ ધરાવે છે અને ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં સતત બે ગોલ્ડન બેટ્સ (મોટા ભાગના રન માટે) જીતનાર વિશ્વનો એકમાત્ર બેટ્સમેન છે. તે વનડેમાં સૌથી ઝડપી ૨૦૦૦ અને ૩૦૦૦ રન કરનાર ભારતીય બેટ્સમેન છે. રમતના ત્રણેય ફોર્મેટ્સમાં રમનાર સૌથી યુવા ભારતીય ઈશાંત શર્મા, ભારતીય પેસ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરી રહ્યો છે. તે એશિયાની બહાર સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય ફાસ્ટ બોલર છે. જ્યારે ઓલરાઉન્ડર દીપ્તિ શર્માના નામે વુમન્સ વનડેની એક ઈનિંગ્સમાં સર્વાધિક રન કરવાનો રેકોર્ડ છે. તેમજ તે વુમન્સ વનડેમાં ૬ વિકેટ લેનાર એક માત્ર ભારતીય ક્રિકેટર છે.

લોકડાઉનમાં ધાર્મિક સ્થળોને ખોલવાને લઈ આકાશ ચોપરા ટ્વિટ કરતા થયો ટ્રોલ

નવી દિલ્હી

પૂર્વ ભારતીય ક્રિકેટર આકાશ ચોપડાએ શનિવારે એવી વાત કરી જેને લઈને તે બરાબરનો ટ્રોલ થઈ રહ્યો છે. લોકડાઉનમાં ધાર્મિક સ્થળોને ખોલવાની વાતને લઈને આ ખેલાડીએ એક ટ્વિટ કરી હતી. હાલ કોરોનાના કારણે સમગ્ર દુનિયામાં લોકડાઉન હતુ બે મહિના પછી લોકડાઉનને ખોલવાના નિર્ણયમાં કેન્દ્ર સરકારે અનલોક નામ આપ્યુ છે. ૮ જૂનથી શરૂ થતા પહેલા ચરણને અનલોક-૧ નામ આપવામાં આવ્યુ છે જેમાં રેસ્ટોરન્ટ, હોટલ, મોલ, શોપિંગ સેન્ટર અને ધાર્મિક સ્થળને ખોલવાની મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકારના આ એલાન પછી આકાશ ચોપડાએ ટ્વીટ કરી હતી ધાર્મિક સ્થળો ખોલવા પર સવાલો ઉભા કર્યો હતા.

આ વાત કર્યા પછી આકાશ બરાબરનો ભેરવાયો છે અને ચારેકોરથી ટ્રોલ થઈ રહ્યો છે. કોમેન્ટ્રી આપવામાં પાવરધો ગણાતો ૪૨ વર્ષનો આકાશ ચોપડા ટ્વીટ કર્યુ હતુ જેમાં તેણે કહ્યુ કે રેસ્ટોરન્ટ, મોલ ભલે ખુલે તે જરૂરી છે પણ આવા સમયે ધાર્મિક સ્થળો ખોલવાની શું જરૂર હતી? ઈશ્વર દરેક જગ્યાએ છે. તેના આ ટ્વીટથી સોશિયલ મીડિયા પર ભરપુર ટીકાઓ થઈ રહી છે. એક યુઝરે કહ્યું મંદિરમાં ગયો છો ક્યારેય ભાઈ? પૂજારીઓની હાલતનો તો વિચાર કર એ લોકોની રોજીરોટી છીનવાઈ ગઈ છે. લોકડાઉનમાં તેઓનું જીવન કેટલુ દુષ્કર થયુ છે તે જરા જોઈ લે. તો એક યૂઝરે લખ્યુ કે ક્રિકેટ પણ ન રમવુ જોઈએ. મહામારી વચ્ચે મનોરંજન પણ જરૂરી નથી દોસ્ત. તેમજ કોમેન્ટ્રી નહી આપે તો ચાલશે.

લોકડાઉન પુરૂં થવામાં છે ત્યારે અફવાનું બજાર ગરમ

અમદાવાદ-સુરતનો લશ્કરને સોંપવાનો મેસેજ કરનાર જબ્બે

ફેસબુક પર ગુલામ હુસેન કાદર નામની પ્રોફાઈલ પર હિન્દી ભાષામાં પોસ્ટ સાયબર કાઈમના ધ્યાને આવતા કાર્યવાહી

અમદાવાદ

અમદાવાદઃ ૩૧મી મે ના રોજ લૉકડાઉન ૪ પૂર્ણ થાય તે પહેલા સોશિયલ મીડિયામાં કેટલાક મેસેજ ફરતા થયા હતા. જે મેસેજમાં હજુ કડક અમલવારી થશે તેવું દર્શાવતી તો કેટલાક મેસેજમાં છૂટછાટ મળે તેવી પોસ્ટ સોશ્યિસલ મીડિયા પર વહેતી થઈ હતી. લોકો ચિંતામાં ન મુકાય તે માટે પોલીસે એક જાહેરાત પણ કરી હતી કે આવી કોઈ જાહેરાત હજુ થઈ નથી અને આવી અફવા ફેલાવનાર સામે ગુનો નોંધાશે. સાયબર કાઈમે આવો પહેલો ગુનો નોંધ્યો પણ છે. જેમાં કોઈ વ્યક્તિએ સોશિયલ મીડિયા પર ખોટી અફવા ફેલાવવા માટે , 'અબ સીટી આર્મી કો સોંપને જા રહે હે, કૃપયા સબ કુછ ઘરમેં સ્ટોક કર લો' તેવી પોસ્ટ કરી હતી. કોરોના મહામારી ને લઈને જાતભાતની વાતો સોશિયલ મીડિયા પર ચાલતી રહેતી હોય છે. તેમાંય લોકડાઉન ૪ પૂર્ણ થાય તે પહેલા અનેક પ્રકારની પોસ્ટ વાયરલ થઈ હતી. જેથી સાયબર કાઈમ અને અમદાવાદ તથા ગુજરાત પોલીસના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આવી અફવા ફેલાવનાર સામે કાર્યવાહી કરવાની પોસ્ટ પણ મુકાઈ હતી. સાયબર કાઈમની સોશ્યિલ મીડિયા મોનીટરીગ સેલ આ બાબતે વોચ રાખી રહી હતી. તેવામાં સંપૂર્ણ અમદાવાદ અને સુરત રવિવારથી ૧૪ દિવસ માટે સૈન્ય લૉકડાઉન જેવી અફવા ફેલાઈ હતી. તેવામાં ફેસબુક પર ગુલામ હુસેન કાદર નામની પ્રોફાઈલ પર હિન્દી ભાષામાં એક પોસ્ટ સાયબર કાઈમની ટીમના ધ્યાને આવી હતી. જેમાં અભી પ્રામ જાનકારી મથાળા હેઠળ ×संपूर्ण अमदावाद और सुरत रविवार से १४ दीनो के लिये सैन्य लॉकडाउन के तहत होने की संभावना हे, ईस लिये कृपया सब कुछ स्टोक करे, सब्जी अनाज किराना...सीटी आर्मी को सोंपने जा रहे हे, हो सकता हे कि मुख्यमंत्री विजय रुपाणी नियंत्रण जारी करे. केवल दूध और दवाई उपलब्ध होगी. कृपया अपने अहमदाबाद के दोस्तो को सूचित करे यदी कोई रहता हे तो...गुजरात सरकार की बेठक चल रही हे और कीसी भी समय अहमदाबाद पूर्णत बंध की घोषणा की जा सकती हैं× आ लखाण धરાવતી પોસ્ટ મળી આવી હતી.

માસ્ક, સેનેટાઈઝરની ખરીદી કરીને ચૂનો લગાવ્યો

ભારતીય નાગરિકે UAEમાં ૧૨ કરોડની છેતરપિંડી કરી

૫૦ વેપારીઓને ચૂનો લગાવીને વંદે ભારત મિશનની ફ્લાઈટ પકડીને યોગેશ વારિયા સ્વદેશ આવી ગયો

નવી દિલ્હી

સંયુક્ત આરબ અમીરાતમાં એક ભારતીય નાગરિકે લગભગ ૫૦ વેપારીઓ પાસેથી ભારતીય ચલણ મુજબ રૂ.૧૨ કરોડનો સામાન લઈને ડિંગો બતાવ્યો હતો. ત્યારબાદ આરોપી ભારત સરકારથી ફસાયેલા નાગરિકો માટે મોકલેલી વિશેષ ફ્લાઈટ પકડીને સ્વદેશ આવી ગયો હતો. હાલ આરોપીની શોધખોળ જારી છે. ગલ્ફ ન્યૂઝના અહેવાલ મુજબ આરોપીનું નામ યોગેશ અશોક યારિવા છે. તે ગત તા.૧૧મી મેએ વંદે ભારત મિશન અંતર્ગતના હવાઈ જહાજમાં અબુ ધાબીથી હૈદરાબાદ આવ્યો હતો. ૩૬ વર્ષીય યોગેશની રોયલ લક ફુડસ્ટફ નામથી ટ્રેડિંગ કંપની હતી. તેના માધ્યમથી જુદી જુદી કંપનીઓ પાસેથી ૧૨ કરોડ રૂપિયાના સામાનની ખરીદી કરી હતી. યોગેશ દ્વારા સામાન વેચનારી કંપનીઓને જૂની તારીખના ચેક આપ્યા હતા. ત્યારબાદ તે ભારત આવી ગયો. ઠગલીલાનો શિકાર વેપારીઓએ ફરિયાદ નોંધાવી છે. હાલ તો ઠગલીલાના કેસમાં તેનો શિકાર બનેલા નવા નવા લોકો સામે આવી રહ્યા છે. એથી તેનો શિકાર બનેલા લોકોથી ખરીદવામાં આવેલા સામાનની યાદી પણ વધતી જઈ રહી છે. અત્યાર સુધીમાં જાણકારી મળ્યા મુજબ આરોપીએ ફેઈસ માસ્ક, હેન્ડ સેનિટાઈઝર, મેડિકલ ગ્લોવઝ, ચોખા, સુકોમેવો, મોઝરેલા ચીઝ, ફ્રોઝન ઈન્ડિયન બીફ સહિત અન્ય મોંઘા સામાનની ખરીદી કરી હતી. યોગેશએ આપેલા ચેકને જમા કરાવતા તે બાઉન્સ થયા હતા. એથી વેપારીઓને તેમની સાથે ઠગાઈ થઈ હોવાની જાણ થઈ હતી. ત્યારબાદ તમામ વેપારીઓ તેની ઓફિસ અને ગોડાઉન પર જતાં ત્યાં તાળા જોવા મળ્યા હતા. હાલ સમગ્ર કેસ દુબઈ સ્થિત ભારતીય રાજદૂતની કચેરી સુધી પહોંચતા ઠગાઈનો ભોગ બનેલા લોકોને દરેક પ્રકારની મદદ કરવાની હૈયાધારણ અપાઈ છે.

તાપસી પન્નૂના દાદીનું નિધન થયાની અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર આપી જાણકારી

મુંબઈ

બોલીવૂડ અભિનેત્રી તાપસી પન્નૂ પર લોકડાઉનની વચ્ચે મુસીબતોનો પહાડ તુટી પડ્યો છે. તેમના દાદીનું નિધન થતા તાપસી દુખી દુખી છે. આ વાતની જાણકારી અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર આપી છે. તાપસી પન્નૂએ સોશિયલ મીડિયા પર ગુરૂદ્વારાની તસવીર શેર કરી છે અને કેપ્શનમાં લખ્યુ છે કે અમારા પરિવારની છેલ્લી પેઢી આજે સાથ છોડી જતી રહી. અમારી અંદર કાયમી એક ખાલીપણુ રહેશે. તમે હંમેશા અમારા દિલમાં રહેશો બીજી. તાપસીની આ તસવીર પર સેલેબ્સ કોમ્ન્ટ કરી શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે અને તાપસીને સાંધીયારો આપી રહ્યા છે. આ પહેલા પણ પોતાની ફિલ્મ ગેમ ઓવરને લઈને તાપસીએ એક પોસ્ટ લખી હતી. તાપસીએ ખુલાસો કર્યો હતો કે આ ફિલ્મ તેની જિંદગીમાં ખુબ મહત્વની છે તેને ફિલ્મોમાં એક અલગ મુકામે પહોંચાડનાર આ ફિલ્મ તેના માટે ખાસ છે. આ પોસ્ટની સાથે તાપસીએ એક તસવીર શેર કરી હતી જેમાં તે વ્હીલચેર પર બેઠેલી દેખાઈ રહી છે.

તાપસીએ તસવીરના કેપ્શનમાં લખ્યુ કે આપણે સૌ જીવન જીવીએ છીએ. તમારી બીજી જિંદગી ત્યારે શરૂ થાય છે જ્યારે તમે પહેલી જિંદગી જીવવાનું છોડી દો છો. મને વર્તમાનમાં જીવવામાં આનંદ મળે છે, એવુ નહોતુ કે આ પહેલા મારી કોઈ યોજના ન હતી જિંદગી એ છે જેને તમે બનાવો છો તમારી પાસે જીવિત રહેવા માટે ઈચ્છાશક્તિ ખુબજ જરૂરી છે, ફક્ત જીવતા રહેવાથી જિંદગીને માણી શકાતી નથી. તાપસી પન્નૂ ફિલ્મી કરિયરની શરૂઆત તેલુગૂ ફિલ્મોથી કરી હતી. કોમેડી ફિલ્મ ચશ્મે બદ્દૂરથી તેણે હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી મારી. ત્યારબાદ તો તાપસીએ ઢગલો એક ફિલ્મો કરી જેમાં પિંક, બદલા, મુલ્ક અને થપ્પડ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

અમીત શાહને પણ ડર લાગતો હતો તેવા આ IPS અધિકારી નિવૃત્ત થયા

ગુજરાત પોલીસના અનેક પોલીસ અધિકારીઓ સાથે અનેક ગુંડાઓને ઠાર મારવાની અને પોલીસ અધિકારીઓ તરીકે કરેલા કામની બહાદુરીની કથાઓ સંકળાયેલી છે,૧૯૮૫ બેંચના આઈપીએસ અધિકારી એ કે સુરોલીયાના નામનો જ્યારે પણ ઉલ્લેખ થાય ત્યારે અમદાવાદના ગેંગસ્ટર અબ્દુલતીફનો ચોક્કસ ઉલ્લેખ થાય છે, એ કે સુરોલીયાનું નામ સાંભળતા જ તે જમાનામાં લતીફ ગેંગને ઉભા ઉભા લઘુશંકા થઈ જતી હતી તે વાત સાચી છે,, પણ ગુંડાને ડરાવવો કોઈ બહાદુરી નથી કારણ ગુંડો કાયમ જ ડરપોક હોય છે પણ સત્તા ઉપર રહેલા નેતાઓને પણ જે પોલીસ અધિકારીના નામનો ખૌફ લાગતો હોય તેવા પોલીસ અધિકારીઓ આપણને બહુ ઓછા મળ્યા છે તે પૈકી એ કે સુરોલીયા એક હતા,સુરોલીયાનો સરકારી નોકરીનો શનિવારે છેલ્લો દિવસ હતો,તેઓ વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા છે.

૧૯૯૦ના દસકમાં ગુજરાતમાં ચીમનભાઈ પટેલની સરકાર હતી ત્યારે લતીફ અને તેની ગેંગે માથુ ઉચકયુ હતું, ગુજરાતના પોલીસ અધિકારીઓ જાણતા હતા કે લતીફ ઉપર ચીમનભાઈ પટેલ સરકારના ચાર હાથ હોવાને કારણે પોલીસ અધિકારીઓ દરિયાપુરના પોપટીયાવાડ તરફ માથુ કરી સુતા પણ ન્હોતા, ત્યારે અમદાવાદમાં એ કે સુરોલીયા,ગીથા જોહરી,આશીષ ભાટીયા, એ કે સિંગ, સતીષ વર્મા અને પી કે ઝા જેવા આઈપીએસ અધિકારીઓ આવ્યા જેણે લતીફે પડકારી આડકતરી રીતે ચીમનભાઈ પટેલને પડકરાવાની હિંમત કરી હતી ૧૯૯૩માં અમદાવાદમાં ફાટી નિકળેલા કોમી તોફાન કાબુમાં નહીં આવતા ચીમનભાઈ પટેલ સરકારમાં નંબર ૨નું સ્થાન ધરાવતા નરહરી અમીને સુરોલીયાને બોલાવ્યા હતા. અમદાવાદના તોફાનો કેવી રીતે કાબુમાં આવશે તેવો પ્રશ્ન નરહરી અમીન દ્વારા પુછવામાં આવતા સુરોલીયાએ જરા પણ વિચલીત થયા વગર કહ્યુ જ્યાં સુધી મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલની ઓફિસમાંથી તોફાનીઓને છોડાવવા માટે ફોન બંધ નહીં થાય ત્યાં સુધી તોફાન ચાલુ રહેશે, જો કે ત્યારે નરહરી અને ચિમનભાઈમાં સાચુ સાંભળવાની ક્ષમતા હતી, ચિમનભાઈએ ખાતરી આપી કે ૭૨ કલાક સુધી તેમની ઓફિસ કોઈ પોલીસ સ્ટેશનમાં ફોન કરશે નહી અને સુરોલીયાએ ૪૮ કલાકમાં તોફાન બંધ કરાવી દીધા હતા.

૨૦૦૨માં અમદાવાદમાં કોમી તોફાન દરમિયાન રાણીપ બકરમંડી પાસે ધારાભ્ય અમીત શાહ(ત્યારે તેઓ મંત્રી ન્હોતા) અને એ કે સુરોલીયા સામ-સામે આવી ગયા પણ સુરોલીયાના તેવર જોઈ અમીત શાહ સમજી ગયા કે હવે રોકાવવામાં માલ નથી, આમ એક તબ્બકે અમીત શાહના મનમાં પણ ડર ઉભો થઈ ગયો હતો,જો કે ત્યાર બાદ અમીત શાહ ગૃહમંત્રી થયા અને કહેવાય છે કે પ્રોટોકોલ પ્રમાણે અમીત શાહને સલામ કરવી પડે નહીં માટે સુરોલીયા ડેપ્યુટેશન ઉપર બીએસએફમાં જતા રહ્યા હતા વર્ષો સુધી ત્યાં જ રહ્યા, અમીત શાહ મંત્રી થયા પછી અનેક બહાદુરી કરતા આઈપીએસ અમીત શાહની શરણમાં આવી ગયા કારણ તેમને પોસ્ટીંગની ચીંતા હતી આજે તે બધા આત્મા વેંચી મલાઈ ખાઈ રહ્યા છે,, પણ બીએસએફમાંથી પરત આવ્યા પછી સુરોલીયા ૧૨ વર્ષ સુધી એટીએસમાં સાઈડ પોસ્ટીંગમાં રહ્યા અને ૩૦મી મેના રોજ ત્યાંથી જ નિવૃત્ત થયા.

ઓનલાઈન શિક્ષણ એટલે આત્મનિર્ભર ભારત બનવા તરફનું પહેલું પગથિયું

કોરોના વાઈરસના આગામી તબક્કાથી દેશને બચાવવા માટે આગામી શૈક્ષણિક વર્ષથી ઓનલાઈન શિક્ષણનો વિકલ્પ દેશની તમામ શાળાઓ અને યુનિવર્સિટીઓએ અપનાવવાની જરૂર છે. સમગ્ર દેશના સ્ટુડન્ટ્સ માટે ઓનલાઈન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ છે, જેનાથી અસમાનતા ઘટાડી શકાય છે. આપણી પાસે અનેક કોલેજો છે, પણ બધી ફેકલ્ટીઓ લાયકાત ધરાવતિ નથી. કેટલીક વાર કોલેજો ભ્રષ્ટાચારને કારણે શિક્ષણની ગુણવત્તાનો ભોગ બને છે.

ઓનલાઈન ક્લાસિસ અને ડિજિટલ મિડિયા દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાથી આત્મ નિર્ભરતા મિશનને પણ મદદ મળશે. છેવટે તો ગુણવત્તાયુક્ત શિક્ષણ જ ભવિષ્યના નાગરિકોને સોસાયટી માટે અને રાષ્ટ્રના ભાવિ માટે શું સાચું છે કે ખોટું છે- સમજવામાં મદદ કરશે.

નાણાપ્રધાને પણ જાહેર કરેલા ૨૦ લાખ કરોડના પેકેજમાં કહ્યું હતું કે સરકાર પણ મોટા પાયે ઓનલાઈન શિક્ષણને મહત્ત્વ આપી રહી છે. એણે ઓનલાઈન શિક્ષણને સકારાત્મક અને આવકારદાયક ગણાવ્યું હતું.

ઓનલાઈન શિક્ષણના લાભાલાભ

★ દેશમાં મોટા ભાગનાં ઘરોમાં ઈન્ટરનેટ પહોંચી ગયું છે અને જો એને વધુ સારી રીતે પહોંચાડવામાં આવે તો- ૧૨ નવી ઓનલાઈન શૈક્ષણિક ચેનલ્સની મદદથી બધા સ્ટુડન્ટ્સ માટે ગુણવત્તાયુક્ત લેકચર્સ ઉપલબ્ધ થઈ શકે છે, વળી દૂરનાં ગામોના સ્ટુડન્ટ્સ માટે પહોંચાડી શકાય એમ છે.

★ અમારા બાળકોને કોરોના વાઈરસથી બચાવવા અને શિક્ષણની સાતત્યતાની ખાતરી માટે ઓનલાઈન વર્ગો જ શ્રેષ્ઠ ઉપાય છે.

★ બાળકો ઘરેથી સુરક્ષિત રીતે અભ્યાસ કરી શકશે, જેથી માતાપિતા માટે ચિંતાનું કોઈ કરાણ રહેશે નહીં.

★ શિક્ષકો પણ તેમના ઘરેથી સ્ટુડન્ટ્સને ભણાવી શકે છે અને સ્ટુડન્ટ્સ પણ સ્વયં અભ્યાસ અને સંશોધન માટે વધુ સમય આપી શકશે.

★ જો ૧૦ કરોડથી વધુ શાળાના વિદ્યાર્થીઓ શારીરિક ધોરણે શાળામાં ન જાય અને એને બદલે તેમના ઘરેથી અભ્યાસ કરશે તો રસ્તાઓ પર ટ્રાફિક અને ભીડ ઓછાં થશે.

★ કોરોના વાઈરસ ચેપ લાગવાની અને સમુદાયમાં ફેલાવાની શક્યતા ઓછી થશે.

★ કિડ્સ (નાનાં બાળકો) નવી ટેકનોલોજી શીખવામાં હોશિયાર હોય છે અને ઓનલાઈન શિક્ષણનો આનંદમાણી શકશે.

★ વિદ્યાર્થીઓને સ્કૂલમાં ભારે સ્કૂલ બેગ લઈ જવાની જરૂર રહેશે નહીં અને બસો અને રિક્ષાઓમાં ભીડ થશે નહીં

★ વિદ્યાર્થીઓ પાઠય પુસ્તકો દ્વારા અને ઓનલાઈન વર્ગો દ્વારા તેમના ઘરે જાતે જ અભ્યાસ કરવાનું શીખી શકશે.

વિવાદ થતા એકાઉન્ટ ડીલીટ કર્યા બાદ ટ્વીટર પર પરત ફરી ઝાયરા વસીમ

મુંબઈ

અભિનેત્રી ઝાયરા વસીમ ફિલ્મી દુનિયાથી તો દૂર છે પરંતુ તેના નિવેદન અને તેની વિચારધારા તેને ચર્ચામાં રાખે છે. અભિનેત્રીએ હાલમાં દેશમાં જારી તીડ એટેક પર ટ્વીટ કર્યું હતું. આ ટ્વીટને કારણે તેને ખુબ ટ્રોલનો સામનો કરવો પડ્યો અને બાદમાં ઝાયરાએ પોતાનું ટ્વીટર એકાઉન્ટ ડિલીટ પણ કરી દીધું હતું. પરંતુ હવે ફરીવાર ઝાયરા વસીમ ટ્વીટર પર આવી ગઈ છે. તેણે પોતાનું એકાઉન્ટ રીએક્ટિવેટ કરી લીધું છે. હવે એક યૂઝરે ઝાયરાને પૂછ્યું કે તે હવે ટ્વીટર પર પરત કેમ આવી છે. આ સવાલ પર ઝાયરાએ સીધો જવાબ આપ્યો કે તે એક માણસ છે. તે લખે છે- પરત એટલે આવી છું કે તે પણ એક માણસ છે. મારે પણ બ્રેક કે દૂર થવાની જરૂર પડે છે, જ્યારે કોઈ વસ્તુ અતિ થઈ જાય છે. મહત્વનું છે કે, ઝાયરા વસીમે હકીકતમાં તીડ હુમલા માટે માણસોને જવાબદાર ગણાવ્યા હતા. તેણે એક ટ્વીટમાં કહ્યું હતું કે, તીડનો આ હુમલો માણસોના ખરાબ કર્મોનું પરિણામ છે. ઝાયરાનું ટ્વીટ લોકોને પસંદ ન આવ્યું અને તેને ખુબ ટ્રોલ કરવામાં આવી હતી. આમ તો તેના સમર્થકોએ અભિનેત્રીના બચાવનો ખુબ પ્રયાસ કર્યો પરંતુ ઝાયરાએ થોડા સમય સોશિયલ મીડિયાને અલવિદા કહેવાનું યોગ્ય સમજ્યું હતું. મહત્વનું છે કે ઝાયરા વસીમે ૨૦૧૯માં પોતાના ફિલ્મી કરિયરને છોડવાનો નિર્ણય કર્યો હતો. તે સમયે તેના નિર્ણય પર ઘણા લોકોએ સવાલ કર્યો હતો, પરંતુ ઝાયરા પોતાના નિર્ણય પર ટકી રહી અને પોતાનો માર્ગ હંમેશા માટે બદલી દીધો છે.

સારા અલી ખાને "નમસ્તે દર્શકો સિરીઝમાં કરાવ્યા ભારતદર્શન

મુંબઈ

સારા અલી ખાને લોકડાઉનમાં ઘરે બેઠા ઈન્સ્ટાગ્રામ પર એક સિરીઝ સ્ટાર્ટ કરી છે. નમસ્તે દર્શકોના લોકડાઉન એડિશનનો તેણે હવે બીજો એપિસોડ રિલીઝ કર્યો છે. આ વીડિયોમાં તેણે તેની વેટ લોસની જર્નીને બતાવી છે. સારાનું વજન પહેલાં ૯૬ કિલો હતું અને ત્યારબાદ તેને પ્રોપર વર્કઆઉટને ડાયટને બધું ફોલો કરીને વજન ઘટાડ્યું.

સારા અલી ખાન કેપ્શનમાં તેનો હ્યુમરસ અને ફની ટચ આપતી રહી છે. આ એપિસોડ શેર કરી તેણે કેપ્શનમાં લખ્યું કે, નમસ્તે દર્શકો લોકડાઉન એડિશન, એપિસોડ ૨: ફ્રોમ સારા કા સારા ટુ સારા કા આધા. સારા અલી ખાનનું વજન પહેલાં ૯૬ કિલો હતું. સારા અમેરિકામાં કોલેજ કરવા માટે ગઈ હતી ત્યાં તેણે વજન ઘટાડ્યું હતું.

અગાઉ પહેલા એપિસોડમાં તેણે લોકોને ઘરે બેઠા ભારતદર્શન કરાવ્યું હતું. તેણે ભારતના વિવિધ રાજ્યમાં કરેલ મુસાફરીની ક્લિપ્સ ભેગી કરી એક વીડિયો બનાવ્યો હતો. વીડિયો નીચે તેણે લખ્યું હતું કે, નમસ્તે દર્શકો, લોકડાઉન એડિશન. એપિસોડ ૧: ભારત 'સ્ટેટ' ઓફ માઈન્ડ. વીડિયોમાં તે બિહાર, રાજસ્થાન, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, ગુજરાત, હરિયાણા, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ વગેરે રાજ્ય એક્સપ્લોર કરતી દેખાઈ હતી.

ફેશન માટે માનુનીઓની પહેલી પસંદ : ડિઝાઇનર બુટીક



બજારમાં જ્યોર્જટ, સિફોન, સિલ્ક, કોટન, તનધોઈ, સાટીન, બ્રોકેડ, કેપ વગેરે જાતજાતની વેરાયટીના કાપડા ઉપલબ્ધ છે. આ બધા જ ફેબ્રિકમાં ઓરેન્જ, શોકિંગપીંક, ક્યુસીયા, પીંક, ટર્કોઈસ, ગ્રીન, મરૂન, બેઝ, બ્લેક, વ્હાઈટ જેવા રંગો પણ હોય છે. આ ફેબ્રિકને જોતા જ મન આનંદિત થઈ જાય છે. પરંતુ માત્ર ફેબ્રિક કોઈ રીતે ઉપયોગી થતું નથી. આ ફેબ્રિકમાંથી ઉત્કૃષ્ટ પરિધાન બને તો સોનામાં સુગંધ ભળ્યાનું કામ થાય છે. અને સોનામાં સુવાસનો સમન્વય કરનારને ડિઝાઈનર કહેવાય છે. ડિઝાઈનર પોતાની કલ્પના શક્તિથી જ સામાન્ય કાપડને ઉત્કૃષ્ટ ડિઝાઈનર ડ્રેસમાં બદલાવી શકે છે અને આવા અનોખા ડ્રેસને પહેરવાની મજા જ કંઈ વેગળી હોય છે. આજકાલ મોટામોટા શો રૂમમાં ખરીદી કરવા જવાને બદલે ડિઝાઈનર સ્ટુડિયો કે બુટીકમાં જવાનો ક્રેઝ વધી રહ્યો છે. અને તેમાં કંઈ ખોટુ નથી. મોટા શો-રૂમમાં જેટલા પૈસા ખર્ચને મર્યાદિત રેન્જમાંથી પોશાકની પસંદગી કરવી પડે છે. તેના બદલે એટલા જ પૈસા ખર્ચીને, ડિઝાઈનર બુટીકમાં જઈને તેમની મદદથી ફેબ્રિક, રંગ અને ડિઝાઈનનું અનોખુ સંયોજન કરીને એક આગવો ઉત્કૃષ્ટ ડ્રેસ કે સાડી બનાવી શખાય છે. અને તેથી જ ચોક્કસ પ્રકારની પસંદગી કરનારી માનુનીઓ હવે ડિઝાઈનર તરફ વળી છે. ડિઝાઈનરો માત્ર કપડા ડિઝાઈન નથી કરી આપતા પરંતુ ફેબ્રિકની પસંદગીથી માંડીને એસેસરીઝ સુધીની તમામ બાબતોનું ધ્યાન રાખે છે. એટલે જ આજકાલ ડિઝાઈનર બુટીકનું પ્રમાણવધી રહ્યું છે. તે જ પ્રમાણે આપણી સામાન્ય સમજ એવી હોય છે કે, ડિઝાઈનરો માત્ર ભારે, શુભપ્રસંગે પહેરાવના કપડા જ ડિઝાઈન કરે છે. આ તદ્દન ખોટી માન્યતા છે. ડિઝાઈનરો ફોર્મલ, સેમીફોર્મલ, કેઝ્યુઅલ, ટ્રેડીશનલ, ઈન્ડો-વેસ્ટર્ન, અને બ્રાઈડર બધા જ પ્રકારના વસ્ત્રોને એક સ્થળે મેળવવાનું ઉત્તમ સ્થળ પણ ડિઝાઈનર સ્ટુડિયો સાબિત થાય છે. આ જ પ્રકારની બધી જ વેરાયટીના ફેબ્રિક અને રેડીમેડ ગાર્મેન્ટ બ્રિચ કેન્ડી ખાતે આવેલ નૈનાઝ ફેબ્રિક એન્ડ એ બ્રોઈડરીમાં પણ પલબ્ધ છે. નૈના શાહ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલા શ્રેષ્ઠ વેસ્ટર્ન, ઈન્ડો-વેસ્ટર્ન અને ટ્રેડીશનલ વેરની વેરાયટી અહીં જોવા મળે છે. આ શો રૂમમાં બધા જ પ્રકારના ફેબ્રિક જેમ કે સિક, શિફોન, જ્યોર્જટ, કેપ, નેટ, ટિશ્ય, લિનન, કોટન, બાંધણી અને બ્રોકેડની વિશાળ રંગોની વૈવિધ્યતા છે. એવું જરૂરી નથી કે જેટલા રંગો હોય તેમાંથી જ પસંદ કરવા પડે છે. હવે તો ટાઈ એન્ડ ડાઈનો જમાનો છે. અહીં ઓફ વ્હાઈટ કંપની અનેક ડિઝાઈન છે. તેને માનુનીઓ પોતાના મનગમતા રંગમાં ડાઈ કરવાની તેના ઉપર આકર્ષક એમ્બ્રોઈડરી કરીને તેને બીડ્રેસ, સ્વરોવસ્કી તથા ક્રિસ્ટલતી સજાવીને ઉત્તમ સાડી કે બ્રાઈડલ લહેંગો બનાવી શકાય છે. પહેલા દુલ્હનના પરિધાનમાં લહેંગા સાથે ચોલીનું કોમ્બીનેશન ચાલતું હતું. પરંતુ હવે તેના સ્થાને કોર્સેટ પહેરવામાં આવે છે. લહેંગા સાથે કોન્ટ્રાસ્ટ અથવા તે જ રંગની ડિઝાઈનર કેસેટ ખૂબ જ સુંદર દેખાય છે. કોર્સેટમાં પણ એમ્બ્રોઈડરી, બીસ, સીકવન્સનું વર્ક કરવામાં આવે છે. કોર્સેટમાં પણ ફ્રન્ટ ને બેકની ડિઝાઈન ખૂબ મહત્વની હોય છે. મોટેભાગે કોર્સેટને લહેંગા ઉપરાંત સ્કર્ટ, પેન્ટ, કેપ્રી ગમે તેની સાથે મિક્સ એન્ડ મેચ કરીને પહેરી શકાય છે. ઓરેન્જ, પીંક કે યુસીયા રંગનું ચલણ એમાં વધારે જોવા મળે છે. બ્રોકેડ તો આપણું પારંપારિક કપડું ગણાય છે. અને બ્રોકેડના બ્લાઉઝ તો મિક્સ એન્ડ કોલ મેચમાં ગમે તે રંગની ભારે સાડી સાથે ચાલે છે. પરંતુ આજકાલ ચાઈનીઝ બ્રોકેડ નો ટ્રેન્ડ છે. અને ચાઈનીઝ ીકેડ માત્ર અમુક દુકાનોમાં જ મળે છે. લાલ, લીલો, ભૂરો, કેસરી જેવા ઘેરા મેં, રંગોમાંમોટા મોટા ફૂલોની ડિઝાઈનવાળું ચાઈનીઝ બ્રોકેડ ઉત્તમ ફેબ્રિક પુરવાર થાય છે.

સશક્તિકરણની વાતો અને યોજના શહેર સુધી મર્યાદિત રહી છે

નારી સશક્તિકરણને મહત્વ જરૂરી



ગ્રામ્ય વિસ્તારોમાં રહેનારી મહિલાઓ હજુ પોતાના અધિકારોનુ જ્ઞાન ધરાવતી નથી : મહિલાઓ ચુપચાપ અત્યાચાર સહન કરતી રહે છે

કહેવા માટે તો સમગ્ર વિશ્વની મહિલાઓ એક સાથે આવીને મહિલા દિવસની ઉજવણી કરે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે તમામ બાબતો સરકારી દાવા અને કાગળ સુધી મર્યાદિત રહી જાય છે. દેશની મોટા ભાગની મહિલાઓને તો હજુ આ બાબતની માહિતી નથી કે મહિલા દિવસનો અર્થ શુ છે. મહિલા દિવસ ક્યારેય આવે છે. ક્યારે જાય છે. ભારતમાં મોટા ભાગની મહિલાઓ તો ઘર પરિવારમાં ફસાયેલી રહે છે. તેમને ઘર પરિવારની સાથે કોઈ લેવા દેતા હોતા નથી. જો કે આ સ્થિતીને બદલ નાંખવાની જરૂરિયાત હવે અનુભવાઈ રહી છે. જ્યાં સુધી મહિલાઓ પોતે પોતાના સામાજિક સ્તરઅને આર્થિક સ્થિતમાં સુધારો કરતી નથી ત્યાં સુધી સમાજમાં તેનુ સ્થાન ગૌણ રહી શકે છે. ખુબ દુખદ બાબત એછે કે નારી સશક્તિકરણની વાતો અને યોજનાઓ માત્ર શહેરો સુધી મર્યાદિત રહી જાય છે. એકબાજુ શહેરોમાં રહેનાર મહિલાઓ શિક્ષિત, આર્થિક રીતે સ્વતંત્ર છે જે પુરૂષોના અત્યાચારનો સામનો કરવામાં સક્ષમ બની રહી છે. બીજી બાજુ ગ્રામીણ વિસ્તારમાં રહેનાર મહિલાઓને પોતાના અધિકારને લઈને પણ પૂર્ણ માહિતી નથી. આ ગ્રામ્ય મહિલાઓ ચુપચાપ રહીને અત્યાચારનો સામનો કરતી રહે છે. સાથે સાથે સામાજિક બંધનોમાં રહે છે. આ સામાજિક બંધનોમાંથી મહિલાઓબહાર આવી શકતી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બેટી પઢાઓ અને બેટી બચાવો અભિયાનની શરૂઆત કર્યા બાદ તેની અસર ચોક્કસપણે દેખાય છે. આ અભિયાનના કારણે હવે દેશમાં મહિલાઓના પ્રત્યે સન્માન વધી રહ્યુ છે. જે આ બાબતનુ ધ્યાન અપાવે છે કે આવનાર સમયમાં મહિલાઓ પ્રત્યે સમાજનુ વલણ બદલાશે. વિકસિત દેશોની તુલનામાં અમારા દેશમાં મહિલાઓની સ્થિતી અપેક્ષાકૃત વધારે સારી રહેલી નથી. આજે પણ મહારાષ્ટ્રના બીડ, ગુજરાતના સુરત, ભુજમાં ઘટેલી ઘટનાઓ કોઈ પણ સભ્ય સમાજને પરેશાન કરી શકે છે. આ તમામ ઘટનાઓ સભ્ય સમાજ પર કલંક સમાન છે. દેશમાં આજે પણ સૌથી વધારે ઉત્પિડન મહિલાઓનુ થાય છે. મહિલાઓ પર વારંવાર રેપ, હત્યા, ઉત્પિડનની ઘટનાઓના સમાચાર સાંભળવા મળે છે. મહિલાઓની સાથે આજે પણ ખરાબ વર્તન કરવામાં આવે છે. બાળ વિવાહની ઘટનાઓ પર સંપૂર્ણપણે બ્રેક મુકવામાં સફળતા મળી નથી. જે એક પ્રકારથી મહિલાઓ પર અત્યાચાર સમાન છે. ઓછી વયમાં લગ્ન અને ઓછી વયમાં માતા બનવાની બાબત પણ ખતરનાક છે. આના કારણે યુવતિઓના માનસિક અને શારરિક વિકાસ પૂર્ણ રીતે થઈ શકતા નથી. આજે અમે પુત્ર પુત્રી એક સમાન હોવાની બાબતો તો કરીએ છીએ પરંતુ પુત્રી થતાની સાથે જ પિતાને પુત્રીના લગ્નની ચિંતા લાગી જાય છે. જ્યાં સુધી સમાજમાં દહેજ લેવા અને આપવાની પ્રવૃતિ બદલાશે નહીં ત્યાં સુધી કોઈ પણ પિતા પુત્રીના જન્મ બાદ સારા મનથી ખુશી મનાવી શકશે નહીં. મહિલા દિવસ પર કાર્યક્રમ તો અનેક પ્રકારના આયોજિત કરવામાં આવે છે પરંતુ આગલા દિવસે તમામ બાબતોને ભુલી જવામાં આવે છે. સમાજમાં હજુ પુરૂષવાદી માનસિકતા દુર થઈ શકી નથી. સમાજમા પોતાના અધિકાર અને સન્માન મેળવી લેવા માટે મહિલાઓને આગળ આવવાની જરૂર દેખાઈ રહી છે. દેશમાં જ્યાં સુધી મહિલાઓ ના સામાજિક, વૈચારિક તેમજ પારિવારિક રીતે ઉત્થાન થશે નહીં ત્યાં સુધી મહિલા સશક્તિકરણની વાત કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. સ્વતંત્રતા બાદ ૭૩ વર્ષ પછી પણ ભારતમાં ૭૦ ટકા મહિલા અકુશળ કામોમાં લાગેલી છે. જેના કારણે તેમને કામના બદલે મજુરી પણ ઓછી મળે છે. પુરૂષોની તુલનામાં મહિલાઓ સરેરાશ દરરોજ છ દિવસ છ કલાક કામ કરે છે. ભોજન બનાવવા, સાફ સફાઈ, બાળકોની કાળજી જેવી બાબતને ધ્યાનમાં લેવામાં આવતી નથી. દુનિયામાં કામના કલાકમાં ૬૦ ટકા કરતા પણ વધારે યોગદાન મહિલા આપે છે. જ્યારે તેમના સંપત્તિ પર અધિકાર માત્ર પાચ ટકા છે. મહિલાઓની સ્થિતી મજબુત કરવા માટે મજબુત ઈચ્છાશક્તિ ખુબ જરૂરી છે.



મહિલાઓની સરખામણી પુરુષોનું મગજ ઓછુ યુવાન હોય છે

તમને કોઈ કહે કે પુરુષો કરતાં મહિલાઓનું મગજ વધારે યુવાન હોય છે તો તમને એ વાત પર કેટલી હદે વિશ્વાસ કરશો? કદાચ તમે આ સવાલની દલીલમાં એવું કહો કે મહિલાઓને આમ પણ પોતાની ઉંમર છુપાવવામાં વધારે રસ હોય છે અને એટલે જ તેઓ તેમના મગજની ઉંમર પણ છુપાવીને યુવાન દેખાવવાનો પ્રયાસ કરતી હોય એવું બની શકે ખરું. ભાઈસા'બ આવું અમે નહીં પણ હાલમાં જ કરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું અને તેમાં એવું જાણવા મળ્યું હતું મહિલા અને પુરુષની શારીરિક ઉંમર સરખી હોય તો પણ એક પુરુષની સરખામણીએ મહિલાનું મગજ વધારે યુવાન હોય છે.

અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીમાં સ્કુલ ઓફ મેડિસીનની સંશોધકોની એક ટીમે અભ્યાસ કર્યો હતો, જેમાં સામેલ થયેલાં એક રેડિયોલોજિસ્ટે જણાવ્યું હતું કે અમે ૨૦ વર્ષથી લઈને ૮૨ વર્ષ સુધીના આસરે ૨૦૫ લોકો પર અભ્યાસ કર્યો હતો. અને આ બધા લોકો પૂર્ણપણે સ્વસ્થ હતા, કોઈને કોઈ પણ પ્રકારની માનસિક સમસ્યા નહોતી. અમે લોકો ઉંમરની સાથે માણસનું મેટાબોલિઝમ કઈ રીતે બદલાય છે એનો અભ્યાસ કરવા માગતા હતા. હવે તમને થશે કે મેટોબોલિઝમ અને મગજનો શું સંબંધ? મેટાબોલિઝમનો મગજ સાથે સંબંધ છે અને એ સંબંધને સમજાવતા નિષ્ણાતો જણાવે છે કે તમારું મગજ કેટલું ઓક્સિજન અને ગ્લુકોઝ વાપરે છે તેને મેટાબોલિઝમ કહેવામાં આવે છે. સજીવોમાં થતી ઘટન અને વિઘટન જેવી રાસાયણિક પ્રક્રિયાઓ સાથે તેનો સંબંધ છે, જેને સાદી ભાષામાં ચયાપચયની ક્રિયા તરીકે પણ ઓળખવામાં આવે છે. શરીરમાં ગ્લુકોઝ ખાવા-પીવાની વસ્તુઓમાંથી બને છે અને પછી તે ઓક્સિજન સાથે મળીને શરીરના બાકીના અવયવો સુધી પહોંચે છે. ગ્લુકોઝનો ૨૫ ટકા હિસ્સો મગજ સુધી પહોંચે છે અને આ ઑક્સિજન અને ગ્લુકોઝની મદદથી આપણું મગજ કામ કરે છે. પરંતુ જેમ જેમ માણસની ઉંમર વધે છે એમ મગજ ઓક્સિજન અને ગ્લુકોઝનો ઉપયોગ સાવ જ ઘટાડી દે છે અને તેની અસર આપણી સ્મરણશક્તિ પર જોવા મળે છે. એટલે જ ઘણી વખત આપણે ત્યાં ઉંમરલાયક વ્યક્તિઓમાં ભૂલી જવાની ફરિયાદ સૌથી વધારે જોવા મળે છે.

હવે ઉંમરની સાથે મેટાબોલિઝમની પ્રક્રિયા કેવી રીતે બદલાય છે એ જાણવા માટે ડોક્ટર મનુ શ્રી અને તેમની ટીમે આ અભ્યાસ કર્યો છે. આ અભ્યાસમાં એમને જાણવા મળ્યું કે ઉંમરની સાથે મેટાબોલિઝમની પ્રક્રિયામાં અનેક મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવે છે. બીજી મહત્ત્વની વાત એ સામે આવી કે એક સરખી ઉંમર ધરાવનાર પુરુષ અને મહિલાનો મેટાબોલિઝમ પણ તફાવત જોવા મળ્યો હતો. અલબત્ત હવે એ કહેવાની જરુર ખરી કે પુરુષો કરતાં મહિલાઓનું મેટાબોલિઝમ વધારે સારી કામ કરી રહ્યું હતું.

સંશોધકોનું કહેવું છે કે દિમાગના ઉંમર અંગે મહિલાઓ અને પુરુષો વચ્ચે સરેરાશ ત્રણ વર્ષનો તફાવત જોવા મળ્યો. જોકે આમાં વ્યક્તિ પ્રમાણે આ ગાળો બદલાતો રહ્યો હતો. કેટલામાં આ ગાળો એક વર્ષથી લઈને ત્રણ વર્ષ કરતાં વધારે પણ જોવા મળ્યો હતો. વૈજ્ઞાનિકોના મતે આ આવા પ્રકારનો પહેલોજ અભ્યાસ છે જેમાં મગજની ઉંમરના અંતરને માપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય. ૨૦૫ લોકો પર આ અભ્યાસ કરવામાં આવ્યો હતો અને અને તેમને વારાફરતી એમઆરઆઈ જેવા દેખાતા મશીન માં ત્રણ કલાક સુધી સુવડાવવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેમણે જરા પણ હલન ચલન કરવાનું નહોતું. આવું કરવા માટે તેમને સ્લિપિંગ પીલ્સ આપવામાં આવી હતી.

પેટ સ્કેનરે એમના મગજને સ્કેન કર્યું હતું અને ત્યાર બાદ સ્કેનિંગથી મેળવવામાં આવેલા ડેટાનો કોમ્પ્યુટર દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો હતો. રેડિયોલોજિસ્ટના જણાવ્યા અનુસાર આ કોમ્પ્યૂટરને ખાસ તાલીમ સાથે તૈયાર કરવામાં આવ્યું હતું. પરિણામે ૨૦ વર્ષીય મગજ કેવું દેખાય છે અને ૭૦ વર્ષીય કેવું દેખાય છે એની કોમ્પ્યૂટરને ખબર છે. જ્યારે અધ્યયનથી મેળવેલા ડેટાને કોમ્પ્યૂટરમાં ફીટ કરવામાં આવ્યો ત્યારે એક જ ઉંમરના મહિલા અને પુરુષના મગજની ઉંમરમાં તફાવત જોવા મળ્યો હતો.

સંશધકોએ ૪૦ વર્ષના પુરુષ અને મહિલાનું મગજ કોમ્પ્યૂટરને દેખાડીને બંનેની ઉંમર વચ્ચેનો તફાવત પૂછ્યો ત્યારે કોમ્પુટર એવા નિષ્કર્ષ પર આવ્યું હતું કે પુરુષોના સરખામણીએ મહિલાઓનું મગજ વધારે એક્ટિવ અને યુવાન હતું. આ પરથી વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા હતા કે મહિલાઓના મગજમાં બ્લડ ફ્લો અને ગ્લુકોઝનો ઉપયોગ વધારે થઈ રહ્યો હશે.

હવે સવાલ એ પણ ઊભો થાય છે કે કોઈનું મગજ એમના જેટલી જ ઉંમર ધરાવતા વ્યક્તિથી વધારે યુવાન કેવી રીતે હોઈ શકે? આ સવાલના જવાબમાં વૈજ્ઞાનિકો દ્વારા એવો તર્ક લગાવવામાં આવ્યો હતો કે આનું કારણ જિનેટિક પણ હોઈ શકે છે. લાઈફસ્ટાઈલને યોગ્ય રીતે મેઈન્ટેન રાકીને પણ મગજને યુવાન રાખી શકાય છે. દરેક મહિલા એવું માની લે કે એમનું દિમાગ સ્વસ્થ છે અને તેમણે ચિંતા કરવાની જરુર નથી તો એવુ નથી. આ એક વિરોધાભાસ જ છે કે મહિલાઓને અલ્ઝાઈમર (ભૂલવાની બીમારી) પુરષો કરતાં વધારે થાય છે." નિષ્ણાતોને મતે આ તો હજી પ્રારંભિક તબક્કાનું સંશોધન છે, તેમાં હજી વધારે સંશોધન કરવાની જરુર છે.

દિમાગના ઉંમર અંગે મહિલાઓ અને પુરુષો વચ્ચે સરેરાશ ત્રણ વર્ષનો તફાવત જોવા મળ્યો. જોકે આમાં વ્યક્તિ પ્રમાણે આ ગાળો બદલાતો રહ્યો હતો. કેટલામાં આ ગાળો એક વર્ષથી લઈને ત્રણ વર્ષ કરતાં વધારે પણ જોવા મળ્યો હતો. વૈજ્ઞાનિકોના મતે આ આવા પ્રકારનો પહેલોજ અભ્યાસ છે જેમાં મગજની ઉંમરના અંતરને માપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય.

ડાયાબિટીસના દર્દીઓને કોરોનાથી જોખમ વધારેઃ અભ્યાસ

અમદાવાદ

કોરોના વાયરસથી સંક્રમિત થયેલી વ્યક્તિ માટે વાયરસ સામેની લડાઈ ખૂબ જ અઘરી હોય છે અને તેમાં પણ વ્યક્તિ પહેલેથી જ અન્ય બીમારીઓથી પીડિત હોય તો કોરોના સામેની લડાઈ અત્યંત મુશ્કેલ બની જાય છે. તાજેતરમાં થયેલા એક નવા અભ્યાસ પ્રમાણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા કોવિડ-૧૯ના ડાયાબિટીસ ધરાવતા ૧૦ દર્દીઓ પૈકીના એકનું સાત દિવસની અંદર જ મૃત્યુ થઈ શકે છે. તે સિવાય પાંચ પૈકીના એક દર્દીને નળી લગાવવી પડે છે અને વેન્ટિલેટરની જરૂર પણ પડી શકે છે. ફ્રાંસની નાનટેસ વિશ્વવિદ્યાલયના સંશોધકોએ ૧૦થી ૩૧મી માર્ચ દરમિયાન ૫૩ જેટલી ફ્રાંસીસી હોસ્પિટલમાં દાખલ થયેલા ૧,૩૧૭ કોવિડ-૧૯થી પીડિત દર્દીઓના આંકડાનું વિશ્લેષણ કર્યું હતું.

અભ્યાસમાં દર્દીઓ પૈકીના મોટા ભાગના એટલે કે ૯૦ ટકા લોકો ટાઈપ-૨ ડાયાબિટીસથી પીડિત હતા, ત્રણ ટકા લોકો ટાઈપ-૩ ડાયાબિટીસથી પીડિત હતા અને બાકીનાઓને અન્ય પ્રકારનો ડાયાબિટીસ હતો. ડાયાબિટીસ ધરાવતા કોવિડ-૧૯ના દર્દીઓમાં બે તૃતીયાંશ જેટલા પુરૂષો હતા અને તમામની સરેરાશ ઉંમર ૭૦ વર્ષ હતી. અભ્યાસ પ્રમાણે ખરાબ બ્લડ સુગર કંટ્રોલે સીધી રીતે કોઈ દર્દીના પરિણામ પર અસર નહોતી પાડી પરંતુ ડાયાબિટીસની જટિલતા અને વધુ ઉંમરે મૃત્યુનું જોખમ વધારી દીધું. વધેલું બોડી માસ ઈન્ડેક્સ-BMI દર્દીમાં મિકેનિકલ વેન્ટિલેશનની જરૂરિયાત અને મૃત્યુના જોખમ બંને સાથે સંકળાયેલું છે. આશરે ૪૭ ટકા જેટલા દર્દીઓમાં આંખ, કિડની અને નસોમાં સમસ્યા જણાઈ હતી જ્યારે ૪૧ ટકા દર્દીઓમાં હૃદય, મસ્તિષ્ક અને પગ સાથે સંકળાયેલી સમસ્યા જણાઈ હતી. સાતમા દિવસે માઈક્રોવૈસ્કયુલર જટિલતાઓએ મૃત્યુનું જોખમ બમણું કરી દીધું હતું. જે વડીલો લાંબા સમયથી ડાયાબિટીસ અને તેના સાથે સંકળાયેલી શ્વસન વગેરે સંબંધી સમસ્યાથી પીડાતા હતા તેમના મૃત્યુનું જોખમ વધ્યું હતું. ૬૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા ૩૯ દર્દીઓને ટાઈપ-૧ ડાયાબિટીસ હતો અને તેમાંથી કોઈનું મૃત્યુ નથી થયેલું.

ભાવનગરમાં ટ્રેકટર પલટતા લાગેલી ભીષણ આગમાં ૩ યુવાનોનું મોત, એક બચાવ

ભાવનગર

જિલ્લામાં મોડી રાત્રીના એક કમકમાટી ભર્યો અકસ્માત સર્જાયો હતો. જેમાં ભડભીડ ગામેથી ટ્રેકટરની ટ્રોલી મૂકી અને ટ્રેકટર પર પોતાના ગામ સવાઈનગર પરત ફરી રહેલા ૪ લોકોને માઢિયા નજીક એક અકસ્માત નડ્યો હતો.જેમાં કોઈ કારણોસર આ ટ્રેકટર માઢિયા નજીક પલ્ટી મારી જતા નજીકના ખાડામાં પડ્યું હતું.જેમાં ટ્રેકટર પર સવાર ૪ લોકો પૈકી ૩ લોકો ટ્રેકટરની નીચે દબાઈ ગયા હતા, જ્યારે એકનો આબાદ બચાવ થયો હતો.

આ ટ્રેકટર પલ્ટી મારી ખાડામાં પડ્યા બાદ તેમાં આગ ભભૂકી ઉઠી હતી, અને જેમાં ટ્રેકટર નીચે દબાયેલા (૧) ભરતભકવાણા,ઉ.વ.૩૪,(૨) તેજાભાઈ પ્રાગજીભાઈ વાઘેલા,ઉ.વ.૪૦,(૩) જીગ્નેશ દુદા ભાઈ બારૈયા આગમાં ભડથું થઈ ગયા હતા .જ્યારે મહેશ જેન્તીભાઈ વાઘેલાનો આબાદ બચાવ થયો હતો.આ અકસ્માત એટલો ભયંકર હતો કે ટ્રેકટર પલ્ટી માર્યા બાદ ટ્રેકટરમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી.

આ બનાવની જાણ ભાવનગર ફાયરને કરતા ફાયર સ્ટાફ પણ ત્યાં દોડી ગયો અને આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.જોકે ત્યાં સુધી આગમાં ત્રણેય યુવાનોના મોત થયા હતા.આ બનાવના પગલે આજુબાજુના ગામના લોકો અને સવાઈનગર સરપંચ સહિતના લોકો ત્યાં દોડી ગયા હતા. જ્યારે એસપી,ડીવાયએસપી પણ ત્યાં પહોંચી આ બનાવ અંગે તપાસ હાથ ધરી હતી.

ગુજરાત પર હિકા વાવાઝોડાનું સંકટ, જખૌ મત્સ્ય બંદરે લેવાયા તકેદારીના પગલાં

કચ્છ

ગુજરાત પર હિકા વાવાઝોડા નું સંકટ તોળાઈ રહ્યું છે. ભારત માથે જાણે કુદરત રૂઠી હોય તેવું લાગી રહ્યું છે. કોરોના સંકટ બાદ પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સાને એમ્ફાન નામનાં વાવાઝોડાએ ધમરોળ્યું હતું. ત્યાં ફરી એકવાર ગુજરાતના કાંઠે અરબી સમુદ્રમાં નવું તોફાન સર્જાઈ રહ્યું હોવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આ વાવાઝોડુ ૩-૪ જૂન વચ્ચે ગુજરાતના દરિયા કાંઠે અથડાઈ શકે છે. જખૌ મત્સ્ય બંદરે તકેદારીના પગલાં લેવાયા છે. દરિયામાં માછીમારી માટે ગયેલી ૧૦૦ બોટ પરત બોલાવવામાં આવી છે. બે મહિના સુધી માછીમારી પર પ્રતિબંધ મૂકાયો છે.

આગામી ચોથી પાંચમી જૂન દરમિયાન ગુજરાતનાં દ્વારકા, ઓખા, મોરબી અને કચ્છ તરફ વાવાઝોડુ ફંડાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ તો ડિપ્રેશન છે પરંતુ ધીરે ધીરે તે વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરશે. દ્વારકા કચ્છ કંડલા સહિતનાં વિસ્તારોને ધમરોળીને રાજસ્થાન તરફ ફંટાઈ જશે. જો કે રાજસ્થાનમાં તેની અસર નહીવત્ત રહેશે ત્યાં તે લગભગ વિખેરાઈને શાંત પડી જશે. આ આગાહી એક ખાની એજન્સી વીન્ડી દ્વારા કરવામાં આવી છે.

જો કે બીજી તરફ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી તે અનુસાર ગુજરાતમાં વાવાઝોડુ આવે તેની શક્યતા નહીવત્ત છે. હવામાન વિભાગે આ વાતાવરણને ચોમાસા માટે ખુબ જ સાનુકુળ ગણાવ્યું છે. હવામાને વિભાગના અનુસાર અરબી સમુદ્રમાં લો પ્રેશર સક્રિય જરૂર થશે અને તે ડિપ ડિપ્રેશનમાં પણ ફેરવાશે પરંતુ તેના કારણે ચોમાસાને ખુબ ફાયદો થશે. દરિયા કિનારાના વિસ્તારોમાં સમુદ્ર સામાન્ય તોફાની થઈ શકે છે પરંતુ વાવાઝોડાની કોઈ જ શક્યતા નથી. ચોમાસુ ગુજરાતમાં યોગ્ય સમયે અને ખુબ જ સારી રીતે બેસવાનો સંકેત છે.

કોઈનો મૃતદેહ કોઈને સોંપાતા અમદાવાદ સિવિલ બેદરકારી આવી બહાર, DY સીએમે આપ્યો તપાસનો દિલાસો

અમદાવાદ

અમદાવાદ સિવિલની આજે એક ઘોર બેદરકારી સામે આવી છે. એક દર્દીને દાખલ કર્યો કોરોનાથી મરી ગયો એવું કહી મૃતદેહ પરિવારને સોંપ્યો. પરિવારે અંતિમવિધિ પતાવી દીધી પછી સિવિલમાંથી પરિવારજનોને ફરીથી ફોન આવે છે કે, દર્દીનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે અને તેમને જનરલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. તો પછી એ કોની લાશ હશે? જેની અંતિમ વિધિ થઈ ગઈ હશે? પરિવારજનોને મોં પણ બતાવવામાં નહોતું આવ્યું. આખરે આ મામલે DYCM નીતિન પટેલે તપાસની હૈયાધારણ આપી હતી.

અમે સમગ્ર મામલાની તપાસ કારવીશું. સિવિલ હોસ્પિટલ મુદ્દે હું ખાસ તપાસ કરાવીશ. સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરો જોખમ વચ્ચે સેવા કરે છે. આવડા મોટા કામમાં ક્ષતિ થઈ હશે તો ચોક્કસથી તપાશ કરીશુ. વધુમાં અનલોક ૧ મુદ્દે પણ DYCM નીતિન પટેલે જણાવ્યું હતુ કે, સરકારે ઉદારતાથી નિયમો હળવા બનાવ્યા છે. નાગરિકો પર વિશ્વાસ રાખી સરકારે નિયમો હળવા કર્યા છે. આવતીકાલથી લગભગ બધુ શરૂ થઈ જશે. હોટેલ, રેસ્ટોરન્ટ પણ ચાલુ થઈ જશે. બધુ શરૂ થશે એટલે નાગરિકોએ ધ્યાન રાખવુ પડશે. નાગરિકોએ નિયમો પાળવા પડશે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલની ફરી એક વખત ગંભીર બેદરકારી સામે આવી છે. નિકોલ વિસ્તારમાં રહેતા એક ડાયાબીટીસના દર્દીને મૃત જાહેર કરવામાં આવ્યા છે. દર્દીને મૃત જાહેર કર્યા બાદ પરિવારે તેમનું અંતિમસંસ્કાર પણ કર્યુ. અંતિમ સંસ્કાર કર્યાના એક દિવસ બાદ પરિવારને સિવિલમાંથી દર્દીને ઘરે લઈ જવા માટે કહેવા માટે ફોન આવ્યો. દર્દીનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું સિવિલમાંથી જણાવાયું.

ગાંધીનગર ઉધોગ ભવનમાં જીઆઈડીસીની ઓફિસમાં આગ રેકોર્ડ થયા ખાખ

ગાંધીનગર

ગાંધીનગરના ઉધોગ ભવનમાં વહેલી સવારે આગની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. બ્લોક નબર પાંચના પ્રથમ માળે આવેલી જીઆઈડીસીની ઓફિસમાં આગ લાગી. જ્યારે પ્રથમ દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. ત્યારે ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો હતો. આગના કારણે મોટુ નુકસાન થયુ છે. ત્યારે આ મામલે એફએસએલની ટીમ તપાસ કરશે. તો રિકવરી બ્રાન્ચના રેકોર્ડ આગમાં બળી ને ખાખ થયા હતા.

અમદાવાદમાં કોરોનામાં ભાજપના ઢગલાબંધ ધારાસભ્યો ખોવાયાના સોશિયલ મીડિયામાં મેસેજ

અમદાવાદ

કોરોના વાયરસની મહામારી વચ્ચે સોસીયલ મીડિયા ગરમાયુ છે. સોશિયલ મીડિયા પર ભાજપના નેતાઓ તથા ધારાસભ્યોની મજાક ઉડતી જોવા મળી રહી છે. ધારાસભ્યો ગુમ થયા છે તેવા મેસજો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે અને તેમના નામ અને ફોટા સાથેની મિસિંગ પોસ્ટ વાયરલ થઈ રહી છે. મિસિંગ પોસ્ટમાં તેમની તસ્વીર સાથે ધારાસભ્યો કયા વિસ્તારના છે અને કઈ તારીખથી ગુમ થયેલ છે તેની પણ વિગત આપવામાં આવી છે. સાથે જ વાયરલ થઈ રહેલી આ તસ્વીરોમાં લખવામાં આવ્યું છે કે કોરોના વાયરસની મહામારી વચ્ચે આ વિસ્તારના ધારાસભ્ય વિસ્તારને ભગવાન ભરોસે મુકીને ગાયબ થઈ ગયા છે. વાયરલ થઈ રહેલી આ પોસ્ટમાં આટલા વિસ્તારોના ધારાસભ્યો છે.

દસ્ક્રોઈના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલ, બાપુનગર વિધાનસભાના ધારાસભ્ય, ઠક્કરબાપાનગર વિધાનસભાના ધારાસભ્ય વલ્લભભાઈ કાકડિયા, અમદાવાદ પૂર્વના સાંસદ સભ્ય હસમુખ પટેલ, અમરાઈવાડીના ધારાસભ્ય જગદીશ પટેલ, નિકોલ વિસ્તારના ધારાસભ્ય જગદીશ પંચાલ, આ તમામ ધારાસભ્ય અનેસાંસદો કોરોના મહામારીની વચ્ચે પોતાના વિસ્તારમાંથી ગુમ થઈ ગયા હોવાની અટકળો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હાલ ગરમાયેલી છે.

કલોલની સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલે વિદ્યાર્થીઓની ૧ કરોડથી વધુ ફી કરી માફ

કોરોનાને લઈને ધોરણ ૧ થી ૧૨ના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓની ફી માફ કરવામાં આવી

મહેસાણા

રાજયમાં કોરોનાની મહામારી યથાવત છે, ત્યારે કલોલની સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલે વિદ્યાર્થીઓની ૧ કરોડની ફી માફી આપીને રચ્યો ઈતિહાસ. કોરોનાને લઈને ધોરણ ૧ થી ૧૨ના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓની ફી માફ કરવામાં આવી. નવા એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી પણ પ્રથમ સત્રની ફી નહિ લેવાનો કરાયો નિર્ણય. ત્યારે આ મામલે સ્કૂલનાં ડિરેક્ટરે જાણકારી આપી કે કોરોનાની મહામારીમાં સ્કૂલે સાચા અર્થમાં વિદ્યાર્થી હિતમાં વિચાર્યું.

અમદાવાદમાં એક તફર સ્કૂલો ફી વસુલ ત્યારે સ્વામિનારાયણ સ્કૂલે ઉત્તમ દાખલો બેસાડ્યો. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપ દાસજી મેનેજિંગ ટ્રસ્ટી દ્વારા લેવાયેલા નિર્ણયને સતા મંડળે માન્ય રાખ્યો. અમે નફા માટે નહીં શિક્ષણ માટે સ્કૂલ ચલાવીએ છીએ, કોરોનાની મહામારીમાં પ્રથમ સત્રની અમે તમામ વિધાર્થીઓની ફી માફ કરી.

અમદાવાદની હોસ્પિટલોમાં જન્મેલા ૧૭૨ નવજાત શિશુમાંથી ૪૪ કોરોના સંક્રમિત થતા વધી ચિંતા

અમદાવાદ

ગુજરાતના અમદાવાદ શહેરમાં કેટલીક સગર્ભા મહિલાઓ ત્યારે હચમચી ગઈ જ્યારે બાળકના જન્મ પહેલા થયેલ ટેસ્ટમાં તેમને કોરોના પોઝિટિવ આવ્યો. જો કે, મોટાભાગે મહિલાઓમાં લક્ષણ મળ્યા નહીં પરંતુ તે કન્ટેનમેન્ટ ઝોનમાં રહી અને કદાચ કમ્યુનિટી ટ્રાન્સફરથી તેમનામાં વાયરલ સંક્રમણ ફેલાયું. મીડિયા રિપોર્ટ મુજબ શહેરના સિવિલ હોસ્પિટલ, એસવીપી, સોલ સિવિલ, શારદાબેન અને એલજી હોસ્પિટલમાં કોરોના સંક્રમિત ૧૭૨ મહિલાઓએ બાળકોને જન્મ આપ્યો જેમાંથી ૪૪ નવજાત સંક્રમિત મળ્યા. રિપોર્ટ મુજબ સિવિલ હોસ્પિટલમાં ગાએનેકોલજી એન્ડ ઓબ્સટેટ્રિક્સ ડિપાર્ટમેન્ટના હેડ ડોક્ટર અમિય મેહતાએ કહ્યું કે,'આ મહિલાઓને બાળકને લઈ ચિંતા છે. આંકડા બતાવે છે કે છેલ્લા ૨ મહિનામાં ૯૦ બાળકોની ડિલિવરી થઈ, જેમાં મહિલાઓ કોરોના સંક્રમિત હતી. તેમાંથી ૩૦ ટકાથી પણ ઓછા કેસમાં બાળકો પોઝિટિવ નીકળ્યા છે.

રિપોર્ટ પ્રમાણે આ રીતે એસવીપી હોસ્પિટલમાં ૭૦ કોરોના પોઝિટિવ મહિલાઓની ડિલિવરી થઈ. જેમાંથી ૧૫ અથવા ૨૧.૪ ટકા બાળકો કોરોના પોઝિટિવ આવ્યા. જો કે, તબીબે કહ્યું કે કોરોના પોઝિટિવ મહિલાઓ સારી રીતે મહામારીનો સામનો કરી રહી છે અને રિકવર થઈ રહી છે. સોલા સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર અજય દેસાઈએ જણાવ્યું કે હોસ્પિટલમાં કોરોના સંક્રમિત ૧૨ મહિલાઓની ડિલિવરી થઈ જેમાંથી એક પણ બાળકમાં સંક્રમણ નથી મળ્યું.

જ્યારે બીજી તરફ નિષ્ણાતોનું કહેવું છે કે મોટાભાગે મહિલાઓ ૨૦થી ૩૦ વર્ષની છે. જેમાં બીમારી મળી નહી. અમુક બાળકોને છોડી મોટાભાગે બાળકો સંક્રમણથી બચી ગયા. રિપોર્ટ મુજબ ડોક્ટર મેહતાએ કહ્યું કે,'માથી બાળકમાં વાયરલ સંક્રમણના ટ્રાન્સફરની ઓળખ વર્ટિકલ ટ્રાન્સમિશન તરીકે થઈ, જે અંગે અભ્યાસની જરૂર છે. બાળકોના ધોરણ જેમ કે તેમનું પોઝિટિવ અથવા નેગેટિવ રહેવું, ક્યારે એન્ટીબોડી ડિવેલપ થયું, તેને શું મુશ્કેલી થઈ વગેરે અંગે અભ્યાસની જરૂર છે. જે બધા કેસમાં નથી થયું.

કાલોલમાં ગૌવંશ તસ્કરીનો આરોપી કોરોનાગ્રસ્ત નીકળતા ૬ પોલીસકર્મી કરાયા ક્વોરન્ટાઈન

પંચમહાલ

કાલોલના વેજલપુરના ગૌવંશ તસ્કરી ના કેસમાં આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો અને હવે આરોપીના સંપર્કમાં આવેલા વેજલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ સહિત ૬ પોલીસકર્મીઓ અને ૬ આરોપીઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે. આરોપીના સંપર્કમાંઆવેલા પોલીસકર્મીઓને હોમ ક્વોરન્ટાઈન જ્યારે આરોપીઓ પૈકી એકને ગોધરા સરકારી ક્વોરન્ટાઈન અને અન્ય ૫ આરોપીઓને કાલોલ સબજેલ ખાતે ક્વોરન્ટાઈન કરવા પડ્યા છે. અત્રે જણાવવાનું કે વેજલપુરના સદ્દામ યુસુફ ગોધીયાને ગૌવંશને કતલ કરવાના ઈરાદે પોલીસે ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેનો કોરોના રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો જે પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં હડકંપ મચ્યો હતો. ત્યારબાદ સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી. આરોપીના રહેઠાણ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ એરિયા જાહેર કરાયો.

વડોદરામાં ૪૭ લાખના ડ્રગ્સ રેકેટ મામલે બે આરોપીઓની ધરપકડ, કોલેજીયન યુવતીનું ખુલ્યું નામ

વડોદરા

શહેરમાં ૪૭ લાખના ડ્રગ્સ રેકેટ મામલે બે આરોપીઓની ધરપકડ થઈ હતી જેમાંથી એક આરોપીએ પૂછપરછમાં મોટો ખુલાસો કર્યો છે. આ મામલે શહેરની જાણીતી યુનિ.ની એક પૂર્વ વિદ્યાર્થીનીની સંડોવણી સામે આવી છે. ૪૭ લાખના ડ્રગ્સ રેકેટમાં બે આરોપીઓ પકડાયા હતાં. એક હતો પંકજ માંગુકિયા અને બીજો હતો મોરબીનો મિતુલ આદ્રોજા. એસઓજી પોલીસની પૂછપરછમાં ડ્રગ કેરિયર મિતુલ આદ્રોજાએ ખુલાસો કર્યો કે જાણીતી યુનિવર્સિટીની બીફાર્મની પૂર્વ વિદ્યાર્થીની વિદ્યાર્થીઓને ડ્રગ્સ વેચતી હતી. કોઈ મીડિયેટર પાસેથી બીફાર્મ કરી રહેલી યુવતી ડ્રગ્સ ખરીદતી હતી. પછી તે કોલેજિયનોને વેચતી હતી. પોલીસના જણાવ્યાં મુજબ પંકજ પાસેથી મિતુલનું નામ ખુલ્યું હતું. મિતુલની પૂછપરછમાં જાણવા મળ્યું કે તે પંકજ પાસેથી મીડિયેટરના માધ્યમથી મેથામ્ફેટામાઈન ડ્રગ્સ લેતો હતો અને આ જ મીડિયેટરની મદદથી શહેરના પાણીગેટ વિસ્તારમાં રહેતી અને પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી યુવતી ડ્રગ્સ ખરીદતી હતી. જે કોલેજિયન યુવક-યુવતીઓને વેચતી હતી. મળતી માહિતી મુજબ યુવતીએ આ વર્ષે જ બીફાર્મનો અભ્યાસ પૂરો કર્યો છે. પોલીસે મિતુલ, યુવતી અને મીડિયેટર વ્યક્તિના કોલ ડિટેલના આધારે તપાસ શરૂ કરી દીધી છે.

હાઈકોર્ટની જયંતી રવિને ચેતવણી સાથે કોરોના ટેસ્ટિંગની મંજૂરી ૨૪ કલાકમાં આપવાનો આદેશ

અમદાવાદ

કોરોનાના ટેસ્ટ કરવા અંગે હાઈકોર્ટમાં સુઓમોટો થયો. આ મામલે હાઈકોર્ટે ૭૬ પાનાનો હુકમ જાહેર કર્યો છે. આ હુકમમાં જણાવાયું છે કે, કોવિડ ટેસ્ટ મહત્વના આદેશ કરવામાં આવ્યા છે એટલું જ નહીં પરંતુ હાઈકોર્ટે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિને પણ ચેતવણી આપી છે. સિવિલમાં પૂરતી સારવાર મળે તે માટે આરોગ્ય સચિવની જવાબદારી નક્કી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને પૂરતી સુવિધા અને યોગ્ય ટ્રિટમેન્ટ મળે તેવુ હાઈકોર્ટે જણાવ્યું છે. આ મામલે સરકારે આજથી જ ડેમેજ કંટ્રોલના ભાગ રૂપે એકથી બે કલાકમાં ટેસ્ટિંગની મંજૂરી માટેના આદેશ આપી દીધા છે. કોવિડ ટેસ્ટ માટે કોઈપણ ફિઝિશિયન કે સર્જન મંજૂરી માંગી શકશે.

૨૪ કલાકની અંદર ટેસ્ટ માટે મંજૂરી આપવા હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો છે. અગાઉ ૪૮ થી ૭૨ કલાક સુધી મંજૂરી નહોતી મળી શકતી. મંજૂરી ન મળવાથી દર્દીઓને ભારે હેરાનગતિ ભોગવવી પડતી હતી. કોવીડ-૧૯ ટેસ્ટ મામલે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિને પણ કોર્ટે ચેતવણી આપી હતી. સિવિલમાં પૂરતી સારવાર મળે તે માટે આરોગ્ય સચિવની જવાબદારી નક્કી કરાઈ છે. સિવિલમાં પૂરતી સારવાર માટેની સંપૂર્ણ જવાબદારી આરોગ્ય સચિવને માથે રહેશે. દર્દીઓને પૂરતી સુવિધા અને યોગ્ય ટ્રીટમેન્ટ મળવી જોઈએ.

સિવિલ હોસ્પિટલને લઈને પણ સ્પષ્ટતા કરી હતી. કોવીડ-૧૯ના દર્દીના નિદાન અંગે લેબોરેટેરી ટેસ્ટની મંજૂરી આપવા બાબતે આરોગ્ય અધિક નિયામક ડો. પ્રકાશ વાઘેલાએ આદેશ આપ્યા હતા. જેમાં રીતસર આ અંગે એકાદ બે ક્લાકમાં જ જવાબ આપી દેવો અને સાંજે ૫ વાગ્યા સુધીમાં તમામ રિપોર્ટના ડેટા તૈયાર કરી લેવા અંગે ટકોર કરતો સરક્યુલર જાહેર કર્યો છે. અમદાવાદમાં ખાનગી લેબોરેટરીમાંથી આવેલા સેમ્પલને ઝડપથી મંજૂરી આપી દેવી અને તેનું સમયસર રિપોર્ટિંગ કરવું તેવા આદેશ અધિક નિયામકે આપ્યો છે.

દાહોદમાં વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતા વધી લોકોની મુશ્કેલીઓ

દાહોદ

સમગ્ર ગુજરાતમાં એક બાજુ ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે દાહોદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો ત્યાર બાદ વહેલી સવારે વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદના કારણે રસ્તા પર વરસાદી પાણી ભરાઈ ગયા હતાં. જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત ખેડૂતોને બહુ મુશ્કેલી પડી હતી. આજે વહેલી સવારે દાહોદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ત્યાર બાદ વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો. ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા.

દાહોદના સ્ટેશન રોડ વિસ્તારના મુખ્ય માર્ગ પર પાણી ભરાવવાના દ્રશ્યો જોવા મળ્યાં હતાં. જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યોહતો. જ્યારે રસ્તાઓ પર પાણી ભરાતા નગરપાલિકાની પ્રિમોન્સુનની કામગીરીની પોલ ખોલી હતી. દાહોદમાં ભારે વરસાદના કારણે ખેડૂતો પણ ચિંતામાં મુકાઈ ગયા હતાં. હવામાન વિભાગે આગાહી કરી હતી કે, આગામી ચાર દિવસ ગુજરાતના વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આ ઉપરાંત અનેક ભાગોમાં વરસાદ પણ જોવા મળશે.

મણિનગર અને સાબરમતી સ્ટેશનો પર નહીં ઊભી રહે

આજથી અમદાવાદ સ્ટેશનથી ૧૦ સ્પેશિયલ ટ્રેનો કરાશે શરૂ

અમદાવાદ

રેલવે દ્વારા ૧ જૂનથી શરૂ કરવામાં આવી રહેલી વિશેષ ટ્રેનો અગાઉના તેના નિર્ધારિત સમયપત્રક મુજબ દોડશે અને તમામ નિર્ધારિત સ્ટેશનો પર ઊભી રહેશે. જોકે અમદાવાદ સ્ટેશનેથી શરૂ થનાર વિશેષ ટ્રેનો મણિનગર અને સાબરમતી સ્ટેશને ઊભી નહીં રહે તેવી અમદાવાદ ડિવિઝન દ્વારા જાહેરાત કરવામાં આવી છે. હાલ સાબરમતીથી ઉપડતી રાજધાની એક્સપ્રેસ પણ અમદાવાદથી ઉપડશે અને આ ટ્રેન પણ સાબરમતી સ્ટેશને ઊભી નહીં રહે. આથી તમામ પેસેન્જરોએ કાલુપુર સ્ટેશને જ આવવાનું રહેશે .અધિકારીઓ ના જણાવ્યા મુજબ ૧ જૂનથી અમદાવાદ સ્ટેશનેથી શરૂ થનાર અમદાવાદ- દિલ્હી આશ્રમ એક્સપ્રેસ સાબરમતી સ્ટેશને ઊભી નહીં રહે.

એ જ રીતે અમદાવાદ - દરભંગા સાબરમતી એક્સપ્રેસ અને અમદાવાદ - વારાણસી સાબરમતી એક્સપ્રેસની સાથે અમદાવાદ મુંબઈ કર્ણાવતી એક્સપ્રેસ અને અમદાવાદ-હાવડા એક્સપ્રેસ મણિનગર સ્ટેશને ઊભી નહીં રહે. તેથી તમામ પેસેન્જરોએ ટ્રેન પકડવા માટે કાલુપુર જ આવવાનું રહેશે. મંડળ રેલ પ્રબંધક દિપકકુમાર ઝાના અનુસાર ૦૧ જૂન ૨૦૨૦થી અમદાવાદ સ્ટેશનથી કુલ ૧૦ જોડી ટ્રેનોનું સંચાલન કરવામાં આવશે.

જેમાં વર્તમાનમાં સાબરમતીથી ચાલી રહેલી ટ્રેન સંખ્યા ૦૨૯૫૭/૦૨૯૫૮ સાબરમતી-નવી દિલ્હી એસી સ્પેશિયલને ૦૧ જૂનથી અમદાવાદ સ્ટેશનથી નવી દિલ્લી માટે ચલાવામાં આવશે તથા આ ટ્રેન બંને દિશાઓમાં સાબરમતી સ્ટેશન પર ઉભી નહી રહે. જેમણે આ ટ્રેનની ટિકિટ સાબરમતી સ્ટેશનથી લીધી છે તેઓએ ટ્રેનમાં બેસવા/ઉતરવા અમદાવાદ સ્ટેશન આવવું પડશે. રેલ પ્રશાસન દ્વારા આ સૂચના યાત્રીઓને બલ્ક જીજ્ઞી દ્વારા પણ આપવામાં આવી રહી છે. આના સિવાય વર્તમાનમાં સ્પેશિયલના રૂપમાં ૦૧ જૂનથી ચલાવામાં આવનાર કોઈ પણ ટ્રેનોનું મણિનગર અને સાબરમતી સ્ટેશનો પર સ્ટોપેજ નહિ હોય.

કોટ વિસ્તારમાં છૂટછાટને લઈ વડોદરાના ધારાસભ્ય ગ્યાસુદીન શેખે સીએમને લખ્યો પત્ર

વડોદરા

રાજ્યમાં કોરાના વાયરસનો કહેર યથાવત છે, લોકડાઉન ૪.૦માં સરકારે ઘણી છૂટછાટ આપી છે, ત્યારે આ મામલે ધારાસભ્ય ગ્યાસુદીન શેખે સીએમને પત્ર લખી શહેરના કોટ વિસ્તારમાં છૂટછાટ આપવા રજૂઆત કરી છે.કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોટ વિસ્તારને કાઢવા રજૂઆત કરી છે. જે વિસ્તારમાં પતરા અને બેરીકેટ લાગેલા છે ત્યાં પણ હટાવવા રજૂઆત કરી છે. કોટ વિસ્તારમાં કેસની સંખ્યા ઘટતા ગ્યાસુદીને સીએમને રજૂઆત કરી છે.

જૂનાગઢ જિલ્લામાં ૮ દર્દીઓને હોમ આઈસોલેશનની સલાહ સાથે ડિસ્ચાર્જ કરાયા

જૂનાગઢ જિલ્લામાં કોરોના માત્ર પાંચ જ એક્ટિવ કેસ

જૂનાગઢ

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે જૂનાગઢમાં કોરોનાને લઈને રાહતના સમાચાર સામે આવ્યા છે. કોવિડ-૧૯ કેર સેન્ટરમાંથી ૮ દર્દીઓને હોમ આઈસોલેશનની સલાહ સાથે દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લામાં કોરોના માત્ર પાંચ જ એક્ટિવ કેસ છે. અત્યાર સુધી કુલ ૨૯ કેસ નોંધાયેલા હતા જેમાં ૨૪ લોકોને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. માત્ર હાલ ૫ જ કેસ એક્ટિવ છે. આજે ડિસ્ચાર્જ કરવામાં આવેલા દર્દીઓની વિગતવાર વાત કરીએ તો, ૩ દર્દીઓ કેશોદ અને ૫ દર્દીઓ વિસાવદરના બરડીયાનાઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

જામનગરમાં ૧૦ વર્ષના બાળક અને અમરેલીમાં ૫૫ વર્ષની મહિલાનું કોરોનાને કારણે મોત

રાજકોટ

જામનગરમાં કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૧૦ વર્ષના બાળકનું મોત નીપજ્યું છે. કોરોનાને કારણે જામનગર જિલ્લામાં આ ત્રીજું મોત છે. અગાઉ બે બાળકોના મોત નીપજયા હતા. જ્યારે ય્ હોસ્પિટલમાં ગઈકાલે લેવામાં આવેલા ૨૯ સેમ્પલમાંથી તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. અમરેલીના ગજેરાપરા વિસ્તારના ૫૫ વર્ષીય મહિલાનું કોરાનાને કારણે મોત નીપજ્યું છે.

અમરેલી જિલ્લામાં મહિલાનું મોત થયું તે મહિલાનો ગત ૩૧ મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ મહિલા ૨૮મેના રોજ અમદાવાદથી અમરેલી આવ્યા હતા. આ મહિલા હાઈપર ટેન્શન અને અસ્થમાના દર્દી હતા. વધુ સારવાર માટે તેમને અમદાવાદ જવામાં આવ્યા હતા પરંતુ લોકડાઉન શરૂ થતા ત્યાં જ અટવાય ગયા હતા. આ મહિલાને ગઈકાલે સવારે દાખલ કરવામાં આવ્યા ત્યારે જ તેમની પરિસ્થિતિ ઘણી ક્રિટિકલ હતી. હાલ આ મૃતક દર્દીના કોન્ટેક્ટમાં આવેલા તમામના ટ્રેસીંગની કાર્યવાહી તેમજ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં કોરોનાનો વધુ એક કેસ નોંધાતા સંખ્યા ૧૦ થઈ છે. જ્યારે બે દર્દી સાજા થયા છે. જુનાગઢમાં કોવિડ કેર સેન્ટરમાંથી આજે ૮ દર્દીઓને હોમ આઈસોલેશનની સલાહ સાથે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ડિસ્ચાર્જ કરવામાં આવેલા દર્દીઓમાં ૩ કેશોદના, ૫ વિસાવદરના બરડીયા ગામનાનો સમાવેશ થાય છે. જુનાગઢમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૯ છે જેમાં ૨૫ દર્દી સાજા થઈ ગયા છે અને ૫ દર્દી હાલ સારવાર હેઠળ છે. રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે. રાજકોટમાં ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવતા અને માધાપર ગામે ગોલ્ડન એપાર્ટમેન્ટ પોર્ટીકો એપાર્ટમેન્ટમાં રહેતા વ્યક્તિનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા ૩૮ ફ્લેટના રહેવાસીઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. આથી રાજકોટ જિલ્લામાં પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૪ થઈ છે.

AMC દ્વારા કુલ ૭૩ કોરોના વોરિયર્સને કુલ રૂ. ૧૧ લાખનું ચૂકવાયું વળતર

અમદાવાદ

સાબરમતીમાં ધર્મનગર પોસ્ટ ઓફિસ પાસે આવેલી જાગાભાઈની ચાલીમાં એક સાથે સત્તર પોઝેટીવ કેસ મળ્યા છે. આ કેસ બેથી ત્રણ પટણી પરિવાર ના હોય એમ મનાઈ રહ્યું છે.એક બે વર્ષની બાળકીને બે આઠ વર્ષના બાળકો પણ કોરોના પોઝિટિવ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં ૪,૮૭૩ દર્દી સારવાર હેઠળ છે, જે પૈકી મધ્ય ઝોનના સૌથી વધુ ૧,૧૧૪ દર્દી વિભિન્ન હોસ્પિટલમાં દાખલ છે. ત્યાર બાદ ઉત્તર બાદ ઝોનમાં ૯૯૭ દર્દી, દક્ષિણ ઝોનના ૮૭૬ દર્દી, પૂર્વ ઝોનના ૮૩૯ દર્દી, પશ્ચિમ ઝોનના ૬૧૮ દર્દી, દક્ષિણ-પશ્ચિમ ઝોનના ૨૭૬ દર્દી, ઉત્તર-પશ્ચિમ ઝોનના સૌથી ઓછા ૧૭૧ દર્દી સારવાર હેઠળ છે.

હવે મધ્ય ઝોન, દક્ષિણ ઝોન સિવાયના પશ્ચિમ ઝોન, પૂર્વ ઝોન અને ઉત્તર ઝોનમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. જ્યારે ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં પણ કોરોનાના કેસમાં વૃદ્ધિ થઈ રહી છે, પરંતુ અન્ય ઝોનની સરખામણીમાં કંઈક અંશે ઓછી છે.

કોરોના વાઈરસથી સંક્રમિત કોરોના વોરિયર્સને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાણાકીય વળતર ચૂકવવામાં આવ્યું છે. છસ્ઝ દ્વારા કુલ ૭૩ કોરોના વોરિયર્સને કુલ રૂ. ૧૧ લાખનું વળતર ચૂકવવામાં આવ્યું છે. ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવી રહેલા ડોક્ટર, લેબ ટેક્નીશિયન, પેરા મેડિકલ સ્ટાફ તથા અન્ય કમંચારી, અધિકારીઓ પૈકી જેઓ કોરોના વાઇરસથી સંક્રમિત થયા હોય તેઓને નાણાંકીય સહાય ચૂકવવામાં આવી છે.

જામકંડોરણામાં એક અને ઉપલેટા શહેરમાં કોરોનાના બે કેસ નોંધાતા તંત્રમાં ફફડાટ

રાજકોટ

ઉપલેટામાં બેનના ઘરે આવેલા પતિ-પત્નીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા બંનેને રાજકોટ લઈ જવામાં આવ્યાં હતા. આ પતિ-પત્નિ અમદાવાદથી ૨૭ મેના રોજ ઉપલેટા આવ્યાં હતા. બેનના ઘરે આવેલા દંપતિના પરિવારના અન્ય ત્રણ વ્યક્તિઓને પણ ક્વોરનટાઈન કરવામાં આવ્યાં છે. આ સાથે જ આ વિસ્તારને સાફ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

ઉપલેટાના મામલતદાર, રાજકોટ જિલ્લા આરોગ્ય ડો મિતેષ ભંડેરી સહિતની ટીમ અને જેતપુર છજીઁ સાગર બાગમાર સહિત ઉપલેટા પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. જામકંડોરણાના જામદાદર ગામે રહેતો દસ વર્ષના બાળકનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. બાળકના સંપર્કમાં આવેલા તમામ લોકોને હોમ ક્વોરનટાઈન કરવામાં આવ્યાં છે.

વડતાલ ગાદી હેઠળના જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના વહીવટી કબ્જાના વિવાદમાં દેવપક્ષનો વિજય

જૂનાગઢ

જવાહર રોડ સ્થિત સ્વામી નારાયણ મંદિરમાં ગત વર્ષે યોજાયેલી ૭ બેઠકોની ચૂંટણીમાં ગૃહસ્થ વિભાગની ચારેય બેઠકો પર આચાર્ય પક્ષના નંદલાલભાઇ દલસુખભાઇ બામટા, જાદવભાઇ જેરામભાઇ ચાવડા, રતિભાઇ ભનુભાઇ ભાલોડિયા અને મગનભાઇ મનજીભાઇ સભાયા ચૂંટાયા હતા. તેમની સામેના દેવપક્ષના ઉમેદવારોને ઓછા મત મળ્યા હતા.

આથી આચાર્યપક્ષ બહુમતીમાં આવી ગયો હતો. અને આચાર્ય પક્ષને ચેરમેનપદ મળ્યું હતું. આચાર્યપક્ષે સંપ્રદાયના વર્તમાન વડતાલગાદીના આચાર્ય રાકેશપ્રસાદજીનું આધિપત્ય સ્વીકાર્યું નહોતું. આથી તેઓ સામે દેવ પક્ષે ચેરિટી કમિશ્નરમાં અરજી કરી તેઓને ગેરલાયક ઠરાવવા માંગણી કરી હતી. જેનો ચૂકાદો મદદનીશ ચેરિટી કમિશ્નરે દેવપક્ષની તરફેણમાં આપ્યો હતો. આજે દેવપક્ષના સભ્યો ચાર્જ લેવા માટે મંદિરે ગયા હતા.

આથી નંદલાલભાઇ, જાદવભાઇ, રતિભાઇ અને મગનભાઇ ટ્રસ્ટીની ચેમ્બરમાં પૂરાઇ અંદરથી લોક કરી દીધું હતું. છેવટે એસપી સૌરભસિંઘ મંદિરે આવ્યા હતા. અને અંદરથી ચેમ્બર ખોલાવી હતી. અને વિધીવત રીતે ચેરમેન પદનો ચાર્જ સંત વિભાગના ટ્રસ્ટી દેવનંદનસ્વામીને સોંપ્યો હતો. આ સાથેજ પોલીસની હાજરીમાં કોઠાર, ટ્રસ્ટીની ઓફિસ, ભંડાર, કોઠાર, વગેરે સીલ કરી દેવાયા હતા. દેવપક્ષે બોર્ડનો કબજો સંભાળ્યો હતો તેમજ ઓફિસ, કોઠાર સીલ કર્યા હતા. આચાર્ય પક્ષનાં ચારેય ટ્રસ્ટીઓને ગેરલાયક ઠરાવાયા બાદ દેવ પક્ષમાંથી તેઓ સામે ઉભેલા આપોઆપ ટ્રસ્ટી બનશે. આમ ફરી ચૂંટણી નહીં થાય. જોકે, વધુ ફોર્મ ભરાયા હોવાથી કોને ટ્રસ્ટી બનાવાશે એ હવે પછી નક્કી થશે.

મહેસાણામાં કોરોનાના વધુ બે કેસ નોંધાતા ગભરાત, પૂર્વ સાંસદના પુત્ર પણ પોઝિટીવ

અમદાવાદ

મહેસાણા જિલ્લામાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. છઠીયારડા અને સેફ્રોની કોટેજ મા રહેતા યુવકને કોરોના પોઝિટિવ આવ્યો છે અને ૪૮ વર્ષીય તરુણ જયંતિભાઈ બારોટનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તરુણ બારોટ પૂર્વ સાંસદ જયંતિભાઈ બારોટના પુત્ર છે. છેલ્લા એક સપ્તાહથી તરુણ બારોટને તાવ આવતો હતો. તો છઠીયારડાના ૪૮ વર્ષીય યુવકને પણ કોરોના થયો છે. ગુનાના કામે ધરપકડ કરાયેલ સુરેશજી ગોબરજી ઠાકોરને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. અમદાવાદ શહેરમાં તો કોરોનાનો ભરડો વધ્યો છે,

ત્યારે જિલ્લામાં પણ કોરોનાએ પગપેસારો કર્યો છે. જેમાં અમદાવાદ જિલ્લામાં છેલ્લા ૨૪ ક્લાકમાં કોરોના પોઝિટિવના વધુ ૧૧ કેસ નોંધાયા છે. દસક્રોઈમાં ૭, બાવળા, વિરમગામ, ધોળકા અને ધંધૂકામાં ૧-૧ કેસ મળી આવ્યો છે. જિલ્લામાં કુલ કેસની સંખ્યા ૨૧૨ થઇ ગઇ છે. આજે કુલ ૧,૫૦૦ સેમ્પલ લેવાયા હતા જેનો રિપોર્ટ આગામી એકાદ-બે દિવસમાં આવશે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતું જઇ રહ્યું છે.

વાણી કપૂર રોજમદારો માટે વર્ચ્યુઅલ ડેટ પર જશે

મુંબઈ

વાણી કપૂર કોવિડ-૧૯ લોકડાઉનના કારણે મુશ્કેલીમાં મુકાયેલા રોજમદારો માટે ફંડ્સ એકત્રિત કરશે. જેના માટે આ એક્ટ્રેસ વર્ચ્યુઅલ ડેટ પર જશે. વાણીએ કહ્યું હતું કે, 'માનવતાના ધોરણે આપણે કોરોના વાઇરસની મહામારીના કારણે પોતાના દેશમાં મેક્સિમમ લોકોને મદદ કરવાની જરૂર રહેશે. હું મારા દેશના રોજમદારો અને તેમના પરિવારોની મદદ માટે આ કામ કરી રહી છું કે જેઓ લોકડાઉનના કારણે મુશ્કેલીમાં મુકાયા છે.' તેણે વધુ કહ્યું હતું કે, 'આ એક્ટિવિટીમાં પાંચ ભાગ્યશાળી વિનર્સ મારી સાથે એક વર્ચ્યુઅલ ડેટ કરી શકે છે. અમે એના દ્વારા ફંડ એકત્ર કરીને અનેક પરિવારોને મદદ કરીશું.'

લોકડાઉનમાં જેટલું શીખ્યું, સમજ્યું અને જાણ્યું એટલું ૭૮ વર્ષમાં પણ ન શીખી શક્યોઃ બિગ બી

મુંબઈ

મહામારી કોરોનાને કારણે હાલ શૂટિંગ બંધ છે. અમિતાભ બચ્ચન ઘરે રહીને સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરતા રહે છે. તેણે એક પોસ્ટમાં કહ્યું કે, આ લોકડાઉન દરમ્યાન તેમણે જેટલું શીખ્યું, સમજ્યું અને જાણ્યું છે એટલું ૭૮ વર્ષના તેમના જીવનકાળમાં નથી શીખી શકયા. આ મેસેજ તેમણે હિન્દી અને અંગ્રેજી ભાષામાં શેર કર્યો હતો.

તેમણે પોસ્ટ શેર કરી લખ્યું કે, આ લોકડાઉન કાળમાં મેં જેટલું શીખ્યું, સમજ્યું અને જાણ્યું એટલું હું મારા ૭૮ વર્ષના જીવનકાળમાં ન શીખી શક્યો, ન સમજી શક્યો અને ન જાણી શક્યો. આ હકીકતને વ્યક્ત કરવી, આ સીખ, સમજ અને જાણવાનું પરિણામ છે. અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર અવારનવાર જિંદગી સાથે સંકળાયેલ વાતો શેર કરતા રહે છે. કોઈવાર તેઓ પિતા હરિવંશ રાય બચ્ચનની કવિતા પણ શેર કરે છે. તેમના ફોટો સાથે કેપ્શનમાં આ બધી વાતો શેર કરતા રહે છે. અમિતાભ બચ્ચન હવે ગુલાબો સિતાબો ફિલ્મમાં દેખાવાના છે. અમિતાભ અને આયુષ્માન સ્ટારર આ ફિલ્મ ૧૨ જૂને એમેઝોન પ્રાઈમ પર રિલીઝ થવાની છે. ફિલ્મને શૂજિત સરકારે ડિરેક્ટ કરી છે.

પાટણ જિલ્લામાં ટેકાના ભાવે ચણાની ખરીદીનો સરકારનો લોલીપોપ, ખેડૂતોમાં આક્રોશ

પાટણ

પાટણ જિલ્લામાં ટેકાના ભાવે ચણાની ખરીદીમાં અન્યાયની જાહેરાત સામે વઢિયારના ખેડૂતોમાં આક્રોશ જોવા મળ્યો હતો. એક ખેડૂતના ૨૭ મણ ચણા જોખવાની સરકારની જાહેર સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આવતીકાલે માર્કેટયાર્ડમાં ચણાની ખરીદી બંદ કરાવી હાઈવે ચક્કાજામ કરવાની અને સત્યાગ્રહ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ઉત્તર ગુજરાતમાં માત્ર ટેકા ભાવે ચણાની ખરીદીની સરકારે જાહેરાત કરી હતી અને એમાં પણ ખેડૂતોએ હોંશે હોંશે અરજીઓ કરી હતી. ત્યારે પાટણ જિલ્લામાં ઘણા ભાગે ચોમાસુ આધારિત ખેત ઉત્પાદન થતું હોય છે અને એમાં પણ ખારી જમીનમાં ચણાનું મબલખ ઉત્પાદન થયું. છેલ્લા ત્રણ વર્ષ અછત ભરેલા ગયા અને ચાલુ વર્ષે ચણાનું સારું ઉત્પાદન થયું ત્યાં માર્કેટમાં શરૂઆતમાં સારા ભાવ મળતા હતા. તેવામાં સરકારે ટેકાના ભાવે ચણાની ૯૭૫ પ્રતી મણની ખરીદી માટે જાહેરાત કરતાં ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ હતી અને જિલ્લામાં ૨૫ હજાર જેટલા ખેડૂતો અરજીઓ કરી હતી. તેમાં સમી, શંખેશ્વર અને રાધનપુર તાલુકાઓમાં ૧૫ હજારથી વધુ અરજીઓ થઈ છે અને પ્રત્યેક ખેડૂતોના ૧૨૫ મણ પ્રમાણે જાહેરાત પણ કરી હતી. છેલ્લા ત્રણ મહિનાથી લોકડાઉન પહેલા ચણાનું ઉત્પાદન સંઘરી બેઠા છે. હવેજોચણા સત્વરે નહીંજોખાયા તો સળી જશે અને બગડવા લાગશે તેનું નુકશાનીની જવાબદારી કોણ લેશે.

સિંહોના મોત પાછળનું કારણ જાણવા કેન્દ્રની ટીમ ગીર વિસ્તારમાં પહોંચી

૩ મહિનામાં ૨૫ સિંહના મોત, મોતનું કારણ બતાવાઈ રહ્યું છે બેબીસીયા રોગ

અમરેલી

સિંહના મોતના મામલે આજે દિલ્હીથી ત્રણ અધિકારીઓની ટીમ ગીર આવી પહોંચી છે. ગીર વિસ્તારમાં એશિયાટિક સિંહોમા મોત મામલે તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ મહિનામાં ૨૫ સિંહોના મોત થઈ ચૂક્યા છે. આ સિંહોના મોત પાછળનું કારણ જાણવા માટે કેન્દ્રની ટીમ ગીર વિસ્તારમાં પહોંચી છે. જેમાં કેન્દ્રીય વન વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર, ઈન્ડિયા વેટનરી ઈન્સ્ટીયૂટના સભ્ય અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાના સભ્યનો સમાવેશ થાય છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટની પણ તપાસ કરશે. સિંહોની તમામ તપાસ બાદ કેન્દ્ર સરકારને રિપોર્ટ સોંપાશે. જ્યારે સ્થાનિક વનવિભાગ સિંહોમાં બેબીસીયા રોગ હોવાનું રટણ કરી રહ્યું છે. બીજી તરફ ૨૦૧૮માં આવેલા CDV (કેનાઈન ડિસ્ટેમ્પર વાઇરસ) રોગની પણ ઉચ્ચ અધિકારીઓમાં આશંકા છે.

ગીર વિસ્તારમાં તપાસ હાથ ધરી દિલ્હીની ટીમ જૂનાગઢ ઝૂ ખાતે રવાના થઈ છે. ગીરના સિંહોના મૃત્યુનું કારણ બેબીસીયા (શરીર પર લોહી ચૂસતા ટિક) આ બેબીસીયા વન્યજીવોમાં પિરોપ્લાઝ્મોસિસઃ ઈટાલિયન આલ્પ્સમાં બેબીઝિયા અને થેલેરિયા મુક્ત રીતે વિહરતા ખરીવાળા સસ્તન પ્રાણી અને માંસાહારીને અસર કરે છે. બેબીસીયા તે એપીકોમ્પ્લેક્સ પરોપજીવી છે.

અમદાવાદમાં કોરોનાથી રક્ષણ મેળવવા 'ઈમ્યુનિટી બુસ્ટર' બનાવ્યાનો કરાયો દાવો

અમદાવાદ

અનેક દેશ વેક્સીન શોધી રહ્યા છે અને તેમા સફળતા હજુ નથી મળી રહી ત્યારે આયુર્વેદિક દવાથી કોરોના સામે લડી શકાશે તેવો દાવો અમદાવાદમાં રહેતા એક વ્યક્તિએ કર્યો છે. રમેશ પટેલે કોરોનાથી રાહત મેળવવા માટે ઈમ્યુનિટી બુસ્ટર બનાવ્યાનો દાવો કર્યો છે. 'સોલિવુડ અમૃત' નામનું આ ઈમ્યુનિટી બુસ્ટર કોરોના સામે રક્ષણ મેળવવા કારગર સાબિત થશે તેવો દાવો રમેશ પટેલે કર્યો છે. આ આયુર્વેદિક દવા તુલસી, એલોવેરા, લવિંગ અને અન્ય સામગ્રીઓ ભેગી કરીને બનાવવામાં આવી છે. રમેશ પટેલનો દાવો કે,

જેમને પણ કોરોનાના લક્ષણ હોય અને તેઓ આ દવાનું સેવન કરે તો કોરોનાથી બચી શકાય છે. તેમણે આ સાથે એવો પણ દાવો કર્યો કે, કોરોના પોઝિટિવ હોય તો તેવા દર્દીઓને 'સોલિવુડ અમૃત' આપવાથી ૪૮ કલાક સુધીમાં રાહત મળશે. 'સોલિવુડ અમૃત' કોરોના ન હોય તે વ્યક્તિ દિવસમાં બે વાર અને કોરોના પોઝિટિવ હોય તેણે દિવસમાં ત્રણવાર આ દવાનું સેવન કરવાનું હોય છે. તેમના જણાવ્યાં મુજબ ૧ થી ૪ વર્ષનું બાળક એક ડ્રોપ અને ૪ વર્ષથી ઉપરના તમામ લોકોએ ગરમ પાણી સાથે ૩ ડ્રોપ આ આયુર્વેદિક દવાનું સેવન કરવાનું હોય છે.

સુરતમાં નવા ૫૫ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૭૧૫ પર પહોંચ્યો, વધુ ૨૭ દર્દી ડિસ્ચાર્જ થયા

શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૭૨ થયો અને રિકવરી આંક ૧૧૪૭ પર પહોંચ્યો : સુરત શહેરની સાથે જિલ્લામાં પણ પોઝિટિવના કેસમાં વધારો, આંક ૧૧૮

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૫૫ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૭૧૫ થઈ ગઈ છે. આ સાથે કોરોનાનો કુલ મૃત્યુઆંક ૭૨ થઈ ગયો છે. શહેરમાં ૨૨ અને જિલ્લામાં ૫ દર્દી મળી ૨૭ કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. જેથી રિકવરી આંક ૧૧૪૭ પર પહોંચી ગયો છે.

સુરત સિટીમાં આજે ૪૯ કેસ નોંધાયા છે. જયારે જિલ્લામાં ૬ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ હોટ સ્પોટ વિસ્તાર લિંબાયતમાં ૧૪ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૯, વરાછા-એ ઝોનમાં ૬, વરાછા-બી ઝોનમાં ૪, રાંદેર ઝોનમાં ૧, કતારગામ ઝોનમાં ૧૧, ઉધના ઝોનમાં ૨ અને અઠવા ઝોનમાં ૨ કેસ નોંધાયા છે.

ડભોલી, એલિફંટા હાઇટ્સ ખાતે રહેતા અને સાડીની દુકાન ધરાવતા વિશાલ નાદોદ (૩૮)નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેવી જ રીતે લિંબાયત, શિવાજી નગર ખાતે રહેતા અને કપડાની દુકાન ચલાવતા અમિત જૈન (૩૫)નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જયારે અમરોલી આવાસ ખાતે રહેતા મુખ્તાર ફકીર સિદ્દીક (૩૬) કપડાની લારી ચલાવે છે. તેઓને પણ ચેપ લાગ્યો છે.

બર્ડ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર પ્રકાશ નવીન પટેલ (૪૨) ચેપગ્રસ્ત થયા છે. તેવી જ રીતે બેગમપુરા ખાતે રહેતા કૈઝરભાઈ તૈયબભાઈ ચુનાવાલા(૬૯) લેબોરેટરીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. શનિવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

પરવત પાટીયા જય જલારામ સોસાયટી-૧, ખાતે રહેતા કમલેશભાઈ ગમનલાલ પસ્તાગિયા (૫૨) એપીએમસીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. જેઓ ચેપગ્રસ્ત થયા છે. એપીએમસીના ઘણા શાકભાજી વિક્રેતાઓ કોરોના પોઝિટિવ આવ્યા હોય તેમાંથી કોઈકનો ચેપ લાગ્યો હોવાની શંકા છે. કતારગામ, પારસ સોસાયટી ખાતે રહેતા અને એન્જિનિયરિંગ કંપનીમાં કામ કરતા બંકિમભાઈ કંસારા (૫૧) ચેપગ્રસ્ત થયા છે.

ભીમપોર લંગર પાસે એક્વાટીકામાં વોચમેન તરીકે નોકરી કરતા ભીમપોર નાનાહીરા સ્ટ્રીટ ખાતે રહેતા ૬૦ વર્ષના પરમાનંદ પટેલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે કેટલાક લોકોએ સોશિયલ મિડિયા પર જાણી જોઈને એવી અફવા ફેલાવી હતી કે પરમાનંદનો રિપોર્ટ નેગેટીવ છે.

સુરતમાં દુલ્હા-દુલ્હન અને જાનૈયાઓ માટે કલરફુલ ડિઝાઈનર સાથે બનાવાયા માસ્ક

સુરત

કોરોના વાઈરસથી બચાવવામાં મહત્વની ભુમિકા માસ્કની છે. કોરોનાની લડાઈમાં સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્કથી ચહેરો ઢાંકી રાખવું કારગત નીવડે છે. માસ્ક હવે ધીરે-ધીરે આપણાં જીવનનું અભિન્ન અંગ બનતું જાય છે. કોરોના સામેની લડાઈ લાંબી ચાલશે આ દરમિયાન લગ્ન પ્રસંગે જાનૈયા અને દુલ્હા-દુલ્હનને કોરોનાના સંક્રમણથી બચાવવા અને કાંઈક વેગળુ દેખાય એના માટે કલરફુલ ડિઝાઈનર માસ્ક શહેરમાં બનાવવાની શરૂવાત થઈ ગઈ છે. લ્રઝૅ મેટ્રો સખી સુરતના ચેરમેન રૂપલબેન શાહે જણાવ્યું હતું કે, આ માસ્ક પર લડકીવાલે અને લડકેવાલે શબ્દ લખેલી પ્લેટ લગાવેલી છે. જાનૈયાનું મંડપ ના પ્રવેશ દ્વાર પર સ્વાગત કરતી વેળા પાઘડીવાળા માસ્ક આપી શકાશે.



આ પ્રકારના માસ્કની ડિઝાઈન મિલી રીશાંક ઝવેરી દ્વારા તૈયાર કરવામાં આવી છે.રૂપલબેન શાહ કહે છે કે, આર્થિક રીતે સામાન્ય વર્ગના પરિવારમાં લગ્ન પ્રસંગે રંગબેરંગી અને ડિઝાઈનર માસ્ક માંગશે તો તેમની પાસેથી આવા માસ્ક બનાવવાનો ખર્ચ નહીં લેવાય . પરંતુ માસ્ક માટેના અલગ-અલગ પ્રકારના અને અલગ-અલગ કલરના કાપડ જેમના ઘરે લગ્ન પ્રસંગ હશે તેમને જ આપવા પડશે. આર્થિક રીતે સધ્ધર પરિવાર પાસેથી માસ્કના કાપડ સહિત માસ્ક બનાવવાનો ખર્ચ લેવામાં આવશે.

રૂપલબેને જણાવ્યું કે, દુલ્હન અને વરરાજાના પરિવારવાળા અલગ તરી આવે તે માટે દુલ્હન પક્ષના લોકો માટે લડકીવાલે શબ્દ લખેલી પ્લેટ માસ્ક પર લગાવાશે. જયારે દુલ્હા પક્ષના માસ્ક માટે લડકેવાલે શબ્દ લખેલી પ્લેટ માસ્ક પર ચોંટાડાશે. મંડપના પ્રવેશ દ્વાર પર જેમનું સ્વાગત કરાશે તેમના માટે પાઘડીવાળા માસ્ક બનાવ્યા છે. લગ્ન પ્રસંગ માટેના માસ્ક રેશમી કાપડમાંથી બનાવેલા છે. દુલ્હન માટેના માસ્ક ખાસ કરીને રેશમી લાલ કલરના કાપડમાંથી બનાવ્યા છે. દુલ્હન માટેના આ માસ્ક પર મોતીની સેરથી માસ્ક ડેકોરેટિવ બનાવવામાં આવ્યા છે. જે ખૂબ જ આકર્ષક દેખાય છે. દુલ્હા-દુલ્હનના પરિધાનને મેચ થાય તેવા કલરના માસ્ક બનાવી દેવામાં આવશે.


અમદાવાદના રામોલ વિસ્તારમાં લૂડો રમતા એક યુવક પર કરાયો છરીથી હુમલો

છોટા ઉદેપુર

શહેરમાં ક્રાઇમ કરવો સામાન્ય બાબત બની છે. નાનકડી અમથી વાતમાં હત્યા અને મારઝૂડ સહિતના બનાવો બનતા હોય છે. ત્યારે હવે રામોલ વિસ્તારથી એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. રામોલમાં લુડો ગેમ રમવાની નાનકડી બાબતને લઈને એક વ્યક્તિને છરીના ઘા મારવામાં આવ્યા. વાત વાતમાં ગુસ્સો કરવો એ જાણે શહેરીજનોની આદત બની ગઈ છે. અને આ જ ગુસ્સો તેમને ક્રાઇમ કરવા દોરે છે. આવો જ બનાવ બન્યો શહેરના રામોલ વિસ્તારમાં, જ્યાં રામોલમાં આવેલ વેલકમ હોટલ પાસે રાત્રે ટોળું વળીને હોમગાર્ડમાં ફરજ બજાવતો નિલેશ અને તેના ૪ જેટલા મિત્રો લુડો ગેમ રમી રહ્યા હતા. જ્યાં આ અવાજ બહુ થતો હોવાથી ત્યાંજ બેસેલા શાહિદ ખાને નિલેશને 'તમે અહીંયા લુડો ગેમ રમો છો અને અવાજ કરો છો તમારે અહીંયા ગેમ નહીં રમવાની' તેમ કહેતા ઉશ્કેરાયેલા નિલેશ નામના આરોપીએ શાહિદ ખાનને છરીના ઘા માર્યા હતા. કદાચ, ગેમ ના રમેતો માણસ જીવન અને મોત વચ્ચે સંઘર્ષ ન કરતો હોત. પણ ગેમ રમવાની મનાઈ કરતા તેના બદલા સ્વરૂપ મારેલ છરીના ઘાથી શાહિદનું મોત પણ થઈ શકે. માટે આ ઘટના પરથી સાબિત એ થાય છે કે માણસને યંત્ર અને યંત્રમાં આવતી રમતો માણસના જીવ કરતા વધારે મહત્વ ની છો શાહિદ પર કરેલ હુમલામાં અન્ય લોકો વચ્ચે પડતા તેનો જીવ બચી ગયો અને આરોપી નિલેશ ભાગી ગયો હતો. જો કે, પોલીસે તેને દબોચી દીધો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કેવડિયા આદિવાસી જમીન મામલો ગરમાયો

SOU વિસ્તાર હાઈ એલર્ટ, વ્યારા અને વાંસદાનાં સાંસદોને કરાયા ડિટેઈન



નર્મદા

નર્મદાનાં કેવડિયામાં છેલ્લા ઘણા સમયથી જમીન અધિગ્રહણ મામલો. જમીન અધિગ્રહણ મુદ્દે વિરોધ પર ઉતરેલા આદિવાસીઓના સમર્થનમાં હવે અન્ય આદિવાસીઓ અને ધારાસભ્યો પણ જોડાયા છે. ત્યારે વ્યારાના ધારાસભ્ય પુનાજી ગામીત અને વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં આદિવાસી ગામોમાંથી લોકો કેવડિયા જવા રવાના થયા હતા. જો કે તાપી પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી છે. પુનાજી ગામિત, અનંત પટેલ તેમજ અન્ય આદિવાસી આગેવાનોની વ્યારામાં અટકાયત કરવામાં આવી છે.

કેવડીયામાં આદિવાસી આગેવાનો દ્વારા વિરોધ કરી રહેલા આદિવાસીઓને મળવા આવવાની જાહેરાતને પગલે નર્મદા બંધ તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કેવડિયા જતા તમામ માર્ગો પર બહોળી સંખ્યામાં પોલીસનો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે.કેવડિયામાં જમીન સંપાદન મુદ્દે વિરોધ કરી રહેલા લોકો સાથે આગેવાનોની મુલાકાત બાદ વધુ વિવાદ ન વકરે તે માટે તમામ રસ્તાઓ પર પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે.

સુરતના ભેસ્તાન નજીક બે યુવાનો પર હિંસક હુમલો, એકનું મોત, એકની હાલત ગંભીર

સુરત

શહેરના ભેસ્તાન વિસ્તાર નજીક બે યુવાનો પર હિંસક હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં એક યુવકનું મોત નીપજ્યું છે. જ્યારે એક યુવકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા પોલીસે તપાસ હાથ ધરી છે. સચિન અને એજણ વિસ્તારમાં રહેતા સંગમ પંડિત(૨૪) અને રોહન ઉર્ફે સુજીત સિંગ (૩.વ.૨૮) પર રાત્રે હિંસક હુમલો થયો હતો. રાત્રે કોઈ અજાણ્યાએ રાજુ ભરવાડ બોલું છું રોહન અને સંગમને મારીને ફેંકી દીધા છે એવો ફોન કરતા પરિવાર દોડતું થયું હતું. ત્યારબાદ બંનેને ગંભીર હાલતમાં સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં સંગમનું મોત થયું છે. જ્યારે રોહનના બંને પગ તૂટી જતા હાલત ગંભીર છે. પરિવારે જણાવ્યું હતું કે, બંનેન ગંભીર રીતે માર મારવામાં આવ્યો છે અને બંનેના મોબાઈલ અને રોકડ રૂપિયા પણ ગાયબ છે. ઘટનાની જાણ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જેમાં સંગમનું મોત થયું છે.

સ્વર્ણિમ સંકુલમાં મંત્રીની ઓફિસ અને સચિવાલયમાં કોરોના ચેકીંગ થશે, સેનેટઈઝિંગ પુરજોશમાં

આજથી તમામ સરકારી કચેરીઓમાં ૧૦૦ ટકા હાજરી સાથે કામકાજ કરાશે શરૂ

અમદાવાદ

સચિવાલય અને ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ ૧-૨માં તથા અન્ય તમામ સરકારી કચેરીઓમાં ૧૦૦ ટકા હાજરી સાથે સોમવારથી કામકાજ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ત્યારે મંત્રીઓની ઓફીસથી માંડીને સચિવાલયને કોરોનામુક્ત રાખવા માટે અલગ અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

અત્યાર સુધી મુખ્યમંત્રી પોતાના નિવાસસ્થાનેથી જ રાજ્યનું સંચાલન કરતા હતા તેઓ પણ સ્વર્ણિમ સંકુલ-૧માં સીએમઓ આવી જશે અને અન્ય મંત્રીઓ પણ તેમની કેબીન સંભાળી લેશે. હાલ ગાંધીનગરમાં મંત્રીઓના કેબીનને વાઈરસ મુક્ત કરવા માટે સેનીટાઈઝનું કામકાજ શરૂ કરી દેવામાં આવ્યું છે. સચિવાલય અને મંત્રીઓ ને મળવા માટે મુલાકાતીઓને પ્રવેશ અપાશે પરંતુ તેમાં કોરોના ચેકીંગ એટલે કે સ્વર્ણિમ સંકુલ સહિત સચિવાલય સહિતની તમામ કચેરીઓમાં પ્રવેશદ્વાર પાસે થર્મલ ગન સાથે કર્મચારીઓ હશે. તેમાં કોરોનાના જરાપણ લક્ષણ ધરાવતા હશે તેને પ્રવેશ અપાશે નહીં.

સૌથી મોટી સરકારી કચેરીઓમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવીને વ્યવસ્થા કરવાની છે જે માટે દરેક વિભાગના અધિકારીઓને ચોક્કસ પ્લાન બનાવવા માટેની સૂચના આપવામાં આવી છે, જો કે હાલ અમદાવાદના કન્ટનમેન્ટ એરીયામાં જે લોકો રહે છે અને ગાંધીનગરમાં કામ કરે છે તેઓને ફરજ પર નહીં આવવા નો આદેશ પણ આપવા માં આવ્યો છે, જેથી કોરોના ફેલાય નહીં.

ઓડ ઈવન સિસ્ટમ અને બે શિફ્ટમાં ખુલી શકે છે શાળાઓ

શાળાઓ ચાલુ થયા પછી દરેક શિફ્ટ બાદ ક્લાસરૂમ સેનિટાઈઝ કરાશે

ગુજરાતની એક પણ શાળાઓમાં ફી નહીં વધે, વાલીઓને EMI નો વિકલ્પ મળશે



સુરત

શહેરની ૧૬૪૩ શાળાઓમાં ૭.૬૫ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. લોકડાઉન-૪ બાદ ૮ જૂનથી ધાર્મિક સ્થળો, શોપિંગ મોલ વગેરેને ખોલવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. જોકે શાળાઓ અને કોલેજોને ખોલવાનો નિર્ણય રાજ્ય સરકારો પર છોડી દીધો છે. બીજી બાજુ શાળા સંચાલકોએ પણ વિદ્યાર્થીઓ અને સ્ટાફની સુરક્ષા માટે નવા નિયમો અને ગાઈડલાઈન લાવી રહ્યાં છે. એટલે કે બાળકોએ હવે ચોપડાની સાથે સેનિટાઈઝર, માસ્ક અને ગ્લોવ્ઝ પણ સાથે રાખવા પડશે. જોકે રાહતની વાત છે કે ચાલુ વર્ષે ગુજરાતની એક પણ શાળાઓમાં ફી વધારો નહીં કરાશે.

શાળા શરૂ થતા પહેલા વાલીઓ અને વિદ્યાર્થીઓને સાવચેતીનાં દરેક પગલાં ઓનલાઈન સમજાવાશે. બાળકોએ ફરજિયાત ઘરેથી જ નાસ્તો અને પાણીની બોટલ લાવવી પડશે, શાળાના દરેક ક્લાસ માટે રીસેસનો સમય અલગ રહેશે. શનિવારે શાળા હાફ ડેના બદલે ફુલ ડે ચાલશે, રજાઓ ઓછી કરાશે. શાળા શરૂ થતાની સાથે ઓનલાઈન કલાસમાં કરાવેલ અભ્યાસનું પહેલા પુનરાવર્તન કરાવાશે .વિદ્યાર્થીઓએ મર્યાદિત પુસ્તકો અને સ્ટેશનરી લાવવાના રહેશે.જે વિદ્યાર્થીઓ મેડિકલ ફીટ નહિ હશે તેમને ઓનલાઈન ભણાવવામાં આવશે.

શાળાઓમાં ફી વધારો નહીં કરાશે, ફીમાં ઈઁસિસ્ટમ લાગૂ કરાશે.એન્ટ્રી ગેટ પર થર્મલ સેનિટાઈઝર ટનલ અને થર્મલ સ્કીનીંગ કર્યા બાદ જ સ્ટાફ અને વિદ્યાર્થીઓને એન્ટ્રી અપાશે. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ બે લેયર વાળા માસ્ક અને ૨ જોડી ગ્લોવ્ઝ સાથે રાખવાના રહેશે શાળાઓને બે શિફ્ટમાં શરૂ કરાશેશાળાઓમાં સામૂહિક પ્રાર્થના બંધ કરાશે. શાળાઓમાં એકી-બેકી પધ્ધતિ શરૂ કરાશે, ધોરણ પ્રમાણે બેચ બનાવાશે. એક દિવસમાં માત્ર ૫૦% વિદ્યાર્થીઓને બોલાવાશે, એક બેન્ચ પર માત્ર ૨ વિદ્યાર્થીઓને બેસાડાશે.દરેક ક્લાસના વિદ્યાર્થીઓ માટે શાળાના સમયમાં ૧૦ મિનિટનું અંતર રખાશે.પ્લેગ્રાઉન્ડ બાળકો માટે બંધ રખાશે, ક્લાસમાં જ વિવિધ એક્ટિવીટી અને યોગા કરાવાશે. દિવસમાં ૨ વખત શાળાઓને સેનિટાઈઝ કરાશે.

બને ત્યાં સુધી દરેક વાલીઓએ જ પોતાના બાળકને શાળામાં મુકવા આવવાનું રહેશે., બસની શાળા હોય તો તેમાં તેને દરેક શિફ્ટ પછી સેનિટાઈઝ કરવામાં આવશે, બસની એક સીટ પર એક જ વિદ્યાર્થી બેસી શકશે, વિદ્યાર્થીઓએ બસમાં પણ ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે.બસમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે માટે એક શિક્ષક સાથે રહેશે. વાન કે રિક્ષામાં સોશિયલ ડિસ્ટન્સનો અમલ વાલીઓએ કરાવવાનો રહેશે.

વાપીમાં પ્લાયવુડ કંપનીમાં ભીષણ આગ, લાખોની પ્લાય બળીને ખાખ

વાપી

શનિવારે રાત્રે ૯:૪૫ વાગ્યા આસપાસ તલવાડાની લક્કી પ્લાય એન્ડ લેમીનેટ્સ કંપનીમાં ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. આગમાં લાખો રૂપિયાની પ્લાય બળીને ખાખ થઈ હતી. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના તલવાડા ગામ ખાતે નેશનલ હાઈવે નજીક આ કંપનીમાં આગની ઘટનાથી અફરા તફરી મચી હતી. વાપીમાં પ્લાયવુડ કંપનીમાં ભીષણ આગવલસાડ જિલ્લાના ભિલાડ અને તલવાડા વિસ્તારમાં આવેલી પ્લાયવુડ કંપનીમાં આગની ઘટના બની હતી. આગને બુઝાવવા ઉમરગામ, સરીગામ, વાપીથી ફાયર ફાયટરોને બોલાવવામાં આવ્યા હતા. આગની વિકરાળ જવાળાને કાબુમાં લેવા માટે મોડી રાત સુધી પ્રયાસો ચાલુ રાખવામાં આવ્યાં હતાં. મોટી મથામણ બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

આગની ઘટનામાં આગની જવાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી નજરે પડતા હોવાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો.મળતી માહિતી મુજબ કંપનીમાં લોકડાઉન દરમિયાન મોટા પ્રમાણમાં પ્લાયનો તૈયાર જથ્થો અને કાચું રોમટિરિયલ હતું. જેમાં અગમ્ય કારણોસર આગ લાગતા આખી કંપની ભડભડ સળગી ઉઠી હતી. આગની વિકરાળ જવાળાને કારણે આસપાસના લોકોમાં ગભરાટનો માહોલ ફેલાયો હતો.પ્લાયની કંપની ટાઈમેક્સ ડોર અને ટાઈમેક્સ પ્લાયવુડ નામે પ્લાય બનાવે છે. અગમ્ય કારણો સર લાગેલી આગની ઘટના અંગે સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ કંપની સંચાલકોએ કંપનીમાં કામ કરતા પ્રવાસી કામદારોને વતન મોકલવામાં આનાકાની કરી હોય તે અંગેનો ખાર રાખી કંપનીના જ કોઈ કામદારે આ આગ લગાડી હોવાનું પ્રાથમિક તારણ છે.જોકે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી પરંતુ લોખોની પ્લાય બળીને ખાખ થઈ છે.

આખરે તીડને આગળ વધતા અટકાવવાનો શોધાયો માર્ગ સંપૂર્ણપણે થશે નાબૂદ

અમદાવાદ

તીડના રાક્ષસી ટોળાઓએ અત્યાર સુધીમાં ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ઘણાં જીલ્લાઓમાં વિનાશ ફેલાવ્યો છે. કૃષિ પાકનો સફાયો કરી નાંખ્યો છે. જુલાઈમાં ચોમાસાના પવન સાથે ફરી પરત ફરવાની સંભાવના છે.

હવે કોટામાં પણ તીડ પાર્ટીનો ફાટી નીકળ્યો છે. કોટાના દાદાબાદી, રાવતભાતા રોડ, વલ્લભનગર, એરોડ્રમ સર્કલ, નયપુરા, ઉપર ઘાસની લૂંટના સમાચાર આવ્યા છે. ખડમાકડી સરહદ પારથી આવી રહી છે. કૃષિ વિભાગના જણાવ્યા મુજબ તીડનો ફેલાવો વધી રહ્યો છે. ખેતરોમાં ટ્રેક્ટર અગ્નિશામકો, ડ્રોન જંતુનાશક દવા છંટકાવ કરી રહ્યા છે. તીડોને મારવા માટે લગભગ ૫૦ લિટર જંતુનાશક દવા છાંટવામાં આવી છે, પરંતુ તે તીડ્સ નાબૂદ કરવા માટે અપૂરતી છે. રાજયમાં ચોમાસાના આગમન પહેલાં ખડમાકડી ઈંડાને સંપૂર્ણપણે નાબૂદ કરવા જરૂરી છે, નહીં તો આ સમસ્યા મોટું સ્વરૂપ લઈ શકે છે કારણ કે ચોમાસા પછી ખેડૂત ખેતરોમાં પાકની વાવણી શરૂ કરે છે. આવી

સ્ટેચ્યુ ઓફ યુનિટી ૬ ગામ વિરોધ બાબતે હાઈ એલર્ટ : સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયો

૬ ગામ વિરોધ આદિવાસીઓની કેવડિયા કુચ મામલે વાતાવરણ તંગ : મહિલાઓ રસ્તા ઉપર, અનેક આગેવનો ડિટેન,કેવડિયા જતા માર્ગ પર મોટી સંખ્યામાં પોલિસ ખડકી દેવાઈ



કોંગ્રેસના ગુજરાત પ્રદેશના મહામંત્રી, ઈન્ડિજિનસ આર્મી ઓફ ઈન્ડિયાના સ્થાપક સહિત અનેક આગેવાનો ડિટેન, આદિવાસી મહિલાઓ રસ્તા પર ઉતરી પડતા મામલો ગરમાયો

રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના ૬ ગામોમાં તાર-ફેન્સીંગ મામલે સ્થાનિક આદિવાસીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થઈ રહ્યું હોય ૩૦મી મેં ના રોજ ગુજરાત કોંગ્રેસના ૮ જેવા આદિવાસી ધારાસભ્યો અને કોંગ્રેસ સંગઠનના આદિવાસી હોદ્દેદારોને ૬ ગામના આદિવાસી ઓને મળવા મામલે પોલીસે અટકાવતા મામલો ગરમાયો હતો. આ તમામ ધારાસભ્યો અને કોંગ્રેસ ના હોદ્દેદારોએ રસ્તા પર બેસી પોલીસની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. આ ઘટનાનો રાજ્યમાં પડઘો પડ્યો હતો.

ત્યારે બીજી બાજુ આદિવાસીઓના આ આંદોલનને પગલે નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને હાઈ એલર્ટ કરી દેવાયા નું પણ જાણવા મળ્યું છે.આ ઘટના બાદ પણ કોંગ્રેસી ધારાસભ્યોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના ૬ ગામના આદિવાસીઓને મળી વિરોધ કરવાની ચીમકી આપી હતી.જેને પગલે ૩૧મી મેં ના રોજ નર્મદા જિલ્લામાં એન્ટ્રી પોઈન્ટ પર પોલીસ કાફલો ખડકી દેવાયો હતો, જિલ્લાના તમામ એન્ટ્રી પોઈન્ટ પર પોલીસ દ્વારા દરેક વાહનોનું ચેકિંગ હાથ ધરાયુ હતું.તો બીજી તરફ નર્મદા પોલીસે સંભવિત વિરોધને પગલે રાજપીપળા નજીકની જીતનગર ચોકડી પરથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાને અને ઈન્ડિજિનસ આર્મી ઓફ ઈન્ડિયાના સ્થાપક ડો.પ્રફુલ્લ વસાવા સહિત અનેક કોંગી આગેવાનો ને પોલીસે ડિટેઈન કર્યા હોવાનું જાણવા મળ્યું હતું.આ સિવાય કેવડિયા વિરોધ માટે આવવા નીકળેલા ચીખલીના કોંગ્રેસ ધારાસભ્ય અનંત પટેલ સહિત એમના સમર્થકોને વ્યારા વિસ્તારમાં પોલીસ દ્વારા ડિટેઈન કરાયા હોવાનું પણ જાણવા મળ્યું છે.ત્યારે બીજી તરફ કેવડિયા વિસ્તારમાં મોટી સંખ્યામાં આદીવાસી મહિલાઓ રસ્તા પર ઉતરી પડતા મામલો ગરમાયો હતો.રસ્તા પર ઉતરી પડેલી મહિલાઓએ નારા લગાવતા વાતાવરણ ગરમાયું હતું.

નર્મદા જિલ્લાની કોવીડ હોસ્પિટલ ખાતેથી ૨ દર્દીઓ સાજા થતા રજા અપાઈ: જિલ્લામાં ૩ દર્દી હજુ સારવાર હેઠળ



તસવીર : ભરત શાહ

રાજપીપળા

નર્મદા જિલ્લામાં નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ના સંક્રમણ બાદ રાજપીપળા ની આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં રાજપીપળા શહેરના દરબાર રોડ વિસ્તારનાં ૪૮ વર્ષિય દિપકભાઈ બી.રાવલ અને નાંદોદ તાલુકાના મયાસી ગામના ૧૦ વર્ષિય સાગર વસાવા કોરોના સામેનો જંગ જીતી જતાં આજે સવારે તેમને હોસ્પિટલ માંથી રજા અપાઈ હતી, ત્યારે સાજા થઈને પોતાના ઘરે જઈ રહેલાં આ દરદીઓને મેડીકલ સ્ટાફે શુભેચ્છાઓ પાઠવી હતી.

સિવીલ સર્જન ડૉ.જ્યોતિ ગુપ્તાએ માહિતી આપતા જણાવ્યું કે રાજપીપળા આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવીડ હોસ્પિટલમાં જિલ્લામાં આજદિન સુધી નોંધાયેલા કુલ-૧૮ પોઝિટીવ કેસો પૈકી આજે ૨ દરદી સાજા થતાં અત્યાર સુધી કુલ-૧૫ દરદીઓને રજા આપવામાં આવી છે.હાલ નર્મદા જિલ્લામાં ૩ એક્ટીવ દર્દી રાજપીપળા કોવીડ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે.સરકારની નવી ગાઈડલાઈન મુજબ ૧૦ દિવસમાં પેશન્ટને કોઈ તકલીફ ન હોઈ કે ટેસ્ટ કરવાની જરૂર ન જણાય તો રજા આપી શકાય છે તેથી આ બન્ને દરદીઓને રજા અપાઈ છે આ બંને દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ હોવાનું તેમણે જણાવ્યું હતું.

નેશનલ હાઈવે ઉપર માંચ ગામના પાટીયા પાસે

શેરડીના ખેતરમાંથી પાંચ જુગારીઓને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરુચ

રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક ભરૂચનાઓએ હાલમાં પ્રોહી જુગાર ડ્રાઈવ અંતર્ગત ડ્રાઈવનો અસરકારક અમલ કરવા તથા જીલ્લામાં પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા આપેલ સુચના મુજબ જીલ્લામાં પ્રોહી જુગારીની બદીઓ ડામવા પો.સ.ઈ. કક્ષાના અધિકારીઓની અલગ અલગ ટીમનું ગઠન કરવામાં આવેલ તે પૈકી પો.સ.ઈ. પી.એસ.બરંડા તથા પો. સ. ઈ. એ. એસ. ચૌહાણ ની ટીમ રાત્રે પ્રોહી જુગાર અંગે પેટ્રોલીગમાં હતી દરમ્યાન મળેલ બાતમી આધારે નેશનલ હાઈવે ઉપર બરોડા થી ભરૂચ આવતા ટ્રેક ઉપર માંય ગામના પાટીયા પાસે આવેલ આનંદ હોટલના પાછળના ભાગે શેરડીના ખેતરમાં જાહેરમાંથી જુગાર રમતા પાચ જુગારીઓને જુગારના રોકડા રૂપીયા તથા જુગારના સાધનો સાથે કુલ મુદામાલ કિંમત રૂા.૧,૨૫,૪૫૦ /- સાથે ઝડપી પાડી



કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ સારૂ નબીપુર પો.સ્ટે.માં સોપવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :- (૧) અહમદ અલીભાઇ પટેલ રહે. આછોદ વાંટા ફળીયા તા.આમોદ જી.ભરૂચ(૨) ઈબ્રાહીમ ઉમરજીભાઇ મન્સુરી રહે. અડોલ પટેલ ફળીયુ તા.જી.ભરૂચ(૩) ઇકરામ ઇબ્રાહીમભાઇ પટેલ રહે. અડોલ પટેલ ફળીયુ તા.જી.ભરૂચ(૪) દીલાવર મીરસાબ ખોખર રહે.કંસા સગર ટાંકી ફળીયુ તા.જંબુસર જી.ભરૂચ(૫) ઇમરાન મહેમુદ પટેલ રહે. માંય નવી વસાહત તા.જી.ભરૂચ

કબ્જે કરેલ મુદામાલ:- (૧) રોકડા રૂપીયા ૧૩,૯૫૦ /- (૨) એકટીવા GJ 16 cR 0638 કિંમત રૂપીયા ૨૫,૦૦૦/- (૩) બજાજ સીટીdoo GJ 16 AB 3350 કિંમત રૂપીયા ૧૭,૦૦૦/- (૪) પેશન પ્રો GJ 16 BA 1067 કિંમત રૂપીયા ૩૫,૦૦૦/- (૫) બજાજ પ્લેટીના GJ 16 CL 8281 કિંમત રૂપીયા ૨૮,૦૦૦/- (૬) મોબાઇલ નંગ-૪ કિ.રૂ.૬૫૦૦/-મળી કુલ મુદામાલ રૂા.૧,૨૫,૪૫૦ /-

ખનીજ માફિયા બેફામ : નર્મદા ખાણ ખનીજ વિભાગે ઓવરલોડ રેતી ભરેલી પકડેલી ટ્રકની પણ ચોરી થતા અનેક સવાલ

એક તરફ ખનીજ માફિયાઓ નું નર્મદા માં જોર વધે છે ત્યારે બીજી તરફ પકડેલી હાઈવા ટ્રક ની પણ જો ચોરી થતી હોય તો તંત્ર ની કામગીરી પર અનેક સવાલ

રાજપીપળા


તસવીર : ભરત શાહ

નર્મદા જિલ્લામાં ખનીજ માફિયા પ્રકરણ વારંવાર પ્રકાશ માં આવ્યું છે ત્યારે તેમાં તંત્ર ના કેટલાક ભ્રષ્ટ અધિકારી કે કર્મચારીઓ ની મિલીભગત ના કારણે પણ ખનીજ માફિયાઓ બેફામ બન્યા હોવાની વાત પણ વારંવાર સામે આવીજ છે ત્યારે સુરત પારસિંગ ની ગે.કા. ઓવરલોડ રેતી ભરી જતી હાઈવા ટ્રક ને ખાણ ખનીજ વિભાગે સીઝ કરી હતી તેની પણ અજાણ્યા વ્યક્તિઓ ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ થતા તંત્ર ની કામગીરી ઉપર અનેક સવાલ ઉઠી રહયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા ખાણ ખનીજ વિભાગના સર્વેયર તથા માઇન સુપરવાઇઝર (ઈન્ચાર્જ) રાજીવકુમાર રામાભાઈ રાઠોડ ની ફરિયાદ મુજબ તેમણે ગેર કાયદેસર અને ઓવરલોડ રેતી ભરેલી હાઈવા ટ્રક નં ય્ત્ન ૦૫.મ્ઠ ૭૮૪ ને પકડી સીઝ કરી ગરૂડેશ્વર ખાતેની રૂત્વીક કંપનીના કંપાઉન્ડમાં મુકી હતી ત્યારબાદ આ હાઇવા ટ્રક કોઈ અજાણ્યા વ્યક્તિઓ રેતી સહીત જાણ કર્યા વિના અંદાજે ૧૩,૧૩,૯૦૦/- ની ટ્રક ચોરી કરી લઇ જતા આ બાબતે રાજીવકુમાર રાઠોડે ગરુડેશ્વર પો.સ્ટે.માં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઈંગ્લીશ દારૂ તથા બીયરનો પ્રોહી મુદામાલનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી નેત્રંગ પોલીસ

નેત્રંગ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા અને નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ , અંક્લેશ્વર વિભાગ નાઓ તરફથી જીલ્લામાં પ્રોહી. જુગારની અસામાજીક પ્રવૃત્તિ ચલાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અંગેની સુચના આધારે પ્રયત્ન શીલ હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે પો. સ. ઇ. બી. એસ.ગામીત તથા સ્ટાફના માણસોએ નવાનગર ગામે નવી વસાહત નજીક ખુલ્લી જગ્યામાં આવેલ ઝાડી ઝાંખરામાં આરોપી વાસુદેવ જશુભાઈ વસાવા, રહે. નવી વસાહત, નવા નગર, તા.વાલીયા , જી.ભરૂચનાએ સંતાડી રાખેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો કુલ નંગ-૨૭૯-રૂ, કી. રૂ.૪૫,૬૦૦/- નો પ્રોહી મુદ્દામાલ શોધી કાઢેલ છે. અને આ મુદામાલ.મંગાવી સંતાડી રાખનાર આરોપી વાસુદેવ જશુભાઈ વસાવા, રહે. નવી વસાહત, નવા નગર, તા. વાલીયા , જી.ભરૂચ નાઓની શોધખોળ કરી અટક કરવા અંગેની તજવીજ ચાલુ છે.

ભરૂચ જિલ્લામાં કોરોનાના વધુ બે કેસ નોંધાતા કુલ સંખ્યા ૪૦ થઈ

ભરૂચ

શહેર અને જિલ્લામાં કોરોનાનું સ્થાનિક સંક્રમણ ઘટ્યા બાદ હવે બહારથી આવેલા લોકોમાં સંક્રમણ વધી રહ્યુ છે. ત્યારે જીલ્લામાં કોરોનાના બે નવા પોઝિટિવ કેસ નોધાયા છે. વાલિયા રૂપનગરમાં એસઆરપી કેમ્પના બે જવાનો કોરોનાનો શિકાર બન્યા છે. જેમાં ૨૫ વર્ષીય સાગર પ્રજાપતિ અને ૨૭ વર્ષીય નાનજી ચૌધરી બંન્ને અમદાવાદ ખાતે ફરજ બજાવી ૨૧મી મેના રોજ પરત ફર્યા હતા. તે દરમિયાન તેઓનું વાલિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ક્રિનીંગ કરી તેઓને હોમ કોરન્ટાઈન કરાયા હતા. ત્યાર બાદ ૨૯મેના રોજ તેઓમાં કોરોનાના લક્ષણ દેખાતા ગઈકાલે બન્નેના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં બંન્નેના કોરોના રિપોર્ટ પોઝિટિવ હોવાનું બહાર આવતા સારવાર અર્થે અંકલેશ્વરની સ્પેશ્યલ કોવીડ જયાબહેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, હવે જીલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪૦ પર પહોંચી છે. જે પૈકી ૩ દર્દીના મોત થયા છે. જ્યારે ૩૪ દર્દી સ્વસ્થ થતા તેઓને રજા આપવામાં આવી છે.

રાજકોટના જંગલેશ્વરની મહિલાને હેરોઈનનો જથ્થો આપનાર રાજસ્થાની શખ્સ ઝડપાયો

અમદાવાદ

રાજકોટના જંગલેશ્વરની નામચીન સલમા ઉર્ફે ચીનુડી બસીર સંધી સહિત ત્રણને પોલીસે અગાઉ હેરોઈનના જથ્થા સાથે ઝડપી લીધા હતા. સલમાને હેરોઈનનો જથ્થો રાજસ્થાનના સૂરપૂર ગામનો ભેરૈયા ગૌતમ મીણા આપી ગયાનું ખુલ્યું હતું. આથી જીંઘ્ની ટીમે ભેરૈયા મીણાને રાજસ્થાનથી ઝડપી લઇ રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે.

શહેરમાં અગાઉ અનેક વખત માદક પદાર્થ પકડાઇ ચૂક્યો છે. ૩૦ એપ્રિલના રોજ વધુ એક વખત ભક્તિનગર પોલીસને સફળતા મળી હતી. કોઠારીયા રોડ સ્વીમિંગ પુલ પાછળ માસ્તર સોસાયટીના રસ્તા પરથી રૂખડીયાપરાના પઠાણ દંપતીને એક્ટીવા પર રૂ. ૩.૩ લાખના હેરોઇન સાથે પકડી લઇ પોલીસે પૂછતાછ કરતાં આ બંનેએ પોતે જંગલેશ્વરની સલમા ઉર્ફ ચીનુડી મારફત આ માદક પદાર્થ મેળવ્યાની કબૂલાત આપતાં અને ભુરો નામનો છોકરો આ પદાર્થ આપી ગયાનું કબૂલતા બંનેની ધરપકડ કરી લીધી હતી. સલમા સહિત ત્રણ આરોપીને જયુડીશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

પાણી ભરવા ગયેલી યુવતીને એક યુવકે જબરદસ્તી કર્યું દુષ્કર્મ

છોટા ઉદેપુર

બોડેલી તાલુકાના ગાજીપુરા ગામે પાણી ભરવા ગયેલી ૧૫ વર્ષની કિશોરી પર ગામના જ એક શખસે દુષ્કર્મ આચર્યું હતું. બાળકીએ સ્વબચાવ માટે બુમરાણ મચાવવા જતા તેણીનું મોઢું દબાવી દુષ્કર્મ ગુજાર્યો હતો. બોડેલી પોલીસે ફિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. તા.૨૭/૦૫/૨૦૨૦ના સાંજના સાડા છ વાગ્યાના સુમારે બોડેલી તાલુકાના એક ગામમાં સીમાડે આવેલ કોતરમાં એક સગીરા તેની પિતરાઈ બહેન સાથે ઘર માટે પીવાનું પાણી ભરવા ગઈ હતી ત્યારબાદ થોડાક સમય માં સગીરા સાથે ગયેલ પિતરાઈ બહેન ઘરે આવેલ અને સગીરા ની માતા વાત કરેલ કે અમો કોતરમાં પાણી ભરતી હતી તે સમયે હિતેશભાઈ મનોજભાઈ બારીયા નાઓ આવેલ અને સગીરાને પકડી તેની સાથે ખેંચતાણ કરતો હોવાથી સગીરા ની પિતરાઈ બહેનો ગભરાઈ ઘરે આવતી રહી છે. તેવુ કહેતા સગીરાની માતા અને તેના કાકા સાથે કોતરમાં જઈ તપાસ કરતાં સગીરા કોતરમાં ઝાડીઓમાં પડેલ હતી તેને શરીરે જોતાં કપડાં ફાટેલા હતા ગભરાયેલ હતી. સગીરા ને પૂછતાં જણાવેલ કે અમો પાણી ભરતી હતી તે સમયે હિતેશભાઈ મનોજભાઈ બારીયા નાઓ આવેલ અને તે મને પકડી લીધેલ અને મને ખેચતાણ કરવા લાગેલ અને કોતરની બાજુ આવેલ ઝાડીમાં ઘસડી લઈ જઈ મારી સાથે બળજબરી થી બદકામ બળાત્કાર કરેલ છે. સગીરા ને ધમકી આપેલ કે જો તુ આ બનાવની જાણ તારા ઘરના માણસોને કે બીજા કોઈને કે પોલીસ સ્ટેશનમાં કરીશ તો તને તથા તારા ઘરના માણસોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ભાગી ગયેલ છે. સગીરા ની માતાએ પોલીસ મથકે યુવાન વિરુદ્ધ ફિયાદ નોંધાવતા પોલીસ આરોપી ધરપકડ ચક્રો ગતિમાન કર્યા છે.